પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૨-૦૧-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૩૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

## અમેરિકાની સંસદમાં અમદાવાદ વિમાન દુર્ઘટનાનો રીપોર્ટ રજૂ કરાયો

# દુર્ઘટના પૂર્વે વિમાન અનેક વાર ખરાબ થઇ ચૂકયું હતું

## ઈલેક્ટ્રોનિક સોફ્ટવેર, ખરાબ વાયરીંગ, વીજ પુરવઠામાં ઘટ જેવી અનેક સમસ્યાઓનો દુર્ઘટનાગ્રસ્ત વિમાને સામનો કર્યો હતો

નવી દિલ્હી, તા. ૨૨

અમદાવાદમાં ૧૨ જુન ૨૦૨૫ના રોજ એર ઇન્ડિયાનું બોઈંગ વિમાન ક્રેશ થયું હતું. જેમાં સેંકડો લોકો માર્યા ગયા હતા. આ પ્લેન ક્રેશને લઇને અમેરિકાના એવિએશન સેફટી કેમ્પેન ગ્રુપે અમેરિકાની સંસદમાં રિપોર્ટમાં સનસનીખેજ દાવો કર્યો છે કે દુર્ઘટના પહેલા વિમાન અનેકવાર ખરાબ થઈ ચૂક્યું હતું.

તેની એન્જિનિયરીંગ ગુણવત્તા અને મેન્ટેનન્સમાં ઘણી ખામીઓ આવી રહી હતી. પ્લેનમાં ઈલેક્ટ્રોનિક સોફટવેર, સર્કીટ બ્રેકરોનું વારંવાર ટ્રિપ થઇ જવું, ખરાબ વાયરીંગ શોર્ટ સર્કિટ, વીજળીના પુરવઠામાં ઘટ, પાવર સિસ્ટમ ગરમ થઇ જવી જેવી અનેક સમસ્યાનો રિપોર્ટ અગાઉ થઇ ચૂક્યો હતો.

ગુજરાતના અમદાવાદમાં ૧૨ જૂન ૨૦૨૫ના રોજ થયેલી ભયાનક એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના મહિનાઓ બાદ, અમેરિકાના એક એવિએશન સેફ્ટી ગ્રુપે દુર્ઘટનાના સંભવિત કારણો અંગે એક સનસનીખેજ રિપોર્ટ રજૂ કર્યો છે.

ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી (FAS) નામના આ જૂથે દાવો કર્યો છે કે દુર્ઘટનાગ્રસ્ત થયેલું બોઈંગ ૭૮૭ વિમાન ક્રેશ થતાં પહેલાં પણ ઘણી વખત ગંભીર ટેકનિકલ ખામીઓનો સામનો કરી ચૂક્યું હતું.

ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી (FAS) એ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ અમેરિકન સંસદમાં એક રિપોર્ટ જમા કરાવ્યો છે. અહેવાલ મુજબ, FASએ પોતાની તપાસમાં શોધી કાઢ્યું કે એર ઈન્ડિયાનો હિસ્સો બન્યા બાદથી જ આ વિમાનમાં સતત ટેકનિકલ ખામીઓ આવી રહી હતી.

FASનો દાવો છે કે વિમાનમાં એન્જિનિયરિંગ, ગુણવત્તા અને જાળવણીમાં નોંધપાત્ર ખામીઓ હતી. રિપોર્ટમાં ઈલેક્ટ્રોનિક, સોફ્ટવેર, વારંવાર સર્કિટ બ્રેકર્સનું ટ્રીપ થવું, ખરાબ વાયરિંગ, શોર્ટ સર્કિટ, વીજળી પુરવઠામાં ઘટાડો અને પાવર સિસ્ટમ ગરમ થવા જેવી અનેક સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

FASના આ ગંભીર દાવાઓ પર બોઈંગે પ્રતિક્રિયા આપી છે. બોઈંગના પ્રવક્તાએ જણાવ્યું કે, "અમે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના પ્રોટોકોલનું પાલન કરીએ છીએ. ભારતમાં થયેલી વિમાન દુર્ઘટનામાં AAIB (વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો)નો જે પણ નિર્ણય હશે, અમે તેનું પાલન કરીશું."

જોકે, એર ઈન્ડિયાએ આ સમગ્ર મામલે મૌન સેવ્યું છે. ઉલ્લેખનીય છે કે, AAIBએ પોતાના પ્રારંભિક રિપોર્ટમાં ફ્યુઅલ સ્વિચ બંધ થવાને કારણે પ્લેન ક્રેશ થયું હોવાના સંકેત આપ્યા હતા.

FASએ પોતાના રિપોર્ટમાં એવો પણ દાવો કર્યો છે કે બોઈંગ ૭૮૭ પ્રોગ્રામ તેના નિર્ધારિત સમય કરતાં ૩ વર્ષ પાછળ ચાલી રહ્યો છે અને તેનું બજેટ અબજો ડોલર વધી ગયું છે.

રિપોર્ટ મુજબ, ૨૦૦૦થી વધુ બોઈંગ ૭૮૭ વિમાનોમાં સિસ્ટમ ફેલિયરની ઘટનાઓ બની ચૂકી છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાન વિશે માહિતી આપતાં રિપોર્ટમાં કહેવાયું છે કે આ વિમાન ૨૦૧૧માં બનીને તૈયાર થયું હતું અને ૨૮ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ તેને એર ઈન્ડિયાને સોંપવામાં આવ્યું હતું.

# ચૂંટણી પંચને પણ અમર્યાદીત સત્તા નથી : સુપ્રીમ કોર્ટની ટકોર

### બંધારણે આપેલી સત્તાનો યોગ્ય-ન્યાયી ઉપયોગ જરૂરી છે : કોર્ટ

નવી દિલ્હી, તા. ૨૨

દેશના ગુજરાત સહિતના રાજયોમાં ચુંટણી પંચે શરુ કરેલી મતદાર યાદીની સ્પેશ્યલ-ઈન્ટેન્સીવ-રીવીઝન- 'સર' પ્રક્રિયા સતત રાજકીય અને કાનુની વિવાદમાં ફસાઈ રહી છે અને ચુંટણીપંચ તેની પાસે 'સર' સહિતના મુદે જે સતા હોવાની દલીલો સુપ્રીમ કોર્ટમાં કરી રહ્યું છે તેને આંચકો આપતા સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે લોકપ્રતિનિધિત્વ ધારા- ૧૯૫૦ની કલમ ૨૧(૩) હેઠળ પણ ચુંટણીપંચને અંકુશ વગરના ઘોડા જેવી અમર્યાદીત સતા નથી.દેશભરમાં જે રીતે ચુંટણીપંચની 'સર' કવાયતમાં લાખો-કરોડો નામ મતદાર યાદીમાંથી રદ થઈ રહ્યા છે અને વિપક્ષ તેને 'વોટ-ચોરી' પણ ગણાવી રહ્યા છે તે અંગેની એક સુનાવણીમાં ચીફ જસ્ટીસ સુર્યકાંતની ખંડપીઠ એ નિરિક્ષણ વ્યક્ત કર્યુ કે ચુંટણીપંચને બંધારણ હેઠળ વ્યાપક સતા છે પણ યોગ્ય અને ન્યાય રીતે ઉપયોગ થાય તે જરૂરી છે. પંચ આ સતાનો અમર્યાદીત રીતે ઉપયોગ કરી શકે નહી. ચુંટણીપંચ લોકપ્રતિનિધિત્વ ધારા હેઠળ જે 'સર'ની કામગીરી કરી રહી છે તેમાં તે યોગ્ય માને તે રીતે વર્તી શકે નહી.



સુપ્રીમકોર્ટની ખંડપીઠે ચુંટણીપંચના ધારાશી સમક્ષ અનેક અઘરા પ્રશ્નો કર્યા હતા. અનેક રાજકીય પક્ષો અને સ્વૈચ્છીક સંસ્થાઓએ કરેલી અરજીમાં 'સર'ની પ્રક્રિયામાં ચુંટણી પંચ મન ફાવે તે રીતે અર્થઘટન કરી રહ્યું હોવાની રીટ કરી છે.

અનુસંધાન પાના ૭ પર

# મહારાષ્ટ્રમાં ૨૯ કોર્પોરેશનમાં આજે મેયર પદ માટે ચૂંટણી

### ઉમેદવારોના નામાંકન બાદ લોટરી સિસ્ટમ દ્વારા મેયર ચૂંટાશે

નવી દિલ્હી, તા. ૨૨

મહારાષ્ટ્રના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં આજે લોટરી દ્વારા મેયરની ચૂંટણી થશે. આ પ્રક્રિયા ગુરુવારે સવારે મંત્રાલયના છઠ્ઠા માળે શહેરી વિકાસ રાજયમંત્રી માધુરી મિસાલની હાજરીમાં શરૂ થશે. રાજ્ય સરકારે આ માટેની તૈયારીઓ પણ પૂર્ણ કરી લીધી છે.

આ લોટરી દ્વારા નક્કી થશે કે મેયર પદ સામાન્ય, મહિલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે ઓબીસી શ્રેણીઓ માટે અનામત રહેશે કે નહીં. ત્યારબાદ તે કેટેગરીના ઉમેદવારો નામાંકન ભરશે.

એકનાથ શિંદેની શિવસેનાએ કલ્યાણ-ડોંબિવલી નગર નિગમમાં રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) સાથે ગઠબંધન કર્યું છે. ૫૩ બેઠકો ધરાવતી શિવસેનાને MNSના ૫ કોર્પોરેટરોનું સમર્થન મળ્યું છે.

MNS નેતા અને પૂર્વ ધારાસભ્ય રાજુ પાટીલે જણાવ્યું કે આ નિર્ણય પાર્ટી પ્રમુખ રાજ ઠાકરેની મંજુરીથી લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે નગર નિગમમાં સ્થિરતા જાળવી રાખવા અને કામકાજને સુચારુ રાખવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

શિવસેના સાંસદ અને કલ્યાણથી લોકસભા સભ્ય શ્રીકાંત શિંદેએ જણાવ્યું કે આ સમર્થન ફક્ત

અનુસંધાન પાના ૭ પર

# જગતગુરુ અવિમુક્તેશ્વરાનંદને પ્રયાગ વહીવટી તંત્રએ બીજી નોટિસ મોકલી

### માઘ મેળાની વ્યવસ્થા ખોરવાતા શકરાચાર્યને બેન કરી દેવાની ચેતવણી

નવી દિલ્હી, તા. ૨૨

પ્રયાગરાજમાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ અને માઘ મેળા પ્રશાસન વચ્ચે સંઘર્ષ વધી રહ્યો છે. ૪૮ કલાકની અંદર પ્રશાસને અવિમુક્તેશ્વરાનંદને બીજી નોટિસ મોકલી છે. તેમાં મૌની અમાસના દિવસે બેરિકેડ તોડવા અને બળજબરીથી ભીડમાં પાલખી ઘુસાડવા અંગે સવાલો કરવામાં આવ્યા છે. પૂછવામાં આવ્યું છે કે શા માટે તમને હંમેશા માટે માઘ મેળામાંથી પ્રતિબંધિત ન કરવામાં આવે.

અવિમુક્તેશ્વરાનંદના મીડિયા પ્રભારી શૈલેન્દ્ર યોગી રાજે કહ્યું, 'સરકાર હવે બદલાની ભાવનાથી કાર્યવાહી કરી રહી છે. પંડાલની પાછળ ચુપચાપ નોટિસ ચોંટાડી દીધી. બુધવારે મોડી રાત્રે પ્રશાસનનો એક કર્મચારી શિબિરમાં આવ્યો. તેમણે કહ્યું કે તમે આ નોટિસનો જવાબ આપ્યો નથી. ત્યારે જ અમને તેની જાણ થઈ.'તેમણે કહ્યું, 'અમે નોટિસ જોઈ તો તેના પર ૧૮ જાન્યુઆરીની તારીખ લખેલી હતી. એટલે કે, તેને બેક ડેટ પર જારી કરીને ચોંટાડવામાં આવી હતી. હાલમાં, નોટિસનો જવાબ તૈયાર છે. જલદી પ્રશાસનને આપવામાં આવશે.'

પહેલો સવાલ- મૌની અમાસના દિવસે તમે ઈમરજન્સી માટે રિઝર્વ રાખેલા પાન્ટૂન પુલ પર લગાવેલો બેરિયર તોડ્યો. મંજુરી વગર પાલખી સાથે સંગમ પર જવાનો પ્રયાસ કર્યો. આનાથી નાસભાગનું જોખમ ઊભું થયું. તમારા કારણે સુરક્ષાને ગંભીર જોખમ થયું. શ્રદ્ધાળુઓને પાછા મોકલવામાં મુશ્કેલી પડી. તમારા કૃત્યથી વ્યવસ્થા છિન્નભિન્ન થઈ.

બીજો સવાલ- તમે પોતાને શંકરાચાર્ય ગણાવીને મેળામાં બોર્ડ લગાવ્યા છે. જ્યારે સત્તાવાર રીતે તમારા શંકરાચાર્ય હોવા પર સુપ્રીમ કોર્ટનો પ્રતિબંધ છે. જો ૨૪ કલાકની અંદર સંતોષકારક જવાબ નહીં મળે, તો સંસ્થાને આપેલી જમીન અને સુવિધાઓ રદ કરી શકાય છે.આ પહેલા, સોમવારે રાત્રે ૧૨ વાગ્યે કાનૂનગો અનિલ કુમાર મેળા પ્રશાસનનો નોટિસ લઈને

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પે ૭૧ વખત ભારત-પાક યુદ્ધ રોકવાનો દાવો કર્યો : કોંગ્રેસ

### મોદીના બેસ્ટ મિત્રેએ બે દિવસમાં ત્રણ વખત પોતાને શ્રેય આપ્યો :જયરામ રમેશ

નવી દિલ્હી, તા. ૨૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત-પાકિસ્તાન યુદ્ધ રોકવાના દાવાને લઈને કોંગ્રેસે સરકાર પર કટાક્ષ કર્યો છે. ટ્રમ્પે બુધવારે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) માં ફરી એકવાર દાવો કર્યો કે તેમણે ભારત-પાક યુદ્ધ રોકાવ્યું હતું. કોંગ્રેસે કહ્યું કે આ ટ્રમ્પનો ૭૧મો દાવો છે.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્રમ્પના નિવેદનનો વીડિયો શેર કર્યો. જેની સાથે લખ્યું કે 'ગઈકાલ સુધી ગણતરી ૭૦ હતી અને આજે તે ૭૧ થઈ ગઈ છે. એ યાદ રાખવું જોઈએ કે દાવોસમાં ભારતનું એક મોટું ભારતીય પ્રતિનિધિમંડળ હાજર છે.'ડોનાલ્ડ ટ્રમ્પે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં કહ્યું કે તેમણે મે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષને રોક્યો હતો. બંને દેશો પરમાણુ યુદ્ધની નજીક પહોંચી ગયા હતા. અમે લાખો લોકોના જીવ બચાવ્યા.આ પહેલા બુધવારે સવારે વોશિંગ્ટનમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે તેમના બીજા કાર્યકાળના પહેલા વર્ષમાં તેમણે ઘણા 'ન ઉકેલાયેલા યુદ્ધો' બંધ કર્યા. જેમાં ભારત-પાક યુદ્ધ પણ સામેલ છે.તેમણે કહ્યું કે ભારત અને પાકિસ્તાન ખરેખર એકબીજા સાથે લડી રહ્યા હતા. મારા મતે તેઓ ન્યુક્લિયર યુદ્ધ તરફ આગળ વધી રહ્યા હતા.

# બેંકોના રૂપિયાથી સોના-ચાંદીમાં સટ્ટાબાજી કરાતા ભાવો વધી ગયા

### સટોડિયાઓને અંકુશમાં લેવા ધિરાણપત્ર ભંડોળ ઘટાડવા કેન્દ્રીય નાણામંત્રીને રજુઆત

નવી દિલ્હી, તા. ૨૨

ભારતમાં સોના-ચાંદીના સતત વધી રહેલા ભાવના કારણે એક તરફ જેમ્સ-જવેલરી માર્કેટથી ઉદ્યોગો માટે પણ ચિંતા છે અને સામાન્ય વર્ગને તો સોનુ ભુલી જ જવું પડે તેવી સ્થિતિ છે.

તે વચ્ચે આ કિંમતી ધાતુમાં મોટાપાયે સટ્ટો રમતો હોય અને



ભાવ વધવા પાછળ આ સટ્ટાબાજીથી પણ મોટી ભૂમિકા હોવાનું બહાર આવતા જ સરકાર હવે ખાસ કરીને સોના-ચાંદીના ધિરાણને અંકુશમાં મુકવા આગળ વધી રહી છે. સોના-ચાંદીના સતત વધી રહેલા ભાવમાં સટ્ટાબાજીને અંકુશમાં રાખવા સરકાર હવે બેન્કોને આ ધિરાણની લીકવીડીટી ઓછી કરવા જણાવી શકે છે.

આ કીમતી ધાતુની સટ્ટેબાજીમાં મોટાપાયે બેન્ક ધિરાણનો પણ ઉપયોગ થઈ રહ્યો હોવાનું બહાર આવ્યુ છે. આમ બેન્કના નાણા મોટાપાયે વપરાતા હોવાનું પણ બહાર આવ્યુ છે. બેન્કોને તેના ચાંદીના ધિરાણમાં ભંડોળ ઘટાડવા અને લીકવીડીટી ટાઈટ કરવા જણાવાશે. જેથી બજારમાં પ્રિમીયમ અને સટ્ટાબાજીને અંકુશમાં રાખી શકાશે.સોનાની જવેલરી માંગ ઘટી છે છતા જે રીતે સતત ઉંચા ભાવ ગયા છે.તેથી તેમાં ફકત જીયોપોલીટીકલ નહી ભારતમાં સટ્ટાબાજી પણ એક કારણ હોવાનુ બહાર આવ્યુ છે અને તેમાં પણ સોના-ચાંદી સામે જ ધિરાણ લઈને સટ્ટેબાજી થઈ

અનુસંધાન પાના ૭ પર

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા ઉત્તર ભારતમાં તાપમાન વધ્યું

### ઉત્તર પ્રદેશમાં કરા સાથે વરસાદ પડવાની ચેતવણી

નવી દિલ્હી, તા. ૨૨

પહાડી રાજયોમાં બરફવર્ષા પછી હવે વરસાદ-કરા પડવાનો દોર શરૂ થવાની સંભાવના છે. કારણ કે નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થઈ રહ્યું છે. આ સાથે જ જમ્મુ-કાશ્મીરમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. બુધવારે શ્રીનગરના તાપમાનમાં એક ડિગ્રીનો વધારો જોવા મળ્યો. અહીં તાપમાન ૨.૪ઝ રહ્યું. જે એક દિવસ પહેલા ૧.૪ઝ હતું.હિમાચલ પ્રદેશના ચંબા, કુલ્લુ અને લાહૌલ-સ્પીતિમાં આજે બરફવર્ષાનું ઓરેન્જ એલર્ટ છે._આ ઉપરાંત બિલાસપુર, હમીરપુર, કાંગડા અને મંડીમાં તાપમાન ૪ઝ ઘટવાથી કોલ્ડ વેવની સ્થિતિ રહી. અહીં પણ ૨૨ થી ૨૪ જાન્યુઆરી સુધી ભારે વરસાદ અને કરા પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.રાજસ્થાનના ફતેહપુરમાં બુધવારે સૌથી ઓછું તાપમાન ૪.૯ઝ રહ્યું. આ ઉપરાંત નાગૌરમાં ૫.૩ઝ રહ્યું, પરંતુ જયપુરમાં લઘુત્તમ તાપમાનમાં ઝડપી વધારો જોવા મળ્યો. અહીં સવારનું તાપમાન ૧૦.૬ઝ રહ્યું હતું. ૨૧ જાન્યુઆરીએ પંજાબના ઘણા ભાગોમાં તીવ્ર ઠંડી રહી. કેટલાક વિસ્તારોમાં ધુમ્મસ પણ છવાયેલું રહ્યું. ફરીદકોટમાં સૌથી વધુ ઠંડી રહી, અહીં લઘુત્તમ તાપમાન ૩ઝ રહ્યું.

અનુસંધાન પાના ૭ પર

# ગ્રીનલેન્ડ મુદ્દે પોતાની ૫૦ વર્ષ જૂની દલીલથી ફસાયું ડેનમાર્ક

### અમેરિકા હુમલો કરશે તો સૈન્ય કાર્યવાહીથી નાટો દુર રહેશે

નવી દિલ્હી, તા. ૨૨

ડેનમાર્ક હાલમાં એક વિચિત્ર અને મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાયેલું છે. તેનો સામનો કોઈ દુશ્મન દેશ સાથે નહીં, પરંતુ તેના પોતાના સહયોગી દેશ અમેરિકા સાથે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ઘણી ધમકીઓ આપી ચૂક્યા છે.

ગ્રીનલેન્ડ સત્તાવાર રીતે ડેનમાર્કનો ભાગ છે અને તે પણ અમેરિકાની જેમ NATO સભ્ય છે. એટલે કે, એવી પરિસ્થિતિઓ ઊભી થઈ છે જ્યાં દ્વર્દ્નો જ એક સભ્ય દેશ, બીજા સભ્ય દેશને લશ્કરી કાર્યવાહીની ધમકી આપી રહ્યો છે.ડેનમાર્કની આવી પરિસ્થિતિ અંગે ગ્રીસના પૂર્વ નાણા મંત્રી અને અર્થશાસ્ત્રી યાનિસ વારોફાકિસે સોશિયલ મીડિયા પર લખ્યું કે આ ગ્રીનલેન્ડના કર્મોનું ફળ છે. તેમણે કહ્યું કે NATO બાહ્ય દુશ્મનોથી બચાવવા માટે છે, પરંતુ આંતરિક દુશ્મનોથી રક્ષણ માટે નથી.જ્યારે ૧૯૭૪માં NATOના બે સભ્ય દેશો ગ્રીસ અને તુર્કીયે વચ્ચે સાયપ્રસને લઈને યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી, ત્યારે ડેનમાર્કે કહ્યું હતું કે NATOનું કામ કોઈ સભ્ય દેશને બીજા સભ્ય દેશથી બચાવવાનું નથી.

નાટોની સ્થાપના ૧૯૪૯માં સોવિયત સંઘથી બચાવવા માટે થઈ હતી. તેના નિયમોનો આર્ટિકલ-૫ કહે છે કે જો કોઈ એક સભ્ય પર હુમલો થાય, તો તેને બધા પર હુમલો માનવામાં આવશે. પરંતુ સમસ્યા એ છે કે જો હુમલો નાટોની અંદરથી જ થાય, તો શું થશે? આ અંગે નાટોના નિયમો સ્પષ્ટ નથી.ટ્રમ્પ લાંબા સમયથી યુરોપ અને નાટો દેશોને ઉશ્કેરતા નિવેદનો આપી રહ્યા છે. તેઓ વારંવાર ગ્રીનલેન્ડને પોતાના

અનુસંધાન પાના ૭ પર

# યુરોપના ૮ દેશો પર ૧૦ ટકા ટેરીફ લાગુ કરવાનો નિર્ણય ટ્રમ્પે રદ કર્યો

### ગ્રીલેન્ડ પર નાટો ચીફ સાથે સમજૂતીનું ફ્રેમવર્ક નક્કી

નવી દિલ્હી, તા. ૨૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે કહ્યું હતું કે તેઓ હવે ૮ યુરોપિયન દેશો પર ૧૦% ટેરિફ નહીં લગાવે. આ ટેરિફ ૧ ફેબ્રુઆરીથી લાગુ થવાનો હતો. ટ્રમ્પે આ નિર્ણય દાવોસમાં NATO સેક્રેટરી જનરલ માર્ક રુટે સાથે ગ્રીનલેન્ડ અને આર્કટિક ક્ષેત્ર પર વાતચીત કર્યા પછી લીધો.



ટ્રમ્પે કહ્યું હતું કે બંને નેતાએ ગ્રીનલેન્ડ અને સમગ્ર આર્કટિક ક્ષેત્રને લઈને ભવિષ્યના સોદાનું ફ્રેમવર્ક નક્કી કર્યું છે. આનાથી અમેરિકા અને તમામ NATO સભ્યોને ફાયદો થશે.

તેમણે ટ્રુથ પર લખ્યું કે આ સમજૂતીના આધારે હું ટેરિફ નહીં લગાવું. ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર કબજાનો વિરોધ કરનારા યુરોપિયન દેશો પર ૧૦% ટેરિફ લગાવવાની ધમકી આપી હતી.

ટ્રમ્પ અને નાટો વચ્ચે ગ્રીનલેન્ડ ફ્રેમવર્ક હેઠળ ઘણા મુદ્દાઓ પર સહમતિ સધાઈ છે. આ અંતર્ગત ગ્રીનલેન્ડ અને સમગ્ર આર્કટિક ક્ષેત્રની સુરક્ષા નાટો અને અમેરિકા મળીને કરશે. ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું કે આ ડીલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# કચરામાંથી 'કંચન'ના હેતુ સાથે સુરતમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમા મંથન કરાયું

## ફ્રુટ અને વેજિટેબલનો કચરો 'વેસ્ટ નહીં પણ વેલ્થ' છેઃ ધારાસભ્ય સંદીપ દેસાઈ

સુરત, તા.૨૨

સુરત એપીએમસી, યુનિયન ઓફ વર્લ્ડ હોલસેલ માર્કેટ અને COSAMB- નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે તા.૨૧ અને ૨૨ જાન્યુ.ના રોજ સુરતમાં 'શેપિંગ ધ ફ્યુચર ફોર ટ્રાન્સફોર્મિંગ ફૂડ લોસ એન્ડ વેસ્ટ' વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરાયું છે, જેમાં સુરતમાં દેશ-વિદેશના ૧૦૦ થી વધુ મહાનુભાવોએ ઉપસ્થિત રહી 'કચરામાંથી કંચન'ના હેતુ સાથે ફ્રુટ અને વેજીટેબલનો કચરાના રિસાયકલિંગ અને ફૂડ લોસ મેનેજમેન્ટ અંગે વિચાર મંથન કર્યું હતું. કોન્ફરન્સના પ્રથમ દિવસે સુરત APMC ચેરમેન અને ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ, મેયર દક્ષેશભાઈ માવાણી, ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) ના ભારતના પ્રતિનિધિ શ્રી તાકાયુકી હાગીવાડા, COSAMB ના અધ્યક્ષ શ્રી હરચંદસિંહ બરસટ, એગ્રીકલ્ચર એન્ડ હેલ્થ રિજનલ ઈકોનોમી ડિપારમેન્ટ અંતર્ગત ફ્રાન્સના રાજદ્વારી શ્રીમતી મૌલશ્રી ડાગર, પેસેફિક રિજનલ ગ્રુપ ઓફ વર્લ્ડ યુનિયન ઓફ હોલસેલ માર્કેટ્સ (TBC) ના અધ્યક્ષ શ્રી મા ઝેંગજૂન સહિત ૧૪ દેશના પ્રતિનિધિઓ, ૯ રાજ્યના એગ્રીકલ્ચર માર્કેટિંગ બોર્ડના અધ્યક્ષો અને મેનેજીંગ ડિરેક્ટરોએ આ રિજિયોનલ સિમ્પોઝીયમમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સુરત APMC ચેરમેન અને ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા ક્ષેત્રે દેશભરમાં નંબર વન સ્થાન મેળવનાર સુરત શહેર હવે પર્યાવરણ સંરક્ષણ અને ફૂડ વેસ્ટ મેનેજમેન્ટના ક્ષેત્રે પણ વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવવા જઈ રહ્યું છે. સુરત APMCમાં હાલ કચરો અને શાકભાજીના વેસ્ટમાંથી બાયો-CNGનું ઉત્પાદન કરવામાં આવે છે. કોઈ સહકારી સંસ્થા દ્વારા સંચાલિત રાજ્યમાં સૌપ્રથમ આ પ્રકારનો પ્લાન્ટ સુરત એપીએમસીમાં સ્થાપિત થયો હતો.

અનુસંધાન પાના ૭ પર

# શુક્રવારે નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતિની ઉજવણી

સુરત, તા.૨૨

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૯મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી સહ વંદના કરવામાં આવશે. માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ ઉજવણી પ્રસંગે ગોપીપુરા, સુભાષચોક ખાતે ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# શ્રી દેવસર માતા મંદિર હોલમાં સંગીતમય રામકથા સપ્તાહ

## રામકથા શ્રવણ કરવા દરરોજ ઉમટતી જનમેદની



સુરત, તા.૨૨

મહામંડલેશ્વર (જૂના અખાડા) ના પરમ પૂજ્ય સ્વામી ડૉ. ઉમાકાન્તાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા વર્ણવવામાં આવેલી ભવ્ય સંગીતમય શ્રી રામ કથા, ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ શ્રદ્ધાના પવિત્ર ધામ, શ્રી મહેંદીપુર બાલાજીમાં સ્થિત શ્રી દેવસર માતા મંદિરના ખાલી હોલમાં શરૂ થઈ હતી. આ સંગીતમય શ્રી રામ કથા ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. સંગીતમય શ્રી રામ કથા દરમિયાન ભગવાન શ્રી રામની જન્મજયંતિ ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી હતી, જેમાં ઘણી આકર્ષક ઝાંખીઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. કથા દરમિયાન, મહારાજ શ્રીએ ભગવાનના અવતારના વિવિધ કારણો વિગતવાર સમજાવતા કહ્યું કે જ્યારે પણ સમાજમાં નૈતિકતા, અન્યાય, જુલમ અને અધર્મમાં ઘટાડો થાય છે, ત્યારે ભગવાન ભક્તોનું રક્ષણ કરવા અને ન્યાયીપણા સ્થાપિત કરવા માટે વિવિધ સ્વરૂપોમાં અવતાર લે છે. શ્રી રામ કથાના ભવ્ય સંગીત કાર્યક્રમમાં સુરત શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મહામંડલેશ્વર (જૂના અખાડા) ના પરમ પૂજ્ય મહારાજ સ્વામી ડૉ. ઉમાકાન્ટાનંદ સરસ્વતીજી મહારાજ પાસેથી આશીર્વાદ અને પ્રસાદ મેળવ્યો હતો. સંગીતમય શ્રી રામ કથામાં હાજરી આપવા માટે વિવિધ સમુદાયોના નેતાઓ, સામાજિક કાર્યકરો અને ઉદ્યોગપતિઓ તેમના પરિવારો સાથે આવી રહ્યા છે. આ કથાના આયોજકો શાશ્વતમ પરિવાર, ગુજરાતના સૌજન્યથી છે.



# ઓએનજીસી સ્થિત કેન્દ્રીય વિદ્યાલય નંબર ત્રણ ખાતે બાળ મેળો યોજાયો

## બાળ મેળામાં ભોજન, રમતો અને હસ્તકલાના સ્ટોલ ઉભા કરાયા

સુરત, તા.૨૨

સુરત. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કેન્દ્રીય વિદ્યાલય નંબર ૩, ONGC સુરત ખાતે ખૂબ જ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે બાળ મેળો યોજાયો હતો. બાળકોના પ્રિય માસ્કોટ મિકી માઉસ દ્વારા મહેમાનોનું સ્વાગત અનોખા રીતે કરવામાં આવ્યું હતું, જેનાથી આનંદદાયક વાતાવરણ સર્જાયું હતું.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન ONGC હજીરા પ્લાન્ટ, સુરતના પ્રથમ મહિલા શ્રીમતી તનુજા બાલોદી હતા. ખાસ મહેમાનોમાં કેન્દ્રીય વિદ્યાલય ક્રિભકો સુરતના આચાર્ય શ્રી મહેન્દ્ર સિંહ અને કેન્દ્રીય વિદ્યાલય ઈચ્છાનાથ સુરતના આચાર્ય શ્રી એસ.બી. યાદવનો સમાવેશ થતો હતો.

શાળાના આચાર્ય શ્રી રાજેશ કુમારે મહેમાનોનું લીલા રંગથી સ્વાગત કર્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ એક સુમધુર સ્વાગત ગીત ગાયું. સ્વાગત પ્રવચન આચાર્ય શ્રી રાજેશ કુમારે આપ્યું હતું, જ્યારે શ્રીમતી દક્ષા ગુપ્તાએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. સ્ટેજનું સંચાલન શ્રી દિલીપ કુમાર શર્મા, પીજીટી હિન્દી અને શ્રીમતી કોમલ, પ્રાથમિક શિક્ષિકા દ્વારા કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન શ્રીમતી તનુજા બાલોદીએ તેમના આશીર્વાદ આપતાં બાળકોની સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને નેતૃત્વ કૌશલ્યની પ્રશંસા કરી, આવા કાર્યક્રમોને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત ફાયદાકારક ગણાવ્યા. ત્યારબાદ મુખ્ય મહેમાન દ્વારા બાળ મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને પ્રવાસ શરૂ થયો. બાળ મેળામાં, વિદ્યાર્થીઓએ ભોજન, રમતો અને કલા અને હસ્તકલા ધરાવતા અસંખ્ય આકર્ષક સ્ટોલ ઉભા કર્યા, જે મુલાકાતીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર હતા. આ સ્ટોલ દ્વારા, બાળકોએ તેમની સર્જનાત્મકતા, ઉદ્યોગસાહસિકતા અને ટીમ ભાવનાનું પ્રદર્શન કર્યું. મહેમાનો અને વિદ્યાર્થીઓએ મેળામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ કાર્યક્રમ આનંદમય વાતાવરણમાં પૂર્ણ થયો, જેમાં શાળા પરિવારના સફળ કાર્યક્રમ માટે સૌએ તેમની પ્રશંસા કરી.



# પદ્મશાળી સમાજના કુળદેવ શ્રી માર્કંડેય સ્વામી જયંતીની ઉજવણી

## સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે નવગ્રહ તથા હવન પૂજા

સુરત, તા.૨૨

પદ્મશાળી સમાજના કુળદેવ શ્રી માર્કંડેય સ્વામીની જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત નવગ્રહ હવન પૂજા ભક્તિભાવ અને ધાર્મિક આસ્થાપૂર્વક આયોજિત કરવામાં આવી. આ ધાર્મિક કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા આધ્યાત્મિક જાગૃતિ ફેલાવવાનો રહ્યો.

કાર્યક્રમ અંતર્ગત વિધિવત પૂજા-અર્ચના, નવગ્રહ હવન તથા ભજન-કીર્તન કરવામાં આવ્યા. વિદ્વાન પંડિતશ્રીઓ દ્વારા મંત્રોચ્ચાર સાથે હવન સંપન્ન કરવામાં આવ્યો અને શ્રી માર્કંડેય સ્વામીના આદર્શ જીવન, સત્ય, ધર્મ અને તપના સંદેશ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી માર્કેન્ડેય માલાધરન અને આધ્યાત્મિક સમિતિના આગેવાનો શ્રી ચિલુકા સુરેશ, બિન્ગી રાજેશ, એલિગેટી નાગેશ તથા એલિગેટી રમેશે ખૂબ જ મહેનત કરી હતી. આ ઉપરાંત દાસરી શ્રીનિવાસ, શ્રી રાપોલું બુચ્ચિરામુલુ, કુસુમા શ્રીનિવાસ, ગણેશ સિરમલ્લા , સોમનરસૈયા ચિલાકુમારી, સાદુલા લક્ષ્મીનારાયણ, કૈરમકોન્ડા વેંકટેશ્વરલુ, એલૈયા કરાપાટી, દાસરી સૂર્યનારાયણ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં ભક્તો અને સમાજના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અંતે પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમનું ભક્તિપૂર્ણ વાતાવરણમાં સમાપન કરવામાં આવ્યું.



# 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અંગે વિવિધ સ્થળે કેમ્પ

સુરત, તા.૨૨

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યવ્યાપી મેદસ્વિતા શિબિરનો સુરત જિલ્લામાં ત્રીજો રાઉન્ડ યોજાશે. તા.૨૦ જાન્યુ.થી શરૂ થયેલ આ તબક્કામાં તા.૨૦ ફેબ્રુઆરી સુધી સુરતમાં 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે. ઝોન કોર્ડીનેટર ડો.પારૂલ પટેલના માર્ગદર્શન હેઠળ સુરતમાં એક મહિના માટે ૧૬ સ્થળોએ કેમ્પ યોજાશે. આ અંગે રજીસ્ટ્રેશન તથા વધુ માહિતી માટે ઝોન કો-ઓર્ડીનેટર (૯૪૨૮૪૫૪૬૦૪)નો સંપર્ક કરવા યોગ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

# અંકલેશ્વરની સંસ્કારદીપ વિદ્યાલય ખાતે સ્મૃતિપર્વ ઉજવાયો

## ડી.એ.આણંદપુરાની જન્મજયંતિ નિમિત્તે વિવિધ સ્પર્ધાનું આયોજન

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વરની પી.ડી. શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય ખાતે સ્વ.ડી.એ. આણંદપુરાની જન્મજયંતિ નિમિત્તે સ્મૃતિપર્વ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ, સામાજિક સેવા અને સંસ્કારના મૂલ્યોને ઉજાગર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત તેઓના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.સ્મૃતિપર્વ અંતર્ગત શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ, કાવ્યપાઠ તથા સંસ્કારલક્ષી રજૂઆતો દ્વારા પોતાની પ્રતિભા પ્રગટ કરી હતી.સદર કાર્યક્રમમાં ટ્રસ્ટના ચેરમેન એન.કે.નાવડીયા,મંત્રી હિતેન આણંદપુરા,ટ્રસ્ટી ચંદુ કોઠીયા,ખજાનચી ગીતા શ્રીવત્સન તેમજ શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત એસ.પી બી હાઇસ્કુલ આયોજિત વાર્ષિક રમોત્સવનો શુભારંભ સુરત મહાનગર ભારતીય જનતા પાર્ટી ના અધ્યક્ષ શ્રી અનિમેષભાઈ માળી એ કરાવ્યો આ પ્રસંગે વિદ્યાર્થીઓને જણાવ્યું કે વિવિધ રમતો રમવાથી શારીરિક કૌશલ્ય તો વધે જ છે પણ માનસિક તંદુરસ્તી અને ટીમ સ્પીરીટ ભાવના પણ વધે છે ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી ગિરધર ગોપાલ મુદ્રાજી - મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ તથા આચાર્યશ્રીઓ / મોટી સંખ્યામાં ભાગ લેનાર વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

## બારડોલીથી જશવંતસિંહ મેઘાત ગુમ

સુરત, તા.૨૨

બારડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજસણિયા, હેમાદ ગામ, રામવાડી, બારડોલી ખાતે રહતા ૭૪ વર્ષીય જશવંતસિંહ ભગવાનસિંહ મેઘાત ગુમ થયા છે.તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા બારડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## માંગરોળથી કવિતા રાજપૂત ગુમ

સુરત, તા.૨૨

કોસંબા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૨૮/૧૨/૨૦૨૫ ના રોજ રૂમ નં.૨૧૪, પાલોદગામ, સાનિધ્ય ટાઉનશિપ, માંગરોળ ખાતે રહતા ગુલાબસિંહ રાજપૂતના ૧૯ વર્ષીય પુત્ર કવિતા રાજપૂત ગુમ થયા છે.તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૪ ફૂટ છે.તેમણે બ્લેક ફ્રૉક અને બ્લેક જીન્સ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા માંગરોળ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## માંડવીથી ગણેશરામ ગુર્જર ગુમ

સુરત, તા.૨૨

માંડવી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ ઈશ્કેર રામકુંડ ગામ, માંડવી (મૂળ રહે. ગામ-ગુર્જર, જિ-અજમેર, રાજસ્થાન) ખાતે રહેતા દેવકરણ ગુર્જરના ૨૫ વર્ષીય પુત્ર ગણેશરામ ગુર્જર ગુમ થયા છે.તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૬ ફૂટ છે.તેમણે સફેદ અને ગુલાબી ટી-શર્ટ અને બ્લૂ હાફ પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા માંડવી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઉમરપાડાથી રવિન્દ્રભાઈ વસાવા ગુમ

સુરત, તા.૨૨

ઉમરપાડા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજચોખવાડાગામ, ભાથીજી મંદિર ફળિયું, ઉમરપાડા ખાતે રહતા ગંભીરભાઈ વસાવાના ૩૦ વર્ષીય પુત્ર રવિન્દ્રભાઈ વસાવા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે ગુલાબી શર્ટ અને કાળી પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાઉમરપાડા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## બારડોલીથીપાયલબેન પરમાર ગુમ

સુરત, તા.૨૨

બારડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૨૧/૧૨/૨૦૨૫ ના રોજ બાબલા મહાવંશી મોહલ્લો, બારડોલી ખાતે રહેતા નિકુંજભાઈ પરમારના ૩૨ વર્ષીય પત્ની પાયલબેન પરમાર ગુમ થયા છે.તેઓ શરીરે મજબૂત બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે.તેમણે ભૂરો ટૉપ અને કાળી લેંગીસ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા બારડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



# બચપન પ્લે સ્કૂલમાં બાળકો દ્વારા વાર્ષિક દિવસ ઉજવાયો

## વિવિધ સ્પર્ધાના વિજેતા થયેલા બાળકોને ઈનામો અપાયા

અંકલેશ્વર, તા.૨૨

૨૦ જાન્યુઆરી મંગળવારના દિવસે દીવા રોડ, અંકલેશ્વર ખાતે આવેલી બચપન પ્લે સ્કૂલ માં શાળાના વાર્ષિક દિવસ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે અંકલેશ્વર નગરપાલિકાના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ અને કાઉન્સેલર તથા માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર શ્રી સંદીપ ભાઈ પટેલ, યુનેસ્કો હેલ્થ એન્ડ વેલનેસના માસ્ટર ટ્રેનર શ્રીમતી મિશેલ મેડમ, વુમન્સ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી રશ્મિબેન જોશી, ગેલેક્સી ગ્રુપ ઓફ સાયન્સ અંકલેશ્વરના ડાયરેક્ટર દિપેશ પડશાલા તથા બચપન પ્લે સ્કૂલ અંકલેશ્વરના ડાયરેક્ટર શ્રી ગુમાન ભાઈ પટેલ, વિમલ ભાઈ પાઠક, કિરીટ ભટ્ટ, ગોપાલ શાહ તથા શાળાના કાઉન્સિલર કૃશીદા ઘીવાલા, શિક્ષકોમિત્રો , વાલીશ્રીઓ તથા નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા

અનુસંધાન પાના ૭ પર

# કબજા રસીદવાળી મિલ્કતોને રેગ્યુલરાઇઝ કરાવવા ચેમ્બરની રાજ્ય સરકારમાં રજૂઆત

સુરત, તા.૨૨

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના માર્ગદર્શનમાં માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી નિતિન ભરૂચા અને ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇ સહિતના પ્રતિનિધિ મંડળે મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે રાજ્યના નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને રૂબરૂ મળીને સુરત સહિત સમગ્ર રાજ્યમાં ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને રેગ્યુલરાઇઝ કરાવવા રજૂઆત કરી હતી.

ગુજરાત રાજ્યમાં ખાસ કરીને સુરત સહિત દક્ષિણ ગુજરાત તેમજ રાજ્યના અન્ય ઔદ્યોગિક વિસ્તારોમાં ઘણા ઉદ્યોગકારો દ્વારા વર્ષોથી ઉદ્યોગો ચલાવવામાં આવી રહ્યા છે. આમાંથી અનેક ઉદ્યોગોની જમીન તથા મિલ્કતો કબજા રસીદ (Possession Receipt)ના આધારે ઉપયોગમાં લેવામાં આવી રહી છે. આવી મિલ્કતો પર ઉદ્યોગકારોએ મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરી ફેકટરીઓ, વર્કશોપ્સ, ગોડાઉન્સ તથા અન્ય ઔદ્યોગિક માળખું ઊભું કર્યું છે. વર્ષોથી આ ઉદ્યોગો કાર્યરત હોવા છતાં, કબજા રસીદ આધારિત મિલ્કતોના કારણે ઉદ્યોગકારોને અનેક વ્યવહારિક અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતો રેગ્યુલરાઇઝ ન હોવાથી ઉદ્યોગકારોને બેંકો તથા નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન, વર્કિંગ

અનુસંધાન પાના ૭ પર



પ્રતિનિધિ મંડળ ગાંધીનગર ખાતે નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને રૂબરૂ મળ્યું

# લૂન્સીકુઇ ગ્રાઉન્ડમાં સિન્થેટિક ટ્રેકનું નિર્માણ કરવામાં આવશે

## રમતવીરો અને ભરતીની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક ગ્રાઉન્ડ ફાળવવામાં આવ્યા

નવસારી, તા.૨૨

નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ અને આધુનિક સુવિધાઓના વિસ્તરણના ભાગરૂપે હાલ લુંસીકુઇ ગ્રાઉન્ડ ખાતે વિવિધ વિકાસલક્ષી કામગીરી આયોજનબદ્ધ રીતે હાથ ધરવામાં આવી રહી છે. તે અંતર્ગત, ફ્લાવર શોનું આયોજન કરવામાં આવનાર છે, જે તારીખ ૩૧ જાન્યુઆરી સુધી યોજાનાર છે. ફ્લાવર શો પૂર્ણ થયા બાદ લુંસીકુઇ ગ્રાઉન્ડ ખાતે રમતવીરોને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધા મળે તે હેતુથી સિન્થેટિક ટ્રેક બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

અનુસંધાન પાના ૭ પર

# દાવોસમા અદાણી ગ્રુપ દ્વારા મહારાષ્ટ્રમાં છ લાખ કરોડના રોકાણનો પ્રસ્તાવ

## મહારાષ્ટ્રમાં અદાણી ગ્રુપના રોકાણથી રોજગાર સર્જન, શહેરી વિકાસ અને ગ્રીન એનર્જીને વેગ મળશે

દાવોસ ૨૦૨૬: વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) ની ૫૬મી વાર્ષિક બેઠકમાં અદાણી ગ્રુપે મહારાષ્ટ્રના વિકાસ માટેનો પોતાનો રોડમેપ રજૂ કર્યો છે. અદાણી જૂથે $૬૬ બિલિયન (?૬ લાખ કરોડ)નું જંગી રોકાણ કરવાની જાહેરાત કરી છે. મહારાષ્ટ્ર સરકાર સાથે હસ્તાક્ષર કરાયેલા સમજૂતી કરાર (MoU) માં રોકાણના રોડમેપને ઔપચારિક બનાવવામાં આવ્યો હતો. ગ્રુપે જણાવ્યું હતું કે આ રોકાણ ફક્ત બાંધકામ ક્ષેત્ર પૂરતું જ મર્યાદિત નહી હોય, પરંતુ રોજગાર, શહેરી વિકાસ અને ગ્રીન એનર્જીને પણ વેગ આપશે.

દાવોસમાં WEF બેઠક દરમિયાન અદાણી ગ્રુપે આગામી વર્ષોમાં રોકાણ યોજનાઓ વિશે માહિતી આપી હતી. અદાણી જૂથના પ્રસ્તાવિત રોકાણો ઉડ્ડયન, સ્વચ્છ ઉર્જા, શહેરી માળખાગત સુવિધા, ડિજિટલ

પ્લેટફોર્મ અને અદ્યતન ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં કરવામાં આવશે. આ રોકાણ આગામી દસ વર્ષમાં તબક્કાવાર કરવામાં આવશે.

મહારાષ્ટ્રમાં અદાણી ગ્રુપ દેશના સૌથી પડકારજનક શહેરી પ્રોજેક્ટ્સમાંના એક એવા ધારાવીના પુનર્વિકાસને પ્રાધાન્ય આપશે. આ યોજના હેઠળ એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીને એક વ્યવસ્થિત અને આર્થિક રીતે સક્ષમ વિસ્તારમાં રૂપાંતરિત કરવામાં આવશે. જેનાથી અહીંના રહીશો માટે રહેવાની, કામ કરવાની અને વ્યવસાયિક સુવિધાઓમાં સુધારો થશે.

દાવોસ ખાતે મીડિયાકર્મીઓ સાથે વાત કરતા, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે "રાજ્ય તેની વિકાસ પ્રાથમિકતાઓ સાથે સુસંગત લાંબા ગાળાના રોકાણકારોનું સ્વાગત કરે છે, તેમણે



ભાર મૂક્યો કે રોજગાર સર્જન, કૌશલ્ય વિકાસ અને વિકાસનો વેગ જાળવી રાખવા સતત રોકાણો મહત્વપૂર્ણ છે.

અદાણી ગ્રુપ નવી મુંબઈને એક મુખ્ય વિકાસ કેન્દ્ર તરીકે વિકસાવી રહ્યું છે. ૨૫ ડિસેમ્બરથી કાર્યરત નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક મુંબઈની આસપાસના ક્ષેત્રમાં હવાઈ મુસાફરી ક્ષમતામાં વધારો તેમજ લોજિસ્ટિક્સ, હોટેલ ઉદ્યોગ અને વ્યાપારી વિકાસને વેગ આપશે.

અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ (AEL) ના ડિરેક્ટર પ્રણવ અદાણીએ જણાવ્યું હતું કે "મહારાષ્ટ્રમાં ગ્રુપના રોકાણોનું આયોજન લાંબા ગાળાના વિઝનને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. આ રોકાણો ભવિષ્ય માટે તૈયાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ બનાવવા પર કેન્દ્રિત છે જે આગામી ૭-૧૦ વર્ષોમાં આર્થિક વૃદ્ધિ, ઊર્જા પરિવર્તન અને ડિજિટલ વિસ્તરણને મજબૂતી આપનારા બનશે."


નવા રોકાણથી રોજગાર સર્જનની સાથે અર્થતંત્રને લાંબા ગાળાના લાભો થશે. આગામી ૭ થી ૧૦ વર્ષમાં તબક્કાવાર થનારા આ રોકાણમાં ૩,૦૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા ગ્રીન ડેટા સેન્ટર પાર્કનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એરપોર્ટ નજીક એક એરેના ડિસ્ટ્રિક્ટ, કોલસા આધારિત પ્રોજેક્ટ્સ, ૮,૭૦૦ મેગાવોટ પમ્પ્ડ સ્ટોરેજ પાવર પ્રોજેક્ટ તેમજ સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ જેવી યોજનાઓ છે.નવા રોકાણો ફક્ત માળખાગત સુવિધાઓ બનાવવા કે સંપત્તિ સર્જન પૂરતા જ મર્યાદિત નથી, પરંતુ એક એવી ઈકોસિસ્ટમ બનાવશે જે મોટા પાયે રોજગારી સર્જન, પર્યાવરણને અનુકૂળ અને વૈશ્વિક અર્થતંત્રમાં ભારતનો પ્રભાવ વધારતી હોય.

# સનાતનનું સત્ય મોરારિબાપુના મુખે-૧

**તખુભાઈ સાંડસુર**

સનાતન ધર્મ સાંપ્રત સમયે એક કંટકપૂર્ણ પથ પરથી પસાર થઈ રહ્યો છે. જેથી હવે મહાત્મ્ય અને મહત્વ માટે મથવું પડશે.આ સુગંધને પ્રસરાવવા સૌએ યતકિંચિત પ્રયત્નો કરતાં રહેવા એ સમયની માંગ નહી પરંતુ જરૂરિયાત દેખાય છે.

ભગવદ્ગોમંડળ કહે છે કે સનાતનની પરિભાષા કરીએ તો અર્થ સરે છે દિવ્ય પુરુષ. દિવ્ય પોતાની આભાથી પ્રકાશિત છે. ભવ્ય અને દિવ્યનો તફાવત કરીએ તો ભવ્ય ભંગાર થઈ શકે છે અને દિવ્ય એ રોજ નુતન,નવીન અને ઉત્સાહ વર્ધન કરનાર છે. સત્ય, પ્રેમ, કરુણા અને ચોથી અહિંસા એ સનાતનના સ્તંભ છે. સનાતન ધર્મને આપણે વૈદિક સનાતન ધર્મ તરીકે ઓળખીએ છીએ એટલે એનો અર્થ એવો કે વૈદિકની સંધિ કરીએ વૈ એટલે વૈશ્વિક અને દિક એટલે દિશા વિશ્વને દિશા આપે છે,આપનાર એ વૈદિક. રામચરિત માનસ સનાતનની પ્રસ્થાનત્રયી છે. "આદિ અંત જાસુ ન પાવા". અર્થાત જેનો કોઈ આરંભ કે અંત કોઈ જાણી શકતું નથી તે. સનાતન ધર્મ શાશ્વત છે. કૃષ્ણ સનાતન પુરૂષ છે. અને સનાતન ઉર્ધ્વમુળ છે તેથી તેને કોઈ નિર્મુળ કરી શકે નહી. કોઈ તેની મુરતને તોડી શકે પરંતુ સુરતને નહી! આપણે ત્યાં સોમનાથના પ્રથમ જ્યોર્તિલિંગ પર અનેક પ્રહારો થયા પણ આજેય અડીખમ છે.સનાતન એટલે સંવાદ. કોઈનો વિરોધ નથી પણ સત્યને ઉજાગર કરતા રહેવું અને સત્ય સાથે જોડાયેલા રહેવું તે જરૂરી છે.રામ સત્યનો પ્રભાવ છે "રામો વિગ્રહ વીનો પ્રભુ". રામને સત્યનો પ્રભાવ,પ્રેમનો સ્વભાવ અને કરુણાનો પ્રવાહ ગણી શકાય. સનાતન ધર્મ સ્વતઃ શુદ્ધ અને સિદ્ધ છે. 'યજ્ઞ ન મમ ..' અર્થાત યજ્ઞ મારા માટે નહી અન્ય માટે, સર્વ માટે છે અને તેથી યજ્ઞ આવશ્યક છે. આપણી



આશ્રમ વ્યવસ્થા જીવનનું આયોજન છે.આવી વ્યવસ્થાને આપણે અલગ રીતે મૂલવીને પછી તેનો દ્રષ્ટિકોણ બદલી દીધો છે અને તેથી તે અસ્વીકાર્ય છે.કર્મસેવાને આધીન આપણી વ્યવસ્થા ક્યાંક જન્મ આધારિત બની ગઈ.

ભગવદ્ ગીતામાં કૃષ્ણએ અર્જુનને કહ્યું કે મારો જન્મ અને કર્મ દિવ્ય છે. 'સનાતનસ્વ 'તેમ કૃષ્ણને અર્જુન કહે છે કે તમે સનાતન છો.જે અચળ છે તે સનાતન છે. તે ગુણાતીત, માયાતીત છે. વિશ્વાસ એ જીવન છે સંશય એ મોત છે.

ભાગવતમાં સનાતનના ૩૦ લક્ષણો બતાવવામાં આવ્યા છે. સૂર્યના ૧૦૮ નામ સનાતન છે.તે અવિનાશી, નિત્ય, અચળ, શાશ્વત સનાતન છે. સનાતન ધર્મ આકાશની જેમ અનંત છે, ધર્મ વ્યાપક થઈ ચાલે છે. ૧૪ બ્રહ્માંડીય સનાતન છે. ગો, વાણી, કૃષ્ણ, ગોવિંદ બધા સનાતન ધર્મના પર્યાય છે. સનાતન ધર્મમાં કોઈ ભય નથી પણ તે પ્રાણવાયુ છે.તે સાક્ષાત્કાર કરે ચમત્કાર નહીં. સનાતન ધર્મ કોઈની હત્યા કરતો નથી પણ સમગ્ર દ્રષ્ટિ બદલી દે છે.

# ભીડભંજન મહાદેવ મંદિરમાં વસંત પંચમીના સરસ્વતી પૂજનનું આયોજન

ઉધના ગામ ભીડભંજન મહાદેવ મંદિરમાં વસંત પંચમીના રોજ સરસ્વતીમાતાપૂજન તેમજ એસ.એસ.સી તથા એચ.એસ.સીબોર્ડના વિદ્યાર્થીમિત્રોને સિદ્ધ કરવામાં આવેલ બોલપેનનુ વિનામૂલ્યે વિતરણ.

તારીખ ૨૩મી જાન્યુઆરી ૨૦૨૬ શુક્રવાર વસંત પંચમીના શુભદીને ઉધના ગામ મુકામે શ્રી ભીડભંજનમહાદેવ તથા શ્રી બળીયાદેવ મંદિરમાં સર્વે વિદ્યાર્થીમિત્રો તથા વાલીમિત્રોની ઉપસ્થિતિમાં માતા સરસ્વતીનુ પૂજન-અર્ચન કાર્યક્રમ સવારે ૯:૩૦ કલાકે આયોજન કરવામાં આવેલું છે, તદનુસાર સમૂહમાં "પ્રજ્ઞાવર્ધનસ્તોત્ર"ના પાઠ, સરસ્વતી મંત્રના જપ કરવામાં આવશે. પૂજામાં બોલપેનપ્રસાદી, ભસ્મપ્રસાદી, સાકરપ્રસાદી સિદ્ધ કરવામાં આવશે એસએસસી તથા એચએસસી બોર્ડની પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થી મિત્રોને આશીર્વાદરૂપ સરસ્વતી મંત્ર તેમજ પ્રજ્ઞાવર્ધનસ્તોત્રથી સિદ્ધ કરવામાં આવેલ બોલપેનપ્રસાદી, ભસ્મપ્રસાદી તથા સાકરપ્રસાદી વિનામૂલ્યે આપવામાં આવશે,

તો શહેર સુરતની શાળાઓના વિદ્યાર્થીમિત્રોને આ કાર્યક્રમનો લાભ લેવા મંદિરના મહંત શ્રી જયેશભાઈ એચ ભટ્ટનાઓ તરફથી જણાવવામાં આવ્યું છે.

# કોઈ કામમાં ઉતાવળ ન કરવાનો એ બોધ આપે છે...

જરૂરિયાતો વધી ગઈ છે, પહોંચી નથી વળાતું, કોઈ એક જણાની કમાણીથી... કે પછી જે કમાણી છે, તે ઓછી પડે છે. ઘર-વ્યવહાર ચલાવવાં મુશ્કેલ બની ગયાં છે આવી સ્થિતિને સપાટી પર લાવતી ચોવક છેઃ 'ઉઠ લમૂં ને પુછ ટૂંકો' અહીં ઉપયોગમાં લેવાયેલા શબ્દોમાં 'ઉઠ' એટલે ઊંટ 'લમૂં' નો અર્થ થાય છે લાંબો અને 'પુછ' એટલે 'પૂંછડું'.. શબ્દાર્થ છેઃ ઊંટ લાંબો અને પૂછડું નાનું અથવા ટૂંકું, જ્યારે ભાવાર્થ એવો છે કે, જરૂરિયાત કરતાં ઓછું હોવું!એક બીજી નાની પણ ઉપદેશક ચોવક છેઃ 'કુત્તે વારો કૉલ' જો કે પ્રથમ નજરે જોવા જઈએં તો, કૂતરા ક્યારેય વચન ન આપી શકે. ચોવકનો શબ્દાર્થ છે, 'કૂતરા વાળું વચન'! અહીં 'કુત્તે વારો' એટલે કૂતરાનું, 'કૉલ' એટલે વચન. પણ ભાવાર્થ એવો થાય છે કે, જે વચન પાળી જ ન શકે, તેને 'કૂતરાવાળાં વચન' તરીકે ઓળખવામાં આવે છે. સાધ્ય માટે કૂતરાને સાધન બનાવવામાં આવ્યો છે.ચોવક છે : 'ચુકો ઉઠ કેં, ડંભ ગડ઼ ડો કે.' 'ચુકો' એટલે અહીં નુકસાન સમજવું. 'ઉઠ' એટલે 'ઊંટ'. 'ડંભ'નો અર્થ થાય છે દામ કે ડામ. 'ગડ઼ ડો' એટલે ગધેડાને! શબ્દાર્થ સ્પષ્ટ થઈ ગયો... નુકસાન ઊંટ કરે અને માર ગધેડો ખાય! ભાવાર્થ પણ એટલો જ સરળ છે. જેમ 'પાડાના વાંકે પખાલીને ડામ'! કોઈકની ભૂલ અને સજા અન્ય કોઈને!દિવસ અને રાતે થતાં કામમાં પણ ફરક હોય છે. દિવસે કરેલાં કામોમાં સાર્વત્રિક અસર જોવા મળે છે. ભરકત હોય છે, તેવું ચોવક કહે છેઃ 'ડી સે સી ને રાત સે રિઢ' ચોવકમાં ઉપયોગમાં લેવાયેલા એકાક્ષરી શબ્દોની અહીં કમાલ પણ બતાવી છે. 'ડી' એટલે 'દિવસ' અને 'સી'નો અર્થ છે 'સિંહ'. 'સે'નો અર્થ થાય 'એ' અથવા 'એટલે' અને 'રિઢ' એટલે 'ઘેટું'. ચોવકનો શબ્દાર્થ છે, 'દિવસ એ સિંહ છે અને રાતે એ ઘેટાં સમાન છે. દિવસ અને રાતનું એ રીતે મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. દિવસે કામ કરવા માટે શરીરમાં સિંહ જેવી શક્તિ અને સૂઝ હોય છે. જ્યારે રાત્રે જે કામ થાય તે શિથિલતાથી થાય છે!ભાવાર્થ પણ સ્પષ્ટ થઈ ગયો કે 'દિવસે જ ધાર્યાં કામ થાય'!કોઈપણ કાર્યની ઉતાવળ યોગ્ય નથી ગણાતી. ઘણા લોકોનો ઉતાવળિયો સ્વભાવ હોય છે, પણ એમ કરતાં કંઈકને કંઈક ભૂલાઈ જાય અને ભૂલ યાદ આવતાં ફરી પાછા ફરવું પડતું હોય છે અને એટલે જ આ ચોવક - પ્રયોજાતી હશે કે : 'તક઼ ડો તેરો વેરા વરે'' મતલબ કે, ઉતાવળો માણસ ભૂલ સુધારવા તેર વખત પાછો ફરે! વપરાયેલા શબ્દોમાં 'તકડો' એટલે ઉતાવળિયો. 'તેરો વેરા' એટલે તેર વખત અને 'વરે'નો અર્થ થાય પાછો વળે! પણ ચોવકને કહેવું એમ છે કે, 'અવિચારી પણે કે ઉતાવળે આદરેલું કે પૂરું કરેલું કામ સમુંસૂતરું પાર ન પડે!'



**કે.પી.ગ્રુપ અને પી.પી.સવાણી ગ્રુપ દ્વારા ૧૩૩ દીકરીઓને મનાલી પ્રવાસ મોકલ્યા બાદ**

# આજ રોજ મુસ્લિમ દીકરીઓ માટે "મક્કા-મદીના" યાત્રાએ રવાના કરવામાં આવી..

## દીકરી-જમાઈઓના સંબંધોને વધુ સુગંધીત બનાવતો પ્રયાસ એટલે "મનાલી પ્રવાસ"

સુરત. દર વર્ષની જેમ આ વર્ષે પણ કેપી ગ્રુપ અને પી.પી.સવાણી ગ્રુપ દ્વારા નાત-જાતના ભેદભાવ વગર તમામ દીકરી-જમાઈઓને હાલ જ મનાલી પ્રવાસ કરાવ્યા બાદ આજ રોજ તા.૨૧/૧/૨૦૨૬ના સવારે ૯.૦૦ કલાકે મુસ્લિમ ૧૮ દીકરી-જમાઈઓને પી.પી.સવાણી ગ્રુપના "મોહિત ફાર્મ" ખાતે એકત્ર કરી તેમના સ્વપનરૂપી ૧૫ દિવસ ઉમરાહ "મક્કા-મદીના" સાઉદી અરેબિયા યાત્રાએ મોકલવા માટે રવાના કરવામાં આવ્યા છે.

જે અંતર્ગત કે.પી.ગ્રુપના ચેરમેનશ્રી ડો.ફારુક પટેલ આ દીકરીઓનો ઉત્સાહ વધારવા માટે મુંબઈ એરપોર્ટ થી મક્કા-મદીના હજ યાત્રામાં પરિવાર સાથે જોડાશે.તેમજ જુન ૨૦૨૬માં તમામ દીકરીઓના મમ્મી અને સાસુઓને ચારધામ જાત્રાએ મોકલવા જઈ રહ્યા છે જેનો ઉદ્દેશ પી.પી.સવાણી ગ્રુપમાં લગ્ન થયેલી પિતા વિહોણી દીકરીઓના ગંગાસ્વરૂપ માતા તેમજ સાસુ વચ્ચેનો સંબધને વધુ ગાઢ બને જેથી કરી આ તમામ દીકરીઓના લગ્ન જીવનને વધુ મજબુત બનાવી શકાય. આ હિન્દુ-મુસ્લિમ ધર્મની પવિત્ર તીર્થ સ્થળોની જાત્રા મોકલવા માટે ડો.ફારુક પટેલ, ચેરમેન-એમડી, કેપીગ્રૂપ અને પી.પી.સવાણી ગ્રુપના મહેશભાઈ સવાણી સાથે મળીને ધર્મના ભેદભાવ વગર સમાજમાં હિન્દુ-મુસ્લિમ ભાઈ-ભાઈની લાગણી દર્શાવતું એક અનોખું ઉદાહરણ આપ્યું છે.





# તસવીરની આરપાર: વન્યસૃષ્ટિનું વિચિત્ર પ્રાણી નોળિયો...

નોળિયો વન્ય સૃષ્ટિનું વિચિત્ર પ્રાણી છે. ખાસ તો નોળિયો સાપની લડાઈ જેણે જોઈ હશે તેને ખ્યાલ હશે કે તેમની આતે કેવી દુશ્મની હશે કે જીવ સટોસટનાં ખેલ જોવા મળે અને તેમાં હંમેશાં નોળિયો જ જીતે છે! જી હા તે ખૂબ લુચ્ચું પ્રાણી છે, તેનાં તીક્ષ્ણ દાંતથી સાપની ફેણને જ તોડી નાખે છે, આથી સાપ મોતને ભેટે છે. એક એવું લોજીક છે, કે સાપ નોળિયાનાં બચ્ચાને ખાય જાય છે જેથી નોળિયો સાપ સાથે લડાઈ કરે છે, નોળિયો આમ તો માંસાહારી પ્રાણી છે.

અંદાજે ત્રણ ફૂટ જેટલું લાંબું ને લંબગોળ જેવું હોય તેની ઝીણી આંખોને ખાસ તે બે પગે ઊભું રહી દૂર સુધી જોઈ શકે અને ઝડપ ઓછી હોવાથી દોડવું કઠિન લાગે એટલે સુરક્ષિત જગ્યાએ ભોણ કરી તેમાં રહે છે. દેખાવે સોનેરી નોળિયો વન્ય સૃષ્ટિ માટે મહત્ત્વનું પ્રાણી છે.

નોળિયો (mongoose) : સાપના દુશ્મન તરીકે જાણીતું માંસાહારી (carnivroa) શ્રેણીનું સસ્તન પ્રાણી. ભારતમાં વસતા નોળિયા (અથવા નકુળ)નો સમાવેશ હર્પેટિસ કુળમાં થાય છે. ભારતમાં સૌથી વધુ પરિચિત નોળિયા તરીકે H. edwardsની ગણના થાય છે.

સાપને મારનાર તરીકે મશહૂર હોવા છતાં અન્ય પ્રાણીઓની જેમ સાપના ઝેરની અસર નોળિયા પર પણ થાય છે અને નોળિયો ઝેરથી બચવા કોઈ વિષપ્રતિકારક દ્રવ્યનું પ્રાસન પણ કરતો નથી. સાપની ગતિક્રિયાનું ચોક્કસ નિરીક્ષણ કરવાની સૂઝ નોળિયામાં હોય છે. તે પોતાના પગને ચપળતાપૂર્વક હલાવી સાપ ઉપર હુમલો કરે છે અને ઘણી વાર એક જ પ્રહારમાં સાપને મારી નાંખે છે.

જોકે કોઈ વાર અનુભવના અભાવે નોળિયાનાં નાનાં બચ્ચાં સાપના ઝેરથી મરી જતાં હોય છે. શિકાર કરેલ સાપનું માથું (વિષગ્રંથિસહિત) નોળિયાનો મનગમતો ખોરાક હોય છે. નોળિયો સાપના વિષનું ગ્રહણ મોં વાટે કરી શકે છે. નોળિયાના ખોરાકમાં ઉંદર, જાતજાતનાં નાનાં પક્ષી અને સસ્તનોનો સમાવેશ થાય છે. પક્ષીઓનું ભક્ષણ કરનાર નોળિયો પ્રાણીઘર (Zoo) માટે ખતરનાક ગણાય છે.

ભારતમાં વસતો સામાન્ય નોળિયો (H.edwardsi) ખુલ્લાં મેદાનો, ઝાડીપ્રદેશ, પથ્થરથી છવાયેલા ડુંગરો અને શુષ્ક રણ જેવા પ્રદેશોમાં જોવા મળે છે. પથ્થર વચ્ચે આવેલી ફાંટ, વૃક્ષોનાં પોલાણો, જમીનમાં પોતે બનાવેલ દર જેવાં સ્થાનોએ તે રહે છે. નોળિયો કદમાં લાંબો હોય છે. તેના શરીરની લંબાઈ ૯૦ સેમી. અને પૂંછડીની ૫૦ સેમી. જેટલી હોઈ શકે છે. તેની રુવાંટી પીળચટ્ટી, સ્થૂળ અને કડક હોય છે આવો નોળિયો જોવા જંગલમાં જશો તો વન્ય સૃષ્ટિનું અભિન્ન અંગ નોળિયો જોવા મળશે.

# સોશ્યલ મીડિયા જાગૃત વપરાશકર્તા માટે આશીર્વાદ ને બીજા માટે...

આજે ડિજિટલ ક્રાંતિનો યુગ છે. મોબાઈલ ફોન, ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાએ માનવજીવનને નવી દિશા આપી છે. આજે વિશ્વ એક 'ગ્લોબલ વિલેજ' બની ગયું છે, જ્યાં પળોમાં માહિતી એક ખૂણેથી બીજા ખૂણે પહોંચી જાય છે. સોશ્યલ મીડિયા જેવી કે વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યૂબ, એક્સ (ટ્વિટર) વગેરે લોકો માટે સંપર્ક, સંવાદ, મનોરંજન અને અભિવ્યક્તિનું મહત્ત્વપૂર્ણ માધ્યમ બની ગયાં છે, પરંતુ જેટલી ઝડપથી આ માધ્યમો લોકપ્રિય બન્યા છે એટલી જ ઝડપથી તેની સારી-નરસી અસરો માનવ જીવન પર દેખાવા લાગી છે. યોગ્ય સમજ અને સાવચેતી વિના સોશ્યલ મીડિયાનો ઉપયોગ વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી કરી શકે છે તેથી આજના સમયમાં

ઘણા લોકો અજાણતાં જ પોતાની અંગત વિગતો જેમ કે મોબાઈલ નંબર, સરનામું, જન્મતારીખ, પરિવારની માહિતી, પ્રવાસની વિગતો વગેરે જાહેર કરી દે છે. આવી માહિતીનો દુરુપયોગ થઈ શકે છે અને વ્યક્તિ ઠગાઈ, હેકિંગ અથવા અન્ય ગુનાનો શિકાર બની શકે છે. આથી, સોશ્યલ મીડિયા પર શું શેર કરવું અને શું નહી - તે અંગે સમજદારી રાખવી



જોઈએ. પ્રાઈવસી સેટિંગ્સ યોગ્ય રીતે ગોઠવવી અને અજાણ્યા લોકો સાથે અંગત માહિતી વહેંચવાથી બચવું જરૂરી છે.

સોશ્યલ મીડિયાની સૌથી મોટી સમસ્યા છે - ખોટી માહિતી, અફવાઓ અને ભ્રામક સમાચાર. કોઈપણ સમાચાર, વીડિયો કે સંદેશો સાચા છે કે નહીં તેની તપાસ કર્યા વિના ફોરવર્ડ કરવાથી સમાજમાં ભય, ગેરસમજ અને અશાંતિ ફેલાઈ શકે છે. જવાબદાર નાગરિક તરીકે દરેક વ્યક્તિએ કોઈપણ માહિતી શેર કરતા પહેલા વિચારવું જોઈએ. વિશ્વસનીયોતમાંથી માહિતી મળી છે કે નહીં, તેની પુષ્ટિ કર્યા વગર ફોરવર્ડ કરવું યોગ્ય નથી. એક ખોટો મેસેજ પણ સમાજમાં મોટું નુકસાન કરી શકે છે.

સોશ્યલ મીડિયાનો અતિશય ઉપયોગ માણસને સમયનું ભાન ભૂલાવી દે છે. કલાકો સુધી મોબાઈલ સ્ક્રોલ કરવું, રીલ્સ જોવી અને બિનજરૂરી ચર્ચામાં સમય વેડફવાથી અભ્યાસ, કામ, આરોગ્ય અને પરિવાર જીવન પર નકારાત્મક અસર પડે છે. તેથી સોશ્યલ મીડિયા માટે સમય મર્યાદા નક્કી કરવી જરૂરી છે. જીવનમાં ટેક્નોલોજી આપણું સાધન હોવું જોઈએ, જીવનનું કેન્દ્ર નહી

માનસિક સ્વાસ્થ્ય-જાગૃતિઃ

સોશ્યલ મીડિયા પર લોકો મોટેભાગે પોતાના જીવનના સારાં પાસાં જ દર્શાવે છે. આ ચમકદાર જીવન જોઈને ઘણા લોકો પોતાના જીવન સાથે તુલના કરવા લાગે છે, પરિણામે હીન ભાવના, અસંતોષ, ઈર્ષ્યા અને તણાવ વધે છે. લોકોએ સમજવું જોઈએ કે સોશ્યલ મીડિયા પર દેખાતું જીવન સંપૂર્ણ સત્ય નથી. પોતાની ખુશી અને આત્મ મૂલ્ય 'લાઈક' અને 'ફોલોઅર્સ' પર આધારિત ન રાખવું જોઈએ. માનસિક સ્વાસ્થ્ય માટે સમયાંતરે સોશ્યલ મીડિયાથી વિરામ લેવો પણ જરૂરી છે.

ભાષા તથા અભિવ્યક્તિમાં સંયમઃ

સોશ્યલ મીડિયા પર વિચારો વ્યક્ત કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં ભાષા અને વર્તનમાં સંયમ રાખવો આવશ્યક છે. અપમાનજનક શબ્દો, ઘૃણાસ્પદ સંદેશા, ટ્રોલિંગ અને સાયબર બુલિંગ સમાજમાં વિખવાદ અને નકારાત્મકતા ફેલાવે છે. સંવેદનશીલ અને સંસ્કારી ભાષા સોશ્યલ મીડિયા પર પણ એટલી જ જરૂરી છે જેટલી વાસ્તવિક જીવનમાં.

બાળકો અને યુવાનો સોશ્યલ મીડિયા પરથી ઝડપથી પ્રભાવિત થાય છે. અયોગ્ય સામગ્રી, ખોટા આદર્શો અને ઓનલાઈન લત તેમના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસને નુકસાન પહોંચાડી શકે છે માટે માતા - પિતાએ બાળકોને સોશ્યલ મીડિયાના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવું, યોગ્ય મર્યાદા નક્કી કરવી અને ખુલ્લો સંવાદ જાળવવો જરૂરી છે.

અહીં દરેક પોસ્ટ અને કોમેન્ટ માટે વ્યક્તિ પોતે જવાબદાર છે. ખોટા આરોપો, અફવાઓ, અશ્લીલ સામગ્રી અથવા કોઈની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડતી પોસ્ટ કાયદેસર ગુનો બની શકે છે. 'આ તો માત્ર મજાક છે' અથવા 'ઓનલાઈન છે એટલે કંઈ નહીં થાય' એવી માનસિકતા ખોટી છે.

## તંત્રી લેખ...-

**ગુરૂવાર, તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૬**

# ભાજપમાં નબીન યુગનો આરંભ

નવા અધ્યક્ષ તરીકે તેમના સામે ચાલુ વર્ષે ત્રણ રાજ્યોની ચૂંટણીઓમાં ભાજપના અશ્વમેધને આગળ વધારવાનો પડકાર છે. નીતિન નબીન કોણ? ગયા મહિને ભારતીય જનતા પાર્ટીએ કાર્યકારી અધ્યક્ષ તરીકે બિહારના પાંચ વારના વિધાનસભ્યનું નામ જાહેર કર્યું ત્યારે આ સવાલ પુછાતો હતો, પણ મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે નીતિન નબીન મારા બૉસ છે, એ પછી સવાલ પુછાઈ રહ્યો છે કે વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નીતિન નબીન કરશે શું? ભાજપ પાસે શીર્ષ નેતૃત્વ છે, સતત ચૂંટણી મૉડમાં રહેતું તંત્ર અને રાષ્ટ્રવ્યાપી સંગઠન છે અને નાણાંની પણ રેલમછેલ છે. ભાજપના હાઈ-કમાન્ડના નિર્ણયો પાછળ પ્રતીકાત્મકતા અને આશ્ચર્યો સર્જવાની પરંપરા અહીં જળવાઈ રહી છે અને એક સામાન્ય કાર્યકર્તા સર્વોચ્ચ પદ પર પહોંચી શકે છે, સાથે જ નીતિન નબીન ભાજપના પહેલા મિલેનિયલ (૧૯૮૧થી ૧૯૯૬ની વચ્ચે જન્મેલા) અધ્યક્ષ છે. જોકે, નવા અધ્યક્ષ તરીકે તેમના સામે ચાલુ વર્ષે ત્રણ રાજ્યોની ચૂંટણીઓમાં ભાજપના અશ્વમેધને આગળ વધારવાનો પડકાર છે. જોકે, વિરોધી પક્ષો નીતિન નબીનને ભાજપે ચૂંટણી વિના જ આ પદ પર બેસાડ્યા એ મુદ્દે મેદાનમાં ઊતરી આવ્યા છે. વધુ એકવાર આ પક્ષો અને ખાસ કરીને કૉંગ્રેસ એ જ ભૂલ કરી રહ્યું છે જે તેઓ મોદી-ભાજપના કોઈપણ નિર્ણયને વખોડી નાખવાની ઉતાવળ કરતી વખતે કરે છે. ખરેખર તો જે પક્ષો એક ચોક્કસ પરિવારની સત્તામાંથી બહાર આવી શકતા નથી, તેઓ આવો સવાલ કરે એ જ વક્રોક્તિ છે. બીજું, ભાજપે નીતિન નબીનને ક્યાંથી શોધી કાઢ્યા? એના કરતાં ભાજપને આવા પ્રયોગો કરવાનું કેવી રીતે પાલવે છે? એ સવાલ પર મનોમંથન કરવાથી વધુ લાભ થશે.

આસામ, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ નીતિન નબીનની પહેલી મહત્ત્વની જવાબદારીઓ હશે. આમાં એક આસામને બાદ કરતાં બાકીનાં બે રાજ્યોમાં ભાજપનું કદ-પહોંચ-શક્યતા મર્યાદિત રહ્યાં છે. જોકે, આમાંનાં બે રાજ્યો એવાં છે, જ્યાંના મુખ્ય પ્રધાનો પોતાના પક્ષના વડા પણ છે અને પક્ષ તથા સત્તા એક પરિવારની આસપાસ જ ફરે છે. ભાજપના વાર્ષિક અહેવાલ મુજબ, પક્ષના ચૂંટણી ખર્ચમાં છેલ્લાં પાંચેક વર્ષમાં અધધધ વધારો થયો છે. ૨૦૧૯-૨૦માં આ આંકડો રૂા. ૧૩૫૨.૯૨ કરોડ હતો, તે ૨૦૨૪-૨૫માં રૂા. ૩૩૩૫.૩૬ કરોડ પર પહોંચી ગયો છે. જોકે, પક્ષનાં સાધનોનો વહીવટ સંભાળવા ઉપરાંત નીતિન નબીનને વિધાનસભા ચૂંટણીઓ અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીથી આગળ વધી દેશના સત્તાસ્થાને રહેલા પક્ષના વડા તરીકે મહત્ત્વના મુદ્દાઓને આધાર આપવાનો પડકાર પણ રહેશે. આ પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે વાજપેયીજી, અડવાણીજી પછી નીતિન ગડકરી, રાજનાથ સિંહ અને અમિત શાહ જેવા દિગ્ગજ નેતાઓ પછી જે. પી. નડ્ડા અને હવે નીતિન નબીન જેવા નવા ચહેરાની પસંદગી કરાઈ છે.


રાજ્યોમાં ભાજપનાં પદચિહ્નો વધી રહ્યાં છે અને કેન્દ્રમાં સત્તાનું સતત ૧૩મું વર્ષ છે, આવામાં પક્ષ જાડી ચામડીનો અને ટીકાઓ પ્રત્યે બેફિકર થઈ શકે છે. નવા અધ્યક્ષ સામે પક્ષની પ્રગતિ ચાલુ રાખવા સાથે સૌને સાથે રાખી ચાલવાનો પડકાર પણ રહેશે.

# શંકરાચાર્ય વિવાદ શમવો જોઈએ

પ્રયાગરાજમાં માઘ સ્નાન સમયે બનેલી ઘટનાએ કડકડતી ઠંડીના વાતાવરણમાં પણ ગરમી લાવી દીધી છે. ધર્મ કે રાજકારણ સંદર્ભે વિવાદ થતાં રહે છે, પરંતુ અહીં વિવાદ હિંદુ ધર્મના સર્વોચ્ચ ગણાતા વ્યક્તિઓ પૈકીના એક એવા શંકરાચાર્યની આસપાસ છે. કોણ સાચું? કોણ ખોટું? તેની ચર્ચા કદાચ અનંત છે, પરંતુ આ વિવાદનો શક્ય તેટલો જલદી અંત આવવો જરૂરી છે. કારણ કે, સોશિયલ મીડિયા ઉપર આ ઘટનાને તીવ્ર રાજકીય સ્વરૂપ પણ આપવામાં આવી રહ્યું છે.

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પ્રયાગમાં માઘ સ્નાન માટે ગયા ત્યારે તંત્રએ તેમને અટકાવ્યા ત્યારથી વિવાદ શરૂ થયો છે. સ્વામી અને તેમના અનુયાયીઓ રોષે ભરાયા છે. તંત્રએ પોતાના ખુલાસા કરી દીધા છે, પરંતુ હવે પ્રકરણ બંને પક્ષના પોતાના પણ હાથમાં નથી. પહેલા દિવસે સ્નાન સંદર્ભે તંત્ર અને સ્વામીના સમુદાય વચ્ચે ઘર્ષણ થયું હતું. ત્યાર બાદ તેઓને એવું કહેવામાં આવ્યું કે, શંકરાચાર્ય પદનો દાવો તમે સાબિત કરો. સુપ્રીમ કોર્ટમાં થયેલી એક અપીલને ધ્યાને રાખીને વહીવટી તંત્રએ કહ્યું કે, ઑક્ટોબર-૨૦૨૨માં જ્યોતિર્પીઠમાં નવા અભિષેક ઉપર પ્રતિબંધ મુકાયો હતો. માઘમેળા વખતે વહીવટી તંત્રએ તેમને કહ્યું છે કે, તેઓ શંકરાચાર્ય છે તેવું ૨૪ કલાકમાં સાબિત કરે.

આ ઘટના થોડી ચોંકાવનારી છે. મધરાત્રે અધિકારી શિબિરમાં જઈને નોટિસ પાઠવે તો તેની ચર્ચા વધારે થાય તે સ્વાભાવિક છે. સ્વામીએ તો પ્રશાસન સંદર્ભે ગંભીર આરોપ લગાવ્યા છે. મૂળ મુદ્દો મધરાત્રે નોટિસ ફટકારવા ઉપરાંત આ સાબિતી મગાયાનો પણ છે. અહીં સૌથી અગત્યની બાબત એ છે કે, પ્રયાગ જેવું સ્થળ માઘ સ્નાન જેવો અવસર છે ત્યારે શંકરાચાર્ય કે કોઈપણ સંત-સાધુ સંદર્ભે વિવાદ થાય તે યોગ્ય નથી. બંને પક્ષે ઉકેલ તરફ જવું જોઈએ અને વિવાદ આગળ ન વધે તેવા પ્રયાસ થવા જોઈએ.



**જો કે સંન્યાસી અખાડાએ અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય તરીકે સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો.**

# નકલી સંતો-નેતાઓએ ગૌરવહીન બનાવી દીધો

## વહીવટીતંત્ર માફી નહીં માગે તો પોતે ધરણાં ચાલુ રાખશે અને આશ્રમમાં પાછા નહીં જાય.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં માઘ મેળો ચાલી રહ્યો છે. આ માઘ મેળામાં મૌની અમાસે થતા સ્નાન માટે બદ્રીનાથની જ્યોતિષપીઠના સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પોતાના રસાલા સાથે જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને રોકીને પગપાળા સ્નાન કરવા જવાનું કહ્યું તેમાં બબાલ થઈ ગઈ છે. પહેલાં તો સ્વામી અવિમુક્તેશ્વરાનંદના શિષ્યોએ સ્વામીને રોક્યા તેમાં પોલીસ સાથે જીભાજોડી કરી પણ પોલીસે દાદ ના આપી તેમાં હાથાપાઈ પર ઊતરી આવ્યા. પોલીસ પણ દંડા લઈને પૂરતી તૈયારી કરીને આવેલી તેમાં પોલીસ અને શિષ્યો સાથે ઝપાઝપી થઈ ગઈ.સ્વામીજી આ વાત પર ભડકી ગયા અને પોતાની શિબિરની બહાર ધરણાં પર બેસી ગયા. સોમવારથી શરૂ થયેલાં ધરણાં ચાર દિવસ પછી પણ ચાલુ છે અને સ્વામીજી એ વાત પર અડી ગયા છે કે, પોતાને રોકવા બદલ વહીવટીતંત્ર માફી માગે. વહીવટીતંત્ર માફી નહીં માગે તો પોતે ધરણાં ચાલુ રાખશે અને આશ્રમમાં પાછા નહીં જાય. સ્વામીજી શિબિરની બહાર બેસીને જ હોમ-હવન ને પૂજા-પાઠ કરી રહ્યા છે.પ્રયાગરાજના માઘ મેળાનું વહીવટીતંત્ર સ્વામી અવિમુક્તેશ્વરાનંદની ધમકીને ઘોળીને પી ગયું છે. વહીવટીતંત્રે માફી તો માગી નથી પણ ઉલટાનું સ્વામી અવિમુક્તેશ્વરાનંદને નોટિસ ફટકારી દીધી છે કે, ૨૪ કલાકની અંદર સ્વામી પોતે જ શંકરાચાર્ય હોવાનું સાબિત કરે, નહિતર લાવ લશ્કર સાથે ઉઠાવીને બહાર ફેંકી દઈશું. સ્વામીજીએ સોમવારે ધરણાં શરૂ કર્યાં એ રાત્રે ૧૨ વાગ્યે વહીવટી તંત્ર વતી અનિલ કુમાર કાનૂન્ગો નામના અધિકારી માઘ મેળામાં શંકરાચાર્યની શિબિરે પહોંચી ગયેલા અને શંકરાચાર્યના શિષ્યોને નોટિસ લેવા કહેલું પણ શિષ્યોએ નોટિસ લેવાનો ઈનકાર કરી દીધેલો. શિષ્યોનું કહેવું હતું કે, અડધી રાત્રે કોઈ જવાબદાર માણસ હાજર નથી એટલે કાલે સવારે આવજો.અનિલ કુમાર કશું કહ્યા વિના પાછા જતા રહ્યા ને મંગળવારે સવારે પાછા શંકરાચાર્યની શિબિરે પહોંચી ગયા. એ વખતે પણ શિષ્યોએ નાટક કર્યું તો અનિલ કુમાર ગેટ પર નોટિસ ચોંટાડીને પાછા જતા રહ્યા. વહીવટીતંત્રે નોટિસમાં સવાલ પણ કરેલો કે, બદરીનાથની જ્યોતિષપીઠના શંકરાચાર્યના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે ત્યારે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ માઘ મેળાની શિબિરમાં પોતાના નામની આગળ શંકરાચાર્ય લખેલું બોર્ડ લગાવીને કેમ બેસી ગયા છે?વહીવટીતંત્રે નોટિસ ચોંટાડી એટલે સ્વામી કોઈ નાટક કરી શકે તેમ નહોતા. તેમણે જખ મારીને જવાબ આપવો જ પડે એટલે ઈ-મેલ કરીને ૮ પાનાનો જવાબ ફટકાર્યો છે. સ્વામીજીએ દાવો કર્યો છે કે, પોતે જ બદરીનાથની જ્યોતિષપીઠના શંકરાચાર્ય છે તેથી વહીવટીતંત્ર નોટિસ પાછી ખેંચે. અવિમુક્તેશ્વરાનંદે ઈ-મેલથી મોકલેલા જવાબમાં નોટિસને મનસ્વી, દૂષિત અને ગેરબંધારણીય ગણાવી.છે.સ્વામીજીએ દાવો કર્યો છે કે, સુપ્રીમ કોર્ટે પોતાને એટલે કે અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય પદે રહેવાથી રોકવાનો આદેશ આપ્યો નથી. આ મુદ્દો કોર્ટમાં વિચારણા હેઠળ છે તેથી કોઈપણ ત્રીજા પક્ષને એટલે કે માઘ મેળાને ટિપ્પણી કરવાનો કે પોતાને શંકરાચાર્ય કહેવડાવતા રોકવાનો કોઈ અધિકાર નથી. સ્વામીજીએ તંત્રને નોટિસ પાછી ખેંચવાની ચેતવણી આપીને ધમકી આપી છે કે, નોટિસ પાછી નહીં ખેંચાય તો પોતે માનહાનિ અને કોર્ટના અવમાનના સહિતની કાનૂની કાર્યવાહી કરશે. તંત્રના વલણથી શંકરાચાર્યની ઈમેજ ખરાબ થઈ રહી છે તેથી આ બધી પ્રવૃત્તિ બંધ કરી દો. સ્વામીજીની ચીમકીનો માઘ મેળાનું વહીવટીતંત્ર શું જવાબ આપે છે એ જોઈએ પણ આ તાયફા આઘાતજનક છે અને હિંદુ ધર્મમાં એક સમયે અતિ સન્માનનીય મનાતા શંકચારાર્યના પદનું કોઈ ગૌરવ જ નથી રહ્યું તેના પુરાવારૂપ છે. એક સમયે શંકરાચાર્યને હિંદુ ધર્મમાં પૂજનીય માનવામાં આવતા હતા અને લોકો તેમને આદર આપતા હતા. હવે શંકરચાર્યનો હોદ્દો હુંસાતુંસીનું અને ગંદા રાજકારણનું કેન્દ્ર બની ગયો છે. પહેલાં રાજકારણીઓ શંકરાચાર્યને નમસ્કાર કરતા પણ હવે રાજકારણીઓ શંકરાચાર્યના હોદ્દાને માન આપવાની વાત તો છોડો પણ તેમને ગણકારતા જ નથી. આ સ્થિતિ આવી તેમનું કારણ આ કહેવાતા સંતો જ છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પોતાને સંત ગણાવે છે પણ વાસ્તવમાં એ સંત તરીકે નથી વર્તી રહ્યા. સંત તરીકે તેમણે સત્તાની સાઠમારીથી દૂર રહેવાનું હોય પણ તેના બદલે તેમણે શંકરાચાર્યના હોદ્દાને રાજકારણનો અખાડો બનાવી દીધો છે. અત્યારે માઘ મેળાનું વહીવટીતંત્ર સ્વામી અવિમુક્તેશ્વરાનંદને નથી ગણકારતું તેનું કારણ સ્વામીનીજીની કૉંગ્રેસ સાથેની નિકટતા છે. અવિમુક્તેશ્વરાનંદ સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીના શિષ્ય છે. સ્વરૂપાનંદ પણ કૉંગ્રેસ ભક્તિના કારણે બહુ વગોવાયા હતા. શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીનું ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ ૯૯ વર્ષની વયે લાંબી બીમારી બાદ અવસાન થયું હતું. સ્વરૂપાનંદને સમાધિ અપાઈ એ પહેલાં સ્વામી સ્વરૂપાનંદની ઈચ્છાના આધારે તેમના અંગત સચિવ અને શિષ્ય સુબોધાનંદ મહારાજે તેમના અનુગામીઓના નામની જાહેરાત કરી હતી. આ જાહેરાત પ્રમાણે, જ્યોતિષ પીઠ બદ્રીનાથની ગાદી સ્વામી અવિમુક્તેશ્વરાનંદને અને દ્વારકા શારદા પીઠની ગાદી સ્વામી સદાનંદને સોંપવામાં આવી હતી.

જો કે સંન્યાસી અખાડાએ અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય તરીકે સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. નિરંજની અખાડાના તત્કાલીન સચિવ અને અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ મહંત રવીન્દ્ર પુરીએ દાવો કર્યો હતો કે અવિમુક્તેશ્વરાનંદની નિમણૂક નિયમોની વિરુદ્ધ કરાઈ છે અને પરંપરાનું પાલન નથી કરાયું તેથી તેમને શંકરાચાર્ય તરીકે સ્વીકારી ના શકાય. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ અવિમુક્તેશ્વરાનંદનો શંકરાચાર્ય તરીકે પટ્ટાભિષેક થવાનો હતો પણ સંન્યાસી અખાડાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરતાં સમારોહ પર સ્ટે આવી ગયો ને ત્યારથી અવિમુક્તેશ્વરાનંદ લટકેલા છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પણ અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય બનાવવા સામે વાંધો લીધો છે તેથી સુપ્રીમ કોર્ટ ઝડપથી સુનાવણી નથી કરતી એવું કહેવાય છે.ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર છે અને અવિમુક્તેશ્વરાનંદ કૉંગ્રેસ તરફી છે તેથી સરકારે તક ઝડપીને માઘ મેળામાં તેમને તેમની હૈસિયત બતાવી દેવા માટે સ્નાન ના કરવા દીધું. અવિમુક્તેશ્વરાનંદને અહેસાસ કરાવી દેવાયો કે, એ પોતે ગમે તેટલી કૂદાકૂદ કરે પણ તમને હજુ અમે શંકરાચાર્ય તરીકે સ્વીકાર્યા નથી તેથી હિંદુઓના મેળાઓમાં કે મોટા કાર્યક્રમોમાં કોઈ વિશેષ સરભરાની આશા ના રાખતા, બીજા સામાન્ય સાધુઓની જેમ આવવું હોય તો આવો, બાકી પાલખીમાં પધારવાના ને એ બધા ધખારા છોડી દો.

**નોંધવું રહ્યું કે, વર્તમાન પરિસ્થિતિમાં કનેક્ટિવિટી અને વેપાર માર્ગો વૈશ્ર્વિક ભૂ-રાજનીતિમાં કેન્દ્રસ્થાને છે.**

# ઈરાનની અશાંતિથી ભારતને અજંપો કેમ?

> • એ જ સાથે, પશ્ચિમ એશિયામાં અસ્થિરતા વધે તો ભારતીય પ્રવાસી શ્રમિકો અને વેપાર માર્ગોની સુરક્ષા પણ જોખમમાં મુકાઈ શકે છે.

એક તરફ અમેરિકાનાં મહાવિનાશક યુદ્ધજહાજો અને સબમરીન ઈરાન તરફ ધસમસી રહ્યાં છે, ત્યાં બીજી તરફ ઇઝરાયલે હાલની ચેતવણીમાં ઈરાનને ધમકી આપી છે કે તે ભૂલથી પણ ઇઝરાયલ વિરુદ્ધ કોઇ હિલચાલ કરશે તો મહાભયાનક આક્રમણનો ભોગ બનશે! તઘલખી ટ્રમ્પે ઈરાન પર ચોમેરથી આક્રમણ કરવાની જોરદાર તૈયારી બાદ એકાએક હથિયારો તાત્પૂરતા હેઠાં મૂકવાની ઈશારત કરતા જ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણે એક પ્રકારનો હાશકારો અનુભવાયો છે. ટ્રમ્પના વધતા તોફાનોને કારણે મોટાભાગના વૈશ્વિક નિરીક્ષકોને ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા સંભળાયા હતા. જોકે, હાલ તો ટ્રમ્પે ઈરાન પર હુમલો ટાળવાનો સંકેત આપ્યો છે. કદાચ આ વિષય જૂનો જણાય, પરંતુ આજકાલ વૈશ્વિક સ્તરે લશ્કરી હિલચાલ અણધારી અને અતાર્કિક બની ગઇ છે, ક્યારે શું થઇ શકે એ કહી શકાય એમ નથી! અમેરિકાએ ઈરાનની દરિયાઇ સરહદ નજીક જેની કલ્પના ના કરી શકાય એવા વિશાળ અને મહાભયાનાક વિનાશક જહાજો અને સબમરિન તહેનાત કરી દીધી છે. અલબત્ત હાલ ટ્રમ્પે ગ્રીનલેન્ડ ડોળો જમાવ્યો છે અને હવે યુરોપ સાથે ટેરિફ વોર શરૂ કરી છે. પરંતુ આપણે ગ્રીનલેન્ડની નહીં પરંતુ ઈરાનની ચિંતા છે.

ઈરાનમાં વ્યાપક અસંતોષ અને વિશ્ર્વભરમાં વધી રહેલા તણાવ વચ્ચે ક્યાંક અમેરિકા ઈરાની બળવાખોરોના હિતના બહાના હેઠળ આક્રમણ તો નહીં કરી બેસે, એવી ચિંતા ભારતને સતાવી રહી છે. હાલ તો ઈરાનમાં હિંસાચારને બ્રેક લાગી હોવાના અહેવાલો છે અને ટ્રમ્પે પણ તેની મિસાઇલો મ્યાનમાં પાછી ખેંચી લીધી છે. સરવાળે હાલ તો ખતરો ટળી ગયો હોવાનું જણાય છે! ઈરાનમાં લાંબા ગાળાની સ્થિરતા અને શાંતિ જળવાઇ રહે એ ભારત માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની બાબત છે. ઈરાનની અસ્થિરતા અને લાંબા ગાળાની અશાંતિ અથવા સત્તા પરિવર્તનથી આપણાં દેશના આર્થિક, વ્યૂહાત્મક અને રાજનૈતિક હિતો જોખમાઇ શકે છે. એવું નથી કે કાબૂલીવાળાના દેશ સાથે આપણે જૂની મહોબ્બતનો સંબંધ છે. ભારત અને ઈરાનના સંબંધો ક્યારેય વિચારધારાની આધારિત નથી રહ્યા. આ સંબંધો હંમેશાં વ્યૂહાત્મક આવશ્યકતા પર આધારિત રહ્યા છે. ખાસ કરીને પશ્ર્ચિમ અને મધ્ય એશિયામાં પાકિસ્તાનના પ્રભાવને મર્યાદિત રાખવામાં ઈરાને વર્ષો સુધી સંતુલનકારક ભૂમિકા ભજવી છે. હાલ જ્યારે ભારતના નજીકના અને વિસ્તૃત વિસ્તાર, એટલે કે અફઘાનિસ્તાનથી લઈને પશ્ર્ચિમ એશિયા સુધીના પ્રદેશો અનિશ્ર્ચિતતાનો સામનો કરી રહ્યા છે, ત્યારે ઈરાનમાં જો અશાંતિ અને અસ્થિરતા સર્જાય તો તે માત્ર તેની સરહદો સુધી સીમિત રહેશે એવું માનવું મુશ્કેલ છે.

ભારત માટે ઈરાનનું મહત્ત્વ તેની ભૌગોલિકતામાં છે. તહેરાનનું વ્યૂહાત્મક સ્થાન, પાકિસ્તાનને બાજુ પર રાખીને ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચ અને પ્રવેશમાર્ગ આપતું રહ્યું છે. નિષ્ણાતો વારંવાર ઈરાનને ભારત માટે મધ્ય એશિયા તરફના સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમાર્ગ તરીકે વર્ણવે છે. લાંબા સમય સુધી ચાલતી અશાંતિ આ માર્ગને જોખમમાં મૂકી શકે છે અને એવા સમયમાં ભારતની ભૂખંડ આધારિત પહોંચને નબળી બનાવી શકે છે.

નોંધવું રહ્યું કે, વર્તમાન પરિસ્થિતિમાં કનેક્ટિવિટી અને વેપાર માર્ગો વૈશ્ર્વિક ભૂ-રાજનીતિમાં કેન્દ્રસ્થાને છે. ચાબહાર બંદર પ્રોજેક્ટ આ વ્યૂહાત્મક ભાગીદારીનું મહત્ત્વપૂર્ણ પ્રતીક છે. ભારતીય સહભાગિતાથી વિકસિત આ બંદર ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો ઈરાનની આંતરિક રાજકીય અશાંતિના કારણે આ પ્રોજેક્ટ અસરગ્રસ્ત થાય, તો ભારત માટે પાકિસ્તાન નિયંત્રિત માર્ગો પર આધાર ઘટાડવાનો વિકલ્પ નબળો પડી શકે છે. આ માત્ર લોજિસ્ટિક્સનું નુકસાન નહીં, પરંતુ વર્ષોની વ્યૂહાત્મક યોજના અને મૂડીરોકાણ માટે મોટો આંચકો સાબિત થઈ શકે છે. આ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને પાકિસ્તાન અને ચીન જેવા શત્રુ રાષ્ટ્રો પોતાનું સ્થાન મજબૂત બનાવી ભારતને નબળું પાડી શકે છે.

આર્થિક સંબંધો પણ ભારતની ચિંતા વધારતા પરિબળ છે. અહેવાલો અનુસાર, ભા ત હજી પણ ઈરાનના મુખ્ય નિકાસ ભાગીદારોમાં સામેલ છે. ઈરાનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ભારતે એક અબજ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. કોઈ મોટો વિક્ષેપ થાય તો આર્થિક નુકસાન સાથે સાથે અધૂરા રહી ગયેલા પ્રોજેક્ટ્સ ભારતની લાંબા ગાળાની વ્યૂહાત્મક ગણતરી પર નકારાત્મક અસર કરી શકે છે. પ્રાદેશિક સત્તા સંતુલનમાં પણ ઈરાનની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. ઈરાને ઘણી વખત શાંતિપૂર્વક પાકિસ્તાનની પ્રાદેશિક મહત્ત્વાકાંક્ષાઓને મર્યાદિત રાખવામાં મદદ કરી છે. નિષ્ણાતો ચેતવણી આપે છે કે ઈરાનમાં કોઈ શત્રુભાવ ધરાવતી અથવા અણધારી નવી સરકાર ઊભરી આવે તો ભારતની પ્રાદેશિક સ્થિતિને નુકસાન થઈ શકે છે. વધુમાં, સત્તા પરિવર્તન હંમેશા સ્થિરતા અથવા વધુ ઉદાર સરકારની ખાતરી આપતું નથી. અસ્તવ્યસ્ત પરિવર્તન વધુ આક્રમક શાસનને જન્મ આપી શકે છે, જે ભારત માટે પહેલેથી જ અસ્થિર વિસ્તારમાં રાજનૈતિક પડકારોને વધુ ગંભીર બનાવી શકે છે. આથી, નવી દિલ્હીની નજરે ઈરાનની અશાંતિ કોઈ સામાન્ય ઘટના નથી. તે ભારતની સુરક્ષા, કનેક્ટિવિટી અને પ્રાદેશિક પ્રભાવ સાથે સીધો જોડાયેલો મુદ્દો છે અને આ કારણોસર ઈરાનની સ્થિરતા ભારતની વ્યૂહાત્મક ગણતરી માટે અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે.આ ઉપરાંત, ઊર્જા સુરક્ષા પણ ભારત માટે એક મહત્ત્વપૂર્ણ પાસું છે. ઈરાન ભૂતકાળમાં ભારત માટે ખનીજ તેલનો મોટો સપ્લાયર રહ્યો છે અને ભવિષ્યમાં પ્રતિબંધો હળવા થાય તો ફરીથી ઊર્જા ભાગીદારી વધવાની સંભાવના છે. પરંતુ અશાંતિ અને રાજકીય અસ્થિરતા ક્રૂડ ઓઇલના પુરવઠા, ભાવ સ્તર અને ચુકવણી વ્યવસ્થાને અસર પહોંચાડી શકે છે, જેના સીધા પરિણામો ભારતીય અર્થતંત્ર પર પડી શકે છે.

**નવજાત શિશુ ખુબ નાજુક હોય છે. આવી સ્થિતીમાં શિશુ પોતાને બહારના તાપમાન મુજબ રાખી ન શકતા તકલીફ પડે છે.**

# નવજાત શિશુની કાળજી ખુબ જરૂરી

> ■ આ તમામ જવાબદારીમાં માતાની ભૂમિકા સૌથી મોટી હોય છે. કેટલીક એવી બાબત છે જેને ધ્યાનમાં રાખીને નાનકડા મહેમાનને હેલ્થી રાખી શકાય છે.

ઘરમાં આપનાર નવા મહેમાન ખુશીની સાથે સાથે જવાબદારી પણ લઈને આવે છે. આ જવાબદારી અસરકારક રીતે અદા કરવામાં આવે તે જરૂરી છે. શરૂઆતના દિવસોમાં તેની ખાસ કાળજી ખુબ જ જરૂરી છે. આ કાળજી રાખવાથી તે શરૂઆતી રોગથી દુર રહે છે. સાથે સાથે હેલ્થી પણ રહે છે. આ તમામ જવાબદારીમાં માતાની ભૂમિકા સૌથી મોટી હોય છે. કેટલીક એવી બાબત છે જેને ધ્યાનમાં રાખીને નાનકડા મહેમાનને હેલ્થી રાખી શકાય છે. જાણકાર લોકો અને નિષ્ણાંત તબીબો કહે છે કે જન્મના છ માસ સુધી શિશુને માતાનુ દુધ જ આપવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે તેને ખુબ ફાયદો મળે છે. કારણ કે માતાના દુધમાં કોલેસ્ટ્રોલ નામના તત્વો હોય છે. જે તેના આરોગ્ય માટે ખુબ લાભદાયી હોય છે. કદાચ આજ કારણસર માતાનુ દુધ તેના માટે આદર્શ રહે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સ્તનપાન અથવા તો બ્રિસ્ટ ફિડિંગના કારણે નવજાત શિશુના મોતની ટકાવારીમાં આશરે ૧૦ ટકા સુધીનો ઘટાડો થઈ જાય છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં નિષ્ણાંતોએ વિગત આપતા કહ્યું છે કે સ્તનપાનના કારણે નવજાત શિશુમાં મૃત્યુદર ૧૦ ટકા સુધી ઘટી જાય છે. નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૩ના જણાવ્યા મુજબ ભારતમાં નવજાત શિશુમાં મૃત્યુદર દર ૧,૦૦૦ જીવીત બાળકોના જન્મમાં ૫૭ છે. જ્યારે પાંચ વર્ષથી ઓછી વયની અંદર આ દર ૭૪.૩ ટકા છે. નવજાત શિશુમાં મૃત્યુદર માટે ઘણા કારણો જવાબદાર છે. જેમાં મુખ્ય કારણ ન્યુમોનિયા અને ડાઈરીયાનો સમાવેશ થાય છે. આ બંને બિમારીઓને ખૂબ સરળતાથી રોકી શકાય છે. આ રોગ સામે નવજાત શિશુને સ્તનપાન રક્ષણ આપે છે. સાથે સાથે આનાથી તેની રોગપ્રતિકારક શક્તિમાં ઉલ્લેખનીય વધારો થાય છે. એમ્સમાં બાળકોના નિષ્ણાંત તબીબ વિનોદ પોલે કહ્યું છે કે નવજાત શિશુની ઘણી બિમારી આ પ્રકારે દૂર થઈ શકે છે. માતાઓ દ્વારા નવજાત શિશુને વધારે પ્રમાણમાં સ્તનપાન કરાવવામાં આવે તેને લઈને જાગૃતિ કાર્યક્રમ પણ જરૂરી છે. આધુનિક સમયની મહિલાઓમાં સ્તનપાનને લઈને ઘણી ખોટી માન્યતા પ્રવર્તી રહી છે. આ મહિલાઓ માને છે કે સ્તનપાનના લીધે તેમના શરીરને નુકશાન થશે. તેમની ફિટનેશ અને ખૂબસુરતી જતી રહેશે પરંતુ આ બાબત સાચી નથી. તબીબોનું કહેવું છે કે ઓછામાં ઓછા છ મહિના સુધી નવજાત શિશુને સ્તનપાન અતિ જરૂરી છે. આનાથી બાળકની લોકપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. આ ઉપરાંત ઘણા રોગ પણ દૂર થાય છે. પોલનું કહેવું છે કે જ્યારે એક સગર્ભા મહિલા સલાસૂચનના હેતુસર સેન્ટરમાં આવે છે ત્યારે ઘણા મુદ્દે તેની સાથે વાત કરવામાં આવે છે. મહિલાઓને એવી માહિતી પણ આપવામાં આવે છે કે સ્તનપાનની મહિલાઓને કોઈ નુકશાન થતું નથી. તમામ સંજોગો હેઠળ આ ખૂબ જ પ્રાથમિક જરૂરિયાત છે. નવજાત શિશુ ખુબ નાજુક હોય છે. આવી સ્થિતીમાં શિશુ પોતાને બહારના તાપમાન મુજબ રાખી ન શકતા તકલીફ પડે છે. બાળકને હમેંશા ઢાકીને રાખવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે બાળક જે રૂમમાં હોય તે રૂમાં તાપમાન ૩૭ ડિગ્રીની આસપાસ રહે તે જરૂરી છે. જન્મના સમય શિશુના હાડકા ખુબ નબળા અને મુલાયમ હોય છે. આવી સ્થિતીમાં માતાને હાડકાને મજબુત કરવા માટે શિશુની માલિશ કરવી જોઇએ. તબીબો સાથે સલાહ કરીને બજારમાં ઉપલબ્ધ કોઇ યોગ્ય તેલનો ઉપયોગ આના માટે કરી શકાય છે. નવજાત શિશુની રડવાની બાબત હમેંશા ચિંતા ઉપજાવે તેવી હોય છે. મોટા ભાગના શિશુ ભુખ લાગવાની સ્થિતીમાં અથવા તો ભીના થઇ જવાની સ્થિતીમાં રડે છે. જો આવી સ્થિતી નથી અને તો પણ રડે છે તો તરત તબીબોનો સંપર્ક કરવો જોઇએ. નવજાત શિશુ માટે તાપ પણ જરૂરી હોય છે. ઠંડીના દિવસોમાં તેને થોડાક સમય માટે તાપમાં રાખવાની જરૂર હોય છે. આ રીતે તેને ફરાવવાની રીતને ફોટોથેરાપી તરીકે ગણવામાં આવે છે. આનાથી નવજાત શિશુના હાડકા મજબુત થાય છે. બાળકને દરરોજ થોડાક સમય માટે તાપમાં ફરાવવાની જરૂર હોય છે. આ કસરત તેને હેલ્થી રાખે છે. જાણકાર નિષ્ણાત તબીબો કહે છે કે છ મહિના બાદ શિશુને હળવી ખાવાની ચીજો આપવાની શરૂઆત કરવી જોઇએ. શિશુને પચાવવામાં તકલીફ પડે તેવી ચીજો તેને ન આપવી જોઇએ. નવજાત શિશુ ખુબ જ કોમળ હોય છે. જેથી તેને માત્ર કોમળ વસ્ત્રો જ પહેરાવવા જોઇએ. આ ઉપરાંત શિશુના વસ્ત્રો બિલકુલ અલગ રીતે ધોઇ કાઢવા જોઇએ. તેમને અલગ જગ્યાએ જ રાખવા જોઇએ. નવજાત શિશના સંબંધમાં કાળજી ખુબ મહત્વપૂર્ણ બાબત છે. કારણ કે તેને થોડીક પણ લાપરવાહી તકલીફ ઉભી કરી શકે છે. જ્યાં સુધી તે સમજવા ન લાગે ત્યાં સુધી તેની કાળઝી ખાસ રાખવાની જરૂર હોય છે. આધુનિક સમયમાં માતા બની રહેલી મહિલાઓ તમામ બાબતોને લઇને જાગૃત છે.

# નેગેટિવ PRથી કલાકારોની માનસિક સ્થિતિને અસર થાય છે : નિધિ



છેલ્લાં કેટલાંક સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નેગેટીવ પીઆર ચર્ચાનો મુદ્દો છે. કેટલાંક વખત પહેલાં તાપસી પન્નુએ પણ આ મુદ્દે વાત કરી હતી. ધુરંધર ફિલ્મ પહેલાં યામી ગૌતમે પણ નેગેટિવ પીઆરનો મુદ્દો ઉઠાવ્યો હતો. હવે રાજાસાબની હિરોઈન નિધિ અગ્રવાલે પણ આ મુદ્દે વાત કરી છે. તેણે નેગેટિવ પીઆર કઈ રીતે સ્ટાર્સની માનસિક સ્થિતિ પર અસર કરે છે અને તે આ સ્થિતિનો સામનો કઈ રીતે કરે છે, તે અંગે વાત કરી હતી.

નિધિ ગ્રવાલે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નેગેટિવ PR અને પેઈડ ઑનલાઈન કેમ્પેઈન્સનાં વધતા ટ્રેન્ડની આકરી ટીકા કરી છે. નિધિએ તેને નુકસાનકારક અને કલાકારો માટે અત્યંત અયોગ્ય ગણાવ્યું છે. નિધિએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ઘણી વખત ખરી પ્રતિભાને પ્રોત્સાહન આપવાને બદલે લોકોને નીચે પાડવા માટે પૈસા ખર્ચવામાં આવે છે.

નિધિએ એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન, ખુલાસો કર્યો કે તેને પણ નેગેટિવ PRનો સામનો કરવો પડ્યો હતો. નિધિએ જણાવ્યું, "એટલું બધું નેગેટિવ ઈ ચાલે છે! બૂક માય શો રેટિંગ્સ અને આઈએમડીબી રેટિંગ્સ જેવી બાબતોમાં પણ ઘણા લોકો નેગેટિવ એટેક કરે છે. પેઈડ રિવ્યુઝનો એક ખાસ વર્ગ છે. લોકો બીજાને નીચે ખેંચવા માટે ઘણો પૈસો ચૂકવે છે અને ક્યારેક મને લાગે છે કે લોકો પોતાને ઊંચા ઉઠાવવા કરતાં બીજાને નીચે પાડવા માટે વધુ પૈસા ખર્ચે છે. તાજેતરમાં, મારી વિરુદ્ધ પણ એક-બે નેગેટિવ કેમ્પેઈન શરૂ થયાં હતાં, પરંતુ અમે તેને તરત જ બંધ કરાવી દીધાં. કારણ કે મને થયું કે, યાર, હું મારી રીતે સારું કામ કરીને યોગ્ય દિશામાં આગળ વધી રહી છું. પરંતુ જો તમે કંઈ નેગેટિવ કરો, તો હું પણ તેનો યોગ્ય જવાબ આપીશ."

તેણે વરુણ ધવન અને કાર્તિક આર્યન વિરુદ્ધ તાજેતરમાં થયેલાં નેગેટિવ પીઆર એટેક્સ વિશે પણ વાત કરી અને કહ્યું, "આ બહુ જ ખરાબ બાબત છે. લોકો આ માટે ઘણો પૈસો ચૂકવે છે, મને લાગે છે કે આ ભયાનક છે. કારણ કે કલાકારો ખૂબ જ સંવેદનશીલ અને લાગણીશીલ હોય છે. અંદરથી તેઓ બાળક જેવા હોય છે. મને લાગે છે કે આ તેમની માનસિક સ્થિતિ માટે બિલકુલ સારું નથી. તમને લાગે છે કે તમારી પર કોઈ સતત હુમલા કરી રહ્યું છે. પબ્લિક પર્સનાલિટીઝ પબ્લિક પ્રોપર્ટી નથી હોતાં. દરેકના ઘરે

માતા-પિતા હોય છે અને તમારા પર તેમની જવાબદારી હોય છે. એટલે આ યોગ્ય નથી."


નિધિએ આગળ વરુણ અને કાર્તિકને સારા વ્યક્તિ ગણાવીને કહ્યું કે વરુણનો સ્વભાવ બાળક જેવો મળતાવળો અને પ્રોત્સાહન આપે એવો છે અને હંમેશા નવા કલાકારોને સપોર્ટ કરે છે, જ્યારે કાર્તિક માટે તેણે કહ્યું કે તે જ્યાં છે ત્યાં પહોંચવા માટે તેણે ખૂબ મહેનત કરી છે. તાજેતરમાં, જ્યારે મ્હ્રીરિનું ગીત 'ઘર કબ આઓગે' રિલીઝ થયું ત્યારે વરુણને ઑનલાઈન ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. ઘણા લોકોએ તેના અભિનયની ટીકા કરી અને તેને "ઓવરએક્ટિંગ" ગણાવ્યું. બાદમાં એવો આરોપ પણ લાગ્યો કે ઈન્ફ્લુએન્સર્સને વરુણની છબી "બગાડવા" માટે પૈસા ચૂકવવામાં આવ્યા હતા. નિધિના કામની વાત કરવામાં આવે તો, છેલ્લે પ્રભાસ સાથે તે ધ રાજાસાબ ફિલ્મમાં જોવા મળી હતી. મારુતિ દ્વારા નિર્દેશિત આ ફેન્ટસી હોરર કોમેડીએ સારું ઓપનિંગ કર્યું હતું, પરંતુ નેગેટિવ રિવ્યુઝ બાદ બીજા દિવસે જ ફિલ્મની બોક્સ ઓફિસ પર અસર થઈ હતી. સંજય દત્ત, માલવિકા મોહનન, રિદ્ધિ કુમાર અને ઝરીના વહાબ પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં છે. આ ફિલ્મે અત્યાર સુધી વર્લ્ડવાઈડ ૨૦૦ કરોડની કમાણી કરી છે.

# જયદીપ આહલાવત અને બોબી દેઓલ પછી હવે ચંદ્રચુડસિંહ ભ્રષ્ટ બાબાના રોલમાં જોવા મળશે

છેલ્લાં કેટલાંક સમયમાં બૉબી દેઓલ અને જયદીપ આહલાવત જેવા કલાકારોનો અભિનય ભ્રષ્ટ બાબાઓના રોલમાં ઘણો વખણાયો છે. બૉબી માટે તો આશ્રમ સિરીઝ તેની કેરિઅરમાં મોટો વળાંક લઈને આવી અને જાણે તેની કેરિઅરની નવી ઈનિંગ શરૂ થઈ. જ્યારે ૨૦૨૪માં આવેલી ફિલ્મ મહારાજમાં પણ જયદીપનો અભિનય ઘણો વખણાયો હતો. આ સિવાય પણ આવા ઘણા બાબાઓ બોલિવૂડની અલગ અલગ ફિલ્મોમાં જોવા મળ્યા છે. ત્યારે એક સમયનો રોમેન્ટિક હિરો ગણાતો ચંદ્રચુડ સિંહ હવે તેની આવનારી ફિલ્મમાં આવા જ એક ભ્રષ્ટ બાબાના રોલમાં જોવા મળશે. તે હુમા કુરેશીની આવનારી ફિલ્મ 'બયાન'માં આ પ્રકારના વિલનનો રોલ કરવાનો છે.

હુમા કુરેશી આ ફિલ્મ એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરીકે પ્રોડ્યુસ કરશે અને બિકાસ રંજન મિશ્રા આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં આ ફિલ્મ ટોરન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં સ્ક્રીન થઈ હતી, જેમાં નીરજ ઘેવાનની હોમબાઉન્ડ અને અનુરાગ કશ્યપની બૉબી દેઓલની બંદર પણ સ્ક્રીન થઈ હતી. આ ફિલ્મ અંગેના અહેવાલો અનુસાર, આ ફિલ્મમાં હુમા કુરેશી રાજસ્થાનના મહાદુર પોલીસ ઓફિસરનો રોલ કરે છે, જે એક મહારાજના કેસની તપાસ કરે છે, જેણે પોતાના આશ્રમમાં અનેક છોકરીઓ સાથે દુષ્કર્મ આચર્યું છે. તે એક શક્તિસાળી વ્યક્તિ છે અને પોલિસ તેમજ રાજકારણમાં તેના ઉંચા સંપર્ક અને વગ ચાલે છે. તેથી આ મહારાજની વિરુદ્ધ બયાન લેવામાં પોલિસને કેટલી મુશ્કેલી પડે છે, તે અંગે આ ફિલ્મમાં દર્શાવાયું છે.

હુમા અને ચંદ્રચુડ સિવાય આ ફિલ્મમાં સચિન ખેડેકર, વિભોર મયંક, સ્વાતિ દાસ અને શંપા મંડલ સહિતના કલાકારો છે. આ ફિલ્મ ૨૦૨૬માં થિએટરમાં રિલીઝ થશે. છેલ્લે ચંદ્રચુડ સુષ્મિતા સેનની સિરીઝ આર્યા અને અક્ષય કુમારની ઓટીટી ફિલ્મ કટપુતલીમાં જોવા મળ્યો હતો. ઓગસ્ટ ૨૦૨૫માં આપેલા એક ઈન્ટરવ્યુમાં હુમા કુરેશીએ જણાવ્યું હતું, "સ્ક્રીપ્ટ જોરદાર હતી. બિકાસ અને શાંડિલ્યને આ વાર્તા કહેવી જ હતી અને આ વાર્તા ભલે ભારતને લગતી હતી, તેમ છતાં વૈશ્વિક ઓડિયન્સના મોટા હિસ્સાને સ્પર્શે એવી હતી. આ ફિલ્મને રોટરડેમના ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના હુબર્ટ બેલ્સ ફંડમાંથી પણ સહકાર મળ્યો છે. એલએ રેસિડેન્સી દરમિયાન ૨૦૧૯માં આવેલી ફિલ્મ ચર્નોબિલના ક્રેગ મેઝીનના મર્ગદર્શન હેઠળ આ ફિલ્મની સ્ક્રિપ્ટ લખાઈ હતી. મને વું લાગ્યું કે આ ફિલ્મ માટે મારે કામ કરવું છે.



# વિશાલ ભારદ્વાજની થ્રિલરમાં શાહિદ કપૂર-તૃપ્તિ ડિમરીની લવ-હેટ સ્ટોરીનો ખુની ખેલ

વિશાલ ભારદ્વાજની શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી લીડ રોલમાં છે એવી ફિલ્મ 'ઓ'રોમિયો'નું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે. જેમાં શાહિદના હસીન ઉસ્ત્રા અવતારની દુનિયાની એક ઝલક દર્શકોને આપી છે.

શાહિદ કપૂર ડાર્ક અને ઈન્ટેન્સ એક્શન-થ્રિલર ઓ'રોમિયો સાથે વિશાલ ભારદ્વાજ સાથે પરત ફર્યો છે. ફિલ્મ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ થિએટરમાં રિલીઝ થવાની છે, તે પહેલાં જ નિર્માતાઓએ તેનું જકડી રાખે એવું ટ્રેલર રજૂ કર્યું છે. ટ્રેલરના દ્રશ્યો પરથી સ્પષ્ટ થાય છે કે શાહિદ કપૂરનો હસીન ઉસ્ત્રા અવતાર કોઈ પર દયા બતાવવાના મૂડમાં નથી. વિશાલ ભારદ્વાજે એવી એક્શન-થ્રિલર બનાવી છે, જેને દર્શકો ૭૦ એમએમ સ્ક્રીન પર જોવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. લાંબા સમય બાદ ઓ'રોમિયોનું ટ્રેલર અંતે રિલીઝ થયું છે અને તે દરેકની ચર્ચાનો વિષય બની ગયું છે. ૩ મિનિટ અને ૮ સેકન્ડની આ ક્લિપ શાહિદ કપૂર દ્વારા ભજવાયેલા હસીન ઉસ્તારાના જોખમી જીવનની ઝલક આપે છે.ટ્રેલરની શરૂઆતમાં શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી પ્રેમીઓ તરીકે એકબીજાને દીવાના થઈને પ્રેમ કરવાના ખતરનાક પરિણામો ભોગવતાં દેખાય છે. ત્યારબાદ એન્ટ્રી થાય છે વિલન અવતારમાં અવિનાશ તિવારીની, જે હવે કાસાનોવા બની ગયેલા રોમિયો સામે બદલો લેવા તત્પર છે.સત્ય ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મની વાર્તા દર્શકોને એ સમયમાં લઈ જાય છે, જ્યારે ઉસ્ત્રા એક નિર્દય સ્થાનિક ગુન્ડો અને ખુની હતો, જે પોતાને હીરો માનતો હતો. "ઉસ્તારા સે પંગા નહીં લેને કા, શરીર સે આત્મા કાટ કે લે જાતા હૈ" જેવા પ્રભાવશાળી સંવાદો તેના ખતરનાક સ્વભાવને છતો કરવા માટે પુરતા છે.નાના પાટેકર અને અવિનાશ સાથે અથડામણ, રસ્તાઓ પર ડાન્સ કરવો -ઉસ્ત્રા આ બધું કરતો જોવા મળે છે, પછી તેની મુલાકાત તેના તૃપ્તિ ડિમરી સાથે થાય છે. તે કોઈની હત્યા કરાવવાની સોપારી લઈને શાહિદ પાસે આવે છે, પરંતુ અંતે પોતાની ધારદાર નજરો અને તીખા ડાયલોગ્સથી રસ્તાના રોમિયોને શિકાર બનાવી લે છે. જોકે, તેમની લવ-હેટ સ્ટોરી આ આવનારી થ્રિલરમાં એક ખુંખાર વળાંક લેશે.દિશા પટ્ટણીનાં એક આઈટમ નંબરની ઝલક પણ ટ્રેલરમાં જ મળે છે.

# 'ધુરંધર'ની બંને ફિલ્મોના બ્રોડકાસ્ટ રાઇટ્સ પેકેજ તરીકે એકસાથે વેચાશે

## પહેલી ફિલ્મની સફળતાનો લાભ લઇને એકસાથે બે ફિલ્મની કરોડોની ડીલની આશા

બોલીવૂડની સૌથી મોટી ફ્રેન્ચાઈઝમાંની એક બની ગયેલી ધુરંધરની પહેલી ફિલ્મ હજુ તો સફળતાપુર્વક થિએટરમાં ચાલી રહી છે અને તેના બીજા ભાગની રિલીઝની પણ ચર્ચા શરૂ થઈ ચુકી છે. ભલે આ ફિલ્મે કમાણીના બધાં રેકોર્ડ તોડી નાખ્યા પરંતુ હજુ પણ એવા ઘણા લોકો છે, જેઓ આ ફિલ્મ ટીવી પર કે ઓટીટી પર આવે તેની રાહ જોઈ રહ્યા છે. ઘણા લોકોને એવી પણ ઈચ્છા હતી કે પહેલી ફિલ્મ ઓટોટી પર આવી જાય તો બીજી ફિલ્મ થિએટરમાં જોવા જઈ શકાય.ત્યારે હવે આ અંગે નવા અહેવાલો સામે આવ્યા છે. ધુરંધરના નિર્માતાઓ સ્પાય થ્રિલરના બંને ભાગના બ્રોડકાસ્ટ રાઈટ્સ એક જ પેકેજ તરીકે વેચવાનું વિચારી રહ્યા છે. પહેલી ફિલ્મ વખણાઈ છે અને કમાણી કરી છે, તેનો લાભ લેવા માટે બીજી ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં જ પહેલી ફિલ્મના ટીવી બ્રોડકાસ્ટિંગ અને ડિજીટલ સ્ટ્રીમિંગના રાઈટ્સની ડીલ કરી લેવા માગે છે. જેથી તેઓ તેમાંથી પણ પુરતી આવક મેળવી શકે. પહેલી ધુરંધરમાં રણવીર સિંહ, સંજય દત્ત, આર. માધવન, અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ મુખ્ય ભૂમિકામાં હતા, ડિસેમ્બર ૨૦૨૫માં થિયેટરમાં રિલીઝ થયા બાદ પહેલેથી જ મોટી વ્યાવસાયિક સફળતા મેળવી ચૂકી છે. તેની ચોટદાર કહાની, વિશાળ સ્કેલ અને મજબૂત બોક્સ ઑફિસ પ્રદર્શનને કારણે વર્ષની સૌથી નોંધપાત્ર હિન્દી ફિલ્મોમાંની એક બની હતી.ત્યારે હવે કેટલાક અહેવાલો અનુસાર ફિલ્મના ડિરેક્ટર આદિત્ય ધર અને જિયો સ્ટુડિયોઝ બંને ફિલ્મો માટે એક્સક્લૂસિવ લિનિયર ટ્રાન્સમિશન અને રીટ્રાન્સમિશન રાઈટ્સ આવરી લેતી લાઈસન્સ પ્રક્રિયામાં છે. તેમાં સેટેલાઈટ ચેનલ્સ, ડીટીએચ (ડાયરેક્ટ-ટુ-હોમ) સેવાઓ, આઈપીટિવી (ઈન્ટરનેટ પ્રોટોકોલ ટેલિવિઝન), કેબલ અને અન્ય મીડિયા સામેલ છે.આ વાટાઘાટોથી પરિચિત એક સૂત્રએ જણાવ્યું, "આદિત્ય અને જિયો સ્ટુડિયોઝે સેટેલાઈટ ચેનલ્સ સાથે ચર્ચા શરૂ કરી દીધી છે. પહેલો ભાગ ૩૧ માર્ચથી ટીવી પરથી પ્રસારિત થવાની શક્યતા છે, જ્યારે બીજી ફિલ્મ ૧૯ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે, તેના રિલીઝના ૧૧૭ દિવસ બાદ, એટલે કે લગભગ ચાર મહિના પછી ટીવી સ્ક્રીન પર આવશે."ટ્રેડ વિશ્લેષકો આ સંયુક્ત બ્રોડકાસ્ટ રણનીતિને એક વ્યવહારુ બિઝનેસ નિર્ણય તરીકે જોઈ રહ્યા છે, જે ફ્રેન્ચાઈઝની સતત લોકપ્રિયતા પર વિશ્વાસ દર્શાવે છે. ધુરંધરઃ ધ રિવેન્જ નામની તેની સીક્વલ માટે ઘણી ઉત્સુકતા અને અપેક્ષાઓ છે, જે માર્ચ ૨૦૨૬માં પેન-ઈન્ડિયા રિલીઝ માટે તૈયાર છે. ટ્રેડ એક્સપર્ટ તરણ આદર્શે ફિલ્મના અધિકારોની પ્રક્રિયા અંગે એક અહેવાલમાં જણાવ્યું છે, "જો આ સાચું હોય, તો આ એક વ્યવહારુ નિર્ણય છે. ભૂતકાળમાં પણ કેટલીક વખત નિર્માતાઓએ બે કે ત્રણ પ્રોજેક્ટ્સને એકસાથે જોડ્યા છે. એ રીતે તેમને સારી રકમ મળવાની ખાતરી રહે છે. ધુરંધરે પહેલાં જ કમાણીના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હોવાથી, નિર્માતાઓ પોતાની માંગ મુજબ કિંમત માગી શકે છે."આ બ્રોડકાસ્ટ અધિકારની પ્રક્રિયા હજુ વાટાઘાટોના તબક્કામાં છે. ટીમ ચીન, તાઈવાન અને મકાઉ સિવાયના દેશોમાં ટ્રાન્સમિશન ડીલ્સને અંતિમ સ્વરૂપ આપી રહી છે. નિર્માતાઓ અને જિયો સ્ટુડિયોઝે મીડિયા ડીલ્સ અંગે હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.



## જોય એવોર્ડ્સ ૨૦૨૬ : લવેન્ડર કાર્પેટ પર કયા સેલેબ્રિટીઝનું ડ્રેસિંગ હિટ અને કોણ રહ્યું મિસ...!

**રિહાધમાં યોજાયેલા જોય એવોર્ડ્સ ૨૦૨૬ની રેડ કાર્પેટ જાણે સ્ટાઇલનો ભવ્ય ઉત્સવ બન્યો હતો. જેમાં શાહરુખની એન્ટ્રીની પણ ઘણી ચર્ચા છે. આ એવોર્ડમાં એન્ટરટેઇનમેન્ટ જગતના અનેક મોટી હસ્તીઓએ હાજરી આપી હતી. રિયાધના મનોરંજન કેલેન્ડરની આ જાણીતી ઇવેન્ટમાં અભિનેતાઓ, ગાયકો, કન્ટેન્ટ ક્રિએટર્સ અને વૈશ્વિક સ્ટાર્સ એકત્રિત થયા હતા, જેમણે પોતાની એન્ટ્રીને ફેશન મોમેન્ટમાં ફેરવી દીધી. આ વર્ષે જોવા મળેલા લુક્સ હાઈ-ગ્લેમર ડ્રેસિંગ પ્રકારના જોવા મળ્યા, જેમાં કુટ્યોર સિલ્વેટ્સ, ચકાચોંધ એમ્બેલિશમેન્ટ્સ અને દરેક આઉટફિટને સંપૂર્ણ બનાવતી સ્ટેટમેન્ટ જ્વેલરી આકર્ષણ રહ્યું હતું. એલી સાબ, કેરોલિના હેરેના અને જિઆમ્બતિસ્તા વલ્લી જેવા આઇકોનિક ફેશન હાઉસિસથી માંડીને જુહૈર મુરાદ અને જ્યોર્જ હોબિકા જેવા રેડ કાર્પેટ ફેવરિટ્સ સુધી, આ ઇવેન્ટમાં ટાઇમલેસ એલિગન્સ અને આધુનિક ડ્રામાનો સુંદર સંગમ રજૂ થયો હતો. આ ઇવેન્ટમાં અમિરાત્સ વુમન જોય એવોર્ડ ૨૦૨૬માં મજબૂત સ્ટાઇલ સ્ટેટમેન્ટ આપનાર શ્રેષ્ઠ આઉટફિટમાં સજ્જ સ્ટાર્સની એક ઝલક જોઈએ.**

# કાર્તિક આર્યન નિખિલ નાગેશ ભટ્ટ સાથે માઇથોલોજિકલ એક્શન એડવેન્ચર ફિલ્મ કરવાનો હોવાની ચર્ચા

તાજેતરમાં કાર્તિક આર્યનની ફિલ્મ તું મેરી મૈં તેરા મૈં તેરા તું મેરી બોક્સ ઑફિસ પર ખાસ કોઈ પ્રભાવ બતાવી શકી નથી. જોકે, તેના કારણે તેની કારકિર્દી પર કોઈ અસર પડી નથી. હજુ પણ સારા ડિરેક્ટર પ્રોડ્યુસર્સ પાસેથી તેને સારી સ્ક્રિપ્ટ અને ઓફર મળી રહી છે. છેલ્લા કેટલાક અહેવાલો અનુસાર તે ધર્મા પ્રોડક્શન સાથે ત્રીજી ફિલ્મ માટે ચર્ચાઓમાં હતો, હવે મળી રહેલી માહિતી મુજબ કાર્તિક એક્શન એડવેન્ચર ફિલ્મ કિલના ડિરેક્ટર નિખિલ નાગેશ ભટ્ટ સાથે એક માઈથોલોજીકલ એડવેન્ચર ફિલ્મ માટે ચર્ચાના અંતિમ તબક્કામાં છે.આ અંગે સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "નિખિલ નાગેશ ભટ્ટે કાર્તિક આર્યનને બિલકુલ અલગ ફિલ્મ ઓફર કરી છે. ભારતીય પૌરાણિક કથાઓ પર આધારિત આ એક એક્શન-એડવેન્ચર ફિલ્મ છે. તેનો વિષય કમર્શીયલ હોવા છતાં નવો અને દરેક પ્રકારના ઓડિયન્સને આકર્ષવાની ક્ષમતા ધરાવતો છે. તેથી કાર્તિક આ ફિલ્મ માટે ખૂબ ઉત્સાહિત છે. વધુમાં, કાર્તિકને નિખિલની કિલ પણ બહુ ગમી હતી અને તેને લાગે છે કે નિખિલ એવો ડિરેક્ટર છે, જેના પર નજર રાખવી જોઈએ."સૂત્રએ આગળ જણાવ્યું, "કાર્તિક આર્યન અને નિખિલ નાગેશ ભટ્ટ વચ્ચેની ચર્ચા લગભગ અંતિમ તબક્કામાં છે. જો બધું સારી રીતે ગોઠવાઈ જાય અને તમામ બાબતો અનુકૂળ બને, તો કાર્તિક બહુ જલ્દી આ ફિલ્મ સાઈન કરી દેશે. સાથે જ કાર્તિક નિખિલ બન્ને એક મોટા સ્ટુડિયો સાથે પણ પ્રોજેક્ટના પ્રોડક્શન અને ફાઈનાન્સિંગ માટે વાતચીત કરી રહ્યા છે. આ બાબતે પણ ચર્ચા લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે."જો કાર્તિકની આવનારી ફિલ્મની વાત કરવામાં આવે તો, તે ૨૦૨૬માં રિલીઝ થનારી પોતાની બે ફિલ્મોની તૈયારીમાં પણ વ્યસ્ત છે. નાગઝિલ્લામાં તે ઈચ્છાધારી નાગ તરીકે જોવા મળશે. તાજેતરમાં જેમાં રવિ કિશન વિલનના રોલમાં છે. આ ફિલ્મ ફુકરે ફેમ મૃગદીપ સિંહ લાંબા ડિરેક્ટ કરે છે અને કરણ જોહરનું ધર્મા પ્રોડક્શન્સ તથા મહાવીર જૈનની મહાવીર જૈન ફિલ્મ્સ આ ફિલ્મ પ્રોડ્યુસ કરે છે. અહેવાલો અનુસાર શ્રીલીલા ફિલ્મમાં લીડ એક્ટ્રેસના રોલમાં છે.

# અભિષેકનો ઝંઝાવાત, ભારતે ન્યૂઝીલેન્ડને ૪૮ રને કચડ્યું

## પ્રથમ ટી૨૦માં અભિષેક (૮૪), રિન્કુ (૪૪★)ની ધમાકેદાર બેટિંગ, ભારત ૨૩૮/૭ સામે ન્યૂઝીલેન્ડ ૧૯૦/૭, ફિલિપ્સના ૭૮ રન







ભારતના વિસ્ફોટક ઓપનર બેટ્સમેન અભિષેક શર્માની ઝંઝાવાતી ઈનિંગ્સ અને રિન્કુ સિંહની ફટકાબાજીની મદદથી ભારતે પ્રથમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ન્યૂઝીલેન્ડને ૪૮ રને કચડ્યું હતું. પાંચ ટી૨૦ મેચની સિરીઝમાં ભારતે વિજયી પ્રારંભ કરીને ૧-૦ની સરસાઈ પ્રાપ્ત કરી હતી. ભારતને પ્રથમ બેટિંગનું નિમંત્રણ મળતાં ડાબોડી ઓપનર અભિષેક શર્માના ૩૫ બોલમાં ૮૪ રન તથા રિન્કુ સિંહના ૨૦ બોલમાં અણનમ ૪૪ રનના સહારે નિર્ધારિત ઓવરમાં સાત વિકેટે ૨૩૮ રનનો નોંધપાત્ર સ્કોર રજૂ કર્યો હતો. ન્યૂઝીલેન્ડની ટીમનો રનચેઝ કરવામાં પનો ટૂંકો પડ્યો હતો. ગ્લેન ફિલિપ્સના ૭૮ રનને બાદ કરતા અન્ય કોઈ બેટ્સમેન ખાસ મોટી ઈનિંગ્સ રમી શક્યો નહતો અને કિવિ ટીમ ૨૦ ઓવરના અંતે સાત વિકેટે ૧૯૦ સુધી સિમિત રહી ગઈ હતી. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૨૩મીએ બીજી ટી૨૦ મેચ રાયપુરમાં રમાશે. આગામી મહિનાઓમાં ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન હોવાથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત માટે આ શ્રેણી મહત્વની છે. બન્ને ટીમો માટે આ ટી૨૦ સિરીઝ વર્લ્ડ કપ અગાઉની નેટ પ્રેક્ટિસ પુરવાર થશે.

ન્યૂઝીલેન્ડની ટીમની કંગાળ શરૂઆત જોવા મળી હતી. ૫૨ રનમાં ત્રણ મહત્વની વિકેટ ગુમાવ્યા બાદ ગ્લેન ફિલિપ્સે ૪૦ બોલમાં ચાર ચોગ્ગા અને છ છગ્ગાની મદદથી ૭૮ રન ફટકારીને ટીમને સ્થિરતા અપાવી હતી. માર્ક ચેપમેન (૩૯)એ તેનો સાથ આપતા ચોથી વિકેટ માટે ૭૯ રનની ભાગીદારી નોંધાવી હતી. ડેરેલ મિચેલ ૨૮ અને કેપ્ટન મિચેલ સેંટનરના અણનમ ૨૦ રન પણ ટીમને જીતાડી શક્યા નહતા. ભારત તરફથી વરુણ ચક્રવર્તી અને શિવમ દુબેએ બે-બે વિકેટ ઝડપી હતી. ભારતના ઓલરાઉન્ડર સ્પિનર અક્ષર પટેલને બોલિંગ દરમિયાન હાથમાં બોલ વાગતા ઈજા થઈ હતી અને તે અડધી ઓવર છોડીને બહાર જતો રહ્યો હતો. અભિષેકે તેની ઓવરના બાકીના ત્રણ બોલ ફેંક્યા હતા. અક્ષર પટેલની ઈજા કેટલી ગંભીર છે તે અંગે વધુ સ્પષ્ટતા કરવામાં આવી નહતી.

કિવિઝે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગનો નિર્ણય કર્યો હતો. ટી૨૦ ચેમ્પિયન ભારતે સંજૂ સેમસન (૧૦) અને ઈશાન કિશન (૮)ની વિકેટ ઝડપથી ગુમાવી હોવા છતા સકારાત્મક પ્રારંભ કર્યો હતો. અભિષેક શર્માએ તેના આગાવા અંદાજમાં ન્યૂઝીલેન્ડના બોલર્સની ધોલાઈ ચાલુ રાખી હતી. અભિષેકે ૩૫ બોલમાં પાંચ ચોગ્ગા અને આઠ સિક્સરની મદદથી ૮૪ રન ફટકાર્યા હતા. સુકાની સુર્યકુમાર યાદવે ૩૨ રન તથા હાર્દિક પંડ્યાએ ૨૨ રનનું યોગદાન આપ્યું હતું. અભિષેક અને સુર્યકુમાર વચ્ચે ત્રીજી વિકેટ માટે ૪૭ બોલમાં ૯૯ રનની પાર્ટનરશિપ થઈ હતી. ભારતની મક્કમ શરૂઆત બાદ મધ્ય હરોળના બેટ્સમેનો એક પછી એક આઉટ થતા ત્રણ વિકેટે ૧૨૬થી સ્કોર ૧૬૬ રનમાં પાંચ વિકેટ થયો હતો. રિન્કુ સિંઘ ૨૦ બોલમાં ઝડપી ૪૪ રન કરીને અણનમ રહ્યો હતો જેમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગાનો સમાવેશ થાય છે. ન્યૂઝીલેન્ડના બોલર જેકોબ ડફી અને કાયલ જેમિસને બે-બે વિકેટ લીધી હતી. ક્રિસ્ટિયન ક્લાર્ક, ઈશ સોઢી તથા સુકાની સેન્ટનરને એક સફળતા મળી હતી.

# યુરોપમાં અભિષેક બચ્ચનની ETPL T20 લીગમાં સેલિબ્રિટીઝ જોડાયા

## સ્ટીવ વો અને મેક્સવેલ ફ્રેન્ચાઇઝીના માલિક બન્યા



બુધવારે ઓસ્ટ્રેલિયન ક્રિકેટના મહાન ખેલાડી સ્ટીવ વો, હાર્ડ-હિટર ગ્લેન મેક્સવેલ અને હોકી સુપરસ્ટાર જેમી ડ્વાયરને ફ્રેન્ચાઇઝ માલિક તરીકે નામ આપવામાં આવ્યા બાદ યુરોપિયન T૨૦ પ્રીમિયર લીગ (ETPL) હેડલાઈન્સમાં આવી ગઈ. બોલિવૂડ સ્ટાર અભિષેક બચ્ચન દ્વારા શરૂ કરાયેલી આ લીગ ICC દ્વારા માન્ય છે અને તેને સ્કોટલેન્ડ, નેધરલેન્ડ અને આયર્લેન્ડના ક્રિકેટ બોર્ડનો પણ ટેકો છે.

આ લીગ ગયા વર્ષે શરૂ થઈ હતી, પરંતુ આ વર્ષે છ ટીમો ધરાવતી ૩૪ મેચની ટુર્નામેન્ટ યોજાશે. પ્રથમ ત્રણ ફ્રેન્ચાઈઝી - એમ્સ્ટરડેમ, એડિનબર્ગ અને બેલફાસ્ટ - ના માલિકોની જાહેરાત પહેલાથી જ થઈ ગઈ છે.

એમ્સ્ટરડેમ ફ્રેન્ચાઈઝનું નેતૃત્વ સ્ટીવ વો અને ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન હોકી કેપ્ટન જેમી ડ્વાયર કરશે. એડિનબર્ગ ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ નાથન મેક્કુલમ અને કાયલ મિલ્સ કરશે.


બેલફાસ્ટ ટીમ ગ્લેન મેક્સવેલ અને NRMA ગ્રુપના ભૂતપૂર્વ સીઈઓ રોહન લુંડ કરશે. આ પ્રસંગે બોલતા, વોએ કહ્યું, "હું ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કં છું કે ક્રિકેટમાં મારો સમય અને શક્તિ ક્યાં રોકાણ કરવી. આ તક ખાસ છે કારણ કે તેમાં એક દ્રષ્ટિકોણ શામેલ છે."

સ્ટીવ વોએ કહ્યું કે આ નિર્ણય વ્યૂહાત્મક અને ભાવનાત્મક બંને હતો. વોએ સ્પષ્ટપણે કહ્યું, "મારા માટે, યુરોપ ક્રિકેટની છેલ્લી સીમા છે, અને તેથી જ હું અહીં છું." તેમણે ઉમેર્યું, "હું પરંપરાગત ક્રિકેટના માર્ગ પર ચાલ્યો નથી. હું મારા પોતાના સાહસો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું. આ મારા માટે એક મોટો પડકાર છે અને ક્રિકેટમાં પાછા ફરવાનું એક સારું કારણ છે."

વો પહેલા પણ માર્ગદર્શક રહી ચૂક્યા છે, પરંતુ તેમનું માનવું છે કે ETPL એક અનોખી તક છે જે ખંડ પર ક્રિકેટ માટે નવી જમીન બનાવશે. "યુરોપમાં ક્રિકેટ માટે આ એક નવી સીમા છે... નવી પ્રતિભા શોધવી અને રમતનો વિસ્તાર કરવો એ સૌથી રોમાંચક બાબત છે," તેમણે કહ્યું.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ક્રિકેટ ફૂટબોલ મોડેલની જેમ ક્લબ-આધારિત બનશે, ત્યારે વોએ કહ્યું, "મને હજુ પણ ટેસ્ટ ક્રિકેટ ગમે છે અને અમે ઈચ્છીએ છીએ કે તે આ રીતે જ રહે. મારા માટે, તે હજુ પણ રમતનું શ્રેષ્ઠ ફોર્મેટ છે."

# સંજુનો ડાઇવિંગ કેચ, અક્ષરની આંગળી લોહીલુહાણ

## અભિષેકે ચોથીવાર ૮+ સિક્સર ફટકારી, ન્યૂઝીલેન્ડ સામે ભારતનો હાઇએસ્ટ T-20 ટોટલ; રેકોર્ડ્સ-મોમેન્ટ્સ




ભારતે નાગપુરમાં રમાયેલી પ્રથમ T20 ઈન્ટરનેશનલમાં ન્યૂઝીલેન્ડને ૪૮ રનથી હરાવીને સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી. બુધવારે પ્રથમ બેટિંગ કરતા ભારતે ૭ વિકેટે ૨૩૮ રન બનાવ્યા, જે ન્યૂઝીલેન્ડ સામે ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો ૨૦ સ્કોર છે. ટાર્ગેટનો પીછો કરતા કીવી ટીમ ૧૯૦ રન જ બનાવી શકી.

આ જીતનો સૌથી મોટા હીરો અભિષેક શર્મા રહ્યો, જેણે ૮૪ રનની ઈનિંગ રમી. આ દરમિયાન તેણે ચોથી વખત એક ઈનિંગમાં ૮ કે તેથી વધુ છગ્ગા ફટકાર્યા. જ્યારે ન્યૂઝીલેન્ડની ઈનિંગની શરૂઆતમાં જ ભારતને મોટી સફળતા મળી, જ્યારે પ્રથમ ઓવરમાં સંજુ સેમસને ડેવોન કોનવેનો એક હાથે ડાઈવિંગ કેચ પકડી લીધો.

નાગપુરમાં ભારતે ન્યૂઝીલેન્ડ સામે પોતાનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર ૨૩૮/૭ રન બનાવ્યો. આ પહેલા ભારતનો બેસ્ટ સ્કોર ૨૩૪/૪ રન હતો, જે અમદાવાદમાં ૨૦૨૩માં બન્યો હતો. ન્યૂઝીલેન્ડ સામે ભારતે ૫ વખત ૨૦૦+નો સ્કોર બનાવ્યો છે.

સૂર્યકુમાર યાદવે ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પોતાના ડેબ્યૂ પછી માત્ર ૧૭૭૪ દિવસમાં પોતાની ૧૦૦મી ટી-20I મેચ રમી લીધી, જે પૂર્ણ સભ્ય દેશોના ખેલાડીઓમાં આ મુકામ સુધી પહોંચવાનો સૌથી ઝડપી રેકોર્ડ છે. આ પહેલા આ રેકોર્ડ પાકિસ્તાનના બાબર આઝમના નામે હતો, જેને ૧૦૦ ટી-૨૦ રમવામાં ૨૪૧૦ દિવસ લાગ્યા હતા.

અભિષેક શર્માએ ૨૦માં ન્યૂઝીલેન્ડ સામે ભારત તરફથી સૌથી ઝડપી અડધી સદી ફટકારી. તેણે માત્ર ૨૨ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. આ પહેલા આ રેકોર્ડ કેએલ રાહુલ (ઓકલેન્ડ, ૨૦૨૦) અને રોહિત શર્મા (હેમિલ્ટન, ૨૦૨૦)ના નામે હતો, જેણે ૨૩-૨૩ બોલમાં અડધી સદી ફટકારી હતી.

અભિષેક ૨૫ કે તેથી ઓછા બોલમાં સૌથી વધુ વખત અડધી સદી ફટકારનાર બેટ્સમેન પણ બન્યો. તેણે આ કારનામું ૮ વખત કર્યું છે. અભિષેક પછી ફિલ સોલ્ટ, સૂર્યકુમાર યાદવ અને એવિન લુઈસ બીજા સ્થાને છે, જેણે ૭-૭ વખત ૨૫ કે તેથી ઓછા બોલમાં ફિફ્ટી પૂરી કરી છે.ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ભારત માટે ૮ કે તેથી વધુ સિક્સરવાળી ઈનિંગ્સની વાત કરીએ તો, અભિષેક શર્મા આ યાદીમાં સૌથી આગળ નીકળી ગયો છે. તેણે અત્યાર સુધી ૪ વાર આ કારનામું કર્યું છે, જ્યારે રોહિત શર્મા અને સંજુ સેમસન ૩-૩ ઈનિંગ્સ સાથે તેની પાછળ છે. અભિષેક શર્માએ ટી-૨૦ ક્રિકેટ (ઈન્ટરનેશનલ અને લીગ ક્રિકેટ સહિત)માં પોતાના ૫૦૦૦ રન પણ પૂરા કર્યા છે.

# સબાલેન્કા, ગોફ, અલકારાઝ અને ઝ્વેરેવ ઓસ્ટ્રેલિયન ઓપનના ત્રીજા રાઉન્ડમાં

## અલહાન્દ્રો ડેવિડોવિચ ફોકિનાએ પાંચ સેટના સંઘર્ષ બાદ ઓપેલ્કાને ૬-૩, ૭-૬(૩), ૫-૭, ૪-૬, ૬-૪થી હરાવ્યો





ઓસ્ટ્રેલિયન ઓપનમાં ટોચના ક્રમાંકની આર્યના સબાલેન્કા અને કાર્લોસ અલકારાઝ સહિતના દિગ્ગજ ખેલાડીઓએ ત્રીજા રાઉન્ડ તરફ આગેકૂચ કરી હતી. જર્મનીના ટેનિસ ખેલાડી એલેક્ઝાન્ડર ઝ્વેરેવને વરસાદને લીધે મેચ શરૂ થવામાં અડધો કલાકનો વિલંબ અને ડાબા પગની ઘૂંટીમાં તકલીફ થતા મુલર સામેની જીત માટે થોડી રાહ જોવી પડી હતી. કોકો ગોફે પોતાનો સિંગલ્સ મુકાબલો આસાનીથી જીત્યો હતો જ્યારે મીરા એન્ડ્રીવા, વિક્ટોરિયા મબોકો તથા ઈવા જોવિક ત્રીજા રાઉન્ડમાં પ્રવેશી હતી. અલહાન્દ્રો ડેવિડોવિચ ફોકિનાએ પાંચ સેટના સંઘર્ષ બાદ યુએસના રીલિ ઓપેલ્કાને ૬-૩, ૭-૬(૩), ૫-૭, ૪-૬, ૬-૪થી હરાવ્યો હતો.

ઓસ્ટ્રેલિયન ઓપનમાં અલગ અલગ કોર્ટમાં મેચોનું આયોજન થઈ રહ્યું છે જેમાં દિવસ અને રાત્રીના સત્રમાં કુલ દર્શકોની સંખ્યા રેકોર્ડ ૧,૦૩,૭૨૦ નોંધાઈ હતી. છેલ્લા ચાર દિવસમાં ત્રીજા દિવસે સમગ્ર દિવસની હાજરીનો આ રેકોર્ડ નોંધાયો હતો. વર્ષના પ્રથમ ગ્રાલન્ડસ્લેમની લોકપ્રિયતામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. બે વખતની ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન આર્યના સબાલેન્કાએ રોડ લેવર એરેના ખાતે બાઈ ઝોઉશુઆન સામે ૬-૩, ૬-૧થી આસાન જીત મેળવી હતી અને ત્રીજા રાઉન્ડમાં સ્થાન પાક્કું કર્યું હતું. કોકો ગોફે ડાબોડી ઓલ્ગા દાનિલોવિચને માર્ગરિટ કોર્ટ એરેનામાં રમાયેલી બીજા રાઉન્ડની મેચમાં ૬-૨, ૬-૨થી હરાવી હતી.

પુરૂષ એકલ મુકાબલામાં ટોચના ક્રમના સ્પેનના ખેલાડી કાર્લોસ અલકારાઝે પ્રતિસ્પર્ધી હાન્ફમેન સામે ૭-૬(૪), ૬-૩, ૬-૨થી મુકાબલો જીત્યો હતો. જર્મન ટેનિસ ખેલાડી એલેક્ઝાન્ડર ઝ્વેરેવને વરસાદનું વિઘ્ન નડ્યું હતું. વરસાદને પગલે મેચ શરૂ થવામાં અડધો કલાકનો વિલંબ થયો હતો. ત્યારબાદ તેને ડાબા પગની ઘૂંટીમાં દુઃખાવો હોવાથી તે ચિંતિત હતો. તેમ છતાં ઝ્વેરેવે એલેકઝાન્ડર મુલર સામે ૬-૩, ૪-૬, ૬-૩, ૬-૪થી મક્કમ જીત હાંસલ કરી હતી. ચોથા સેટમાં ૨-૧થી આગળ રહેલા ઝ્વેરેવને ૧૫-૦ના સ્કોર પર મેચમાં વિરામ લેવાની ફરજ પડી હતી અને પગની ઈજાને લીધે તે કોર્ટમાં બાજુમાં રહેલી ખુરશી પર બેસી ગયો હતો. પેઈનકિલર લીધા બાદ તે ફરીથી રમવા ઉતર્યો હતો.

સ્થાનિક ખેલાડી એલેક્સ ડી મિનોરે દર્શકોને નિરાશ નહી કરીને હમાદ મેડજેડોવિક સામે ૬-૭(૫), ૬-૨, ૬-૨, ૬-૧થી વિજય મેળવ્યો હતો. આગામી રાઉન્ડમાં મિનોરની ટક્કર ફ્રાન્સિસ ટિયાફો સામે થશે જેણે કોમેસા સામે ૬-૪, ૬-૩, ૪-૬, ૬-૨થી વિજય પ્રાપ્ત કર્યો હતો.

મહિલા સિંગલ્સમાં અન્ય મુકાબલામાં એલિના સ્વિટોલિનાએ લિન્દા ક્લિમોવિકોવાને ૭-૬, ૬-૧થી હરાવી હતી. કારકિર્દીના પાંચમાં ગ્રાન્ડ સ્લેમ માટે રમી રહેલી સબાલેન્કા આગામી રાઉન્ડમાં અનાસ્તાસિયા પોટાપોવા સામે ટકરાશે. પોટાપોવાએ એમા રાડુકાનુ સામે ૭-૬ (૩), ૬-૨થી જીત મેળવી હતી.

પૂર્વ યુએસ ઓપન ચેમ્પિયન અને ૧૧મો સીડ ધરવતા દાનિલ મેડ્વેડેવે ક્યુએન્ટિન હાલિસને ૬-૭ (૯), ૬-૩, ૬-૪, ૬-૨ સામે વિજય નોંધાવ્યો હતો. આન્દ્રે રુબ્લેવનો જેઈમી ફારિયા સામે ૬-૪, ૬-૩, ૪-૭, ૭-૫થી વિજય થયો હતો.

# કોહલી એક અઠવાડિયામાં વન-ડે રેન્કિંગમાં નંબર-૧ પરથી હટ્યો

વિરાટ કોહલીને એક જ અઠવાડિયામાં વન-ડે બેટિંગ રેન્કિંગમાં નંબર-૧નો તાજ ગુમાવવો પડ્યો છે. બુધવારે જાહેર થયેલી ICCની લેટેસ્ટ રેન્કિંગમાં ન્યૂઝીલેન્ડના ડેરીલ મિચેલે તેમને પાછળ છોડીને ટોચનું સ્થાન હાંસલ કરી લીધું.ભારત સામેની તાજેતરની સિરીઝમાં શાનદાર પ્રદર્શનનો ફાયદો મિચેલને મળ્યો, જ્યારે કોહલી હવે બીજા સ્થાને સરકી ગયો છે. મિચેલે આ સ્થાન ૮૪૫ રેન્કિંગ પોઈન્ટ્સ સાથે હાંસલ કર્યું છે, જ્યારે કોહલી પાસે ૭૯૫ પોઈન્ટ્સ છે.મિચેલે તાજેતરમાં ભારત સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે ૩૫૨ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે બે સદી અને એક અડધી સદી પણ ફટકારી હતી. કોહલી હવે બીજા સ્થાને છે. જ્યારે અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝાદરાન ત્રીજા અને ભારતના રોહિત શર્મા ચોથા નંબર પર છે.



ડેરીલ મિચેલ તેના વન-ડે કરિયરમાં બીજી વખત નંબર-૧ રેન્કિંગ પર પહોંચ્યો છે. છેલ્લી વખત તે નવેમ્બર, ૨૦૨૫માં નંબર-૧ બેટર બન્યો હતો. ત્યારે તેની પાસેથી આ પોઝિશન રોહિત શર્માએ છીનવી લીધી હતી, જે તેના વન-ડે કરિયરમાં પહેલીવાર નંબર-૧ રેન્કિંગ પર પહોંચ્યો હતો.ઈન્દોરમાં ભારત સામે ૮૮ બોલમાં ૧૦૬ રન બનાવનાર ગ્લેન ફિલિપ્સે રેન્કિંગમાં સીધા ૧૬ સ્થાનની છલાંગ લગાવી છે. હવે ફિલિપ્સ ૨૦મા નંબર પર આવી ગયા છે. ફિલિપ્સ વન-ડે ઓલરાઉન્ડરોની યાદીમાં પણ ૧૪ સ્થાન ઉપર આવીને હવે ૩૧મા નંબર પર આવી ગયો છે. ઓલરાઉન્ડર યાદીમાં અફઘાનિસ્તાનનો અઝમતુલ્લાહ ઓમરઝાઈ જ નંબર-૧ પર યથાવત છે.ન્યૂઝીલેન્ડના કેપ્ટન માઈકલ બ્રેસવેલ પણ વન-ડે બોલિંગ રેન્કિંગમાં ૬ સ્થાન ઉપર ચઢીને ૩૩મા નંબર પર આવી ગયો છે. અફઘાનિસ્તાનનો ઓલરાઉન્ડર રાશિદ ખાન ટૉપ બોલર છે.

# સિંધુ અને શ્રીકાંત બીજા રાઉન્ડમાં પહોંચ્યા, કિરણ જ્યોર્જ-બહાર




બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ અને પૂર્વ વર્લ્ડ નંબર-૧ કિદામ્બી શ્રીકાંતે બુધવારે ઈન્ડોનેશિયા માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પોતપોતાની મેચ જીતીને બીજા રાઉન્ડમાં સ્થાન મેળવી લીધું.

મહિલા સિંગલ્સમાં પાંચમી સીડ પીવી સિંધુએ જાપાનની મનામી સુઈઝુને કડક મુકાબલામાં ૨૨-૨૦, ૨૧-૧૮ થી હરાવી. આ મેચ ૫૩ મિનિટ સુધી ચાલી, જેમાં સિંધુએ મહત્વના પળોમાં સંયમ જાળવીને જીત સુનિશ્ચિત કરી.જ્યારે, મેન્સ સિંગલ્સમાં વર્લ્ડ રેન્કિંગમાં ૩૩મા સ્થાને રહેલા કિદામ્બી શ્રીકાંતે દુનિયાના ૨૨મા નંબરના ખેલાડી કોકી વતનાબેને ૧ કલાક ૧૨ મિનિટ સુધી ચાલેલા રોમાંચક મુકાબલામાં ૨૧-૧૫, ૨૧-૨૩, ૨૪-૨૨ થી હરાવ્યો. હવે શ્રીકાંતનો આગામી મેચ ટુર્નામેન્ટના ચોથા સીડ ચાઉ ટિએન ચેન સામે થશે, જેમણે ફર્સ્ટ રાઉન્ડમાં આયર્લેન્ડના ન્હાત ગુયેનને ૨૧-૧૪, ૨૧-૧૫ થી હરાવ્યો.જોકે, અન્ય ભારતીય ખેલાડીઓ માટે દિવસ નિરાશાજનક રહ્યો. કિરણ જ્યોર્જ મેન્સ સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં ઈન્ડોનેશિયાના મોહ ઝાકી ઉબૈદિલ્લાહ સામે ૧૭-૨૧, ૧૪-૨૧થી હારીને બહાર થઈ ગયા. વુમન્સ સિંગલ્સમાં આકર્ષી કશ્યપ પણ શરૂઆતના રાઉન્ડમાં ડેનમાર્કની જૂલી ડાવાલ જેકબસેન સામે ૨૧-૮, ૨૦-૨૨, ૧૭-૨૧થી હારી ગઈ.મિક્સ્ડ ડબલ્સમાં ભારતનું અભિયાન પ્રથમ રાઉન્ડમાં જ સમાપ્ત થઈ ગયું. રોહન કપૂર અને રુથવિકા ગડ્ડેની જોડીને ફ્રાન્સના ચોથી ક્રમાંકિત થૉમ ગિક્વેલ અને ડેલફિન ડેલરૂએ ૯-૨૧, ૨૦-૨૨થી હરાવ્યા. જ્યારે ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોને ફ્રાન્સની જુલિયન માયો અને લિયા પાલેર્મોની જોડી સામે ૨૩-૨૧, ૨૦-૨૨, ૬-૨૧થી હારનો સામનો કરવો પડ્યો.

# T20 વર્લ્ડકપ ભારતમાં રમો, નહીં તો હકાલપટ્ટી કરીને સ્કોટલેન્ડને સમાવીશું... ICCનું બાંગ્લાદેશને અલ્ટીમેટમ

ભારતમાં સાતમી ફેબ્રુઆરીથી ટી૨૦ વર્લ્ડકપ-૨૦૨૬ની શરૂઆત થવાની છે. જોકે તે પહાલ બાંગ્લાદેશે ભારતમાં રમવાનો ઈન્કાર કરીને શ્રીલંકામાં તેની મેચો યોજવાની માંગ કરી છે. હવે આ મામલે આઈસીસીએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને ઝટકો આપ્યો છે. આઈસીસીએ ચોખ્ખા શબ્દોમાં કહી દીધું છે કે, જો બાંગ્લાદેશે ટી૨૦ વર્લ્ડકપમાં ભારતમાં યોજાનાર મેચો ન રમવી હોય તો તેને બહાર થવું પડશે. આ સાથે ICCએ બાંગ્લાદેશને છેલ્લું અલ્ટીમેટમ આપી દીધું છે.




વાસ્તવમાં બાંગ્લાદેશની ટી૨૦ વર્લ્ડકપની માંગને લઈને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ની આજે મહત્ત્વની બેઠક યોજાઈ હતી. બેઠકમાં આઈસીસીએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ને સ્પષ્ટ કહ્યું છે કે, જો બાંગ્લાદેશ જિદ નહીં છોડે, નહીં તો તેનું ટી૨૦ વર્લ્ડકપમાંથી પત્તું કમાઈ જશે.બેઠકમાં બાંગ્લાદેશે દલીલ કરી છે કે, આ નિર્ણય અમારી સરકાર કરશે. દલીલ પર ICCએ તેને કહ્યું કે, 'તમે તમારી સરકારને આઈસીસીનો નિર્ણય કહી દો કે, તેમની ટીમે ભારતમાં જ રમવું પડશે, નહીં તો ટીમે વર્લ્ડકપમાંથી બહાર થવું પડશે.'

# અંબિકા નદી પર રૂ. ૧૨.૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર પુલનું ભૂમિપૂજન

## ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે બ્રીજના નિર્માણ કાર્યનો આરંભ

સુરત, તા.૨૨

લોક આસ્થાના કેન્દ્ર એવા ઉમરા બ્રહ્મદેવ મંદિર અને આસપાસના વિસ્તારના નાગરિકોની સુખાકારીમાં વધારો કરતા ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાના હસ્તે સાંબા ગામે અંબિકા નદીના ઓવારા પર રૂ. ૧૨.૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૧૬૮ મીટર લાંબા પુલનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અંબિકા તાલુકાના વલવાડાથી રેલી સ્વરૂપે ધારાસભ્ય અને સ્થાનિક આગેવાનો, પંચાયતના હોદ્દેદારો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો સાંબા ગામે અંબિકા નદીના તટે પહોંચી હતી, જ્યાં ધારાસભ્યશ્રીએ અંબિકા મૈયાના નીરનું ભાવપૂર્વક પૂજન અર્ચન પણ કર્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગત તા. ૨૬/૧૨/૨૦૨૫ના રોજ વસરાઈ ખાતે યોજાયેલા આદિવાસી ઉદ્યોગ મેળા દરમિયાન આ પ્રોજેક્ટનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પુલ કાર્યરત થવાથી ઉમરા બ્રહ્મદેવના દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓ અને સ્થાનિક ગ્રામજનોને આવાગમન માટે કાયમી સુવિધા પ્રાપ્ત થશે. અંબિકા નદી પરનો આ ૧૬૮ મીટર લાંબો પુલ આ વિસ્તારના પરિવહન અને પ્રવાસન માટે અતિ ઉપયોગી નીવડશે.

# 'વંદે માતરમ'ના નાદ સાથે તટીય સુરક્ષાનું રાષ્ટ્રવ્યાપી અભિયાન

## વંદે માતરમ્- સીઆઈએસએફ કોસ્ટલ સાયક્લોથોન ૨૦૨૬ સુરત ખાતેથી પસાર થશે

સુરત, તા.૨૨

સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF) દ્વારા રાષ્ટ્રભક્તિની ભાવના મજબૂત કરવા તથા તટીય સુરક્ષા અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી "વંદે માતરમ્ – CISF કોસ્ટલ સાયક્લોથોન ૨૦૨૬"નું આયોજન ૨૮ જાન્યુઆરીથી ૨૨ ફેબ્રુઆરી સુધિ કરવામાં આવી રહ્યું છે. આ સાયક્લોથોન "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" થીમ અંતર્ગત યોજાશે.આ કોસ્ટલ સાયક્લોથોનની શરૂઆત તા.૨૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પશ્ચિમ તટ પર આવેલા લખપત કિલ્લા, કચ્છ (ગુજરાત)માંથી તેમજ CISFના અન્ય દળ દ્વારા બક્કાલી, પશ્ચિમ બંગાળ (પૂર્વ તટ)માંથી એકસાથે કરવામાં આવશે. પશ્ચિમ તટ પરથી નિકળનારી સાયક્લોથોન ટીમ તેના માર્ગમાં સુરત, મુંબઈ, ગોવા અને મંગળુરુ જેવા મહત્વના તટીય શહેરોમાંથી પસાર થતા આશરે ૬૫૫૩ કિ.મી.નું અંતર કાપીને તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કોચ્ચિ, કેરળ ખાતે પોતાની યાત્રાનું સમાપન કરશે. આ સમગ્ર યાત્રા અંદાજે ૨૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.માનનીય ગૃહ રાજ્યમંત્રી શ્રી નિત્યાનંદ રાય દ્વારા મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમથી તા. ૨૮ જાન્યુઆરીના રોજ વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આ સાયક્લોથોનને વર્ચ્યુઅલ માધ્યમથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવશે. આ અભિયાનમાં કુલ ૧૩૯ CISF જવાનો ભાગ લેશે, જેમાં ૬૫ મહિલા CISF જવાનોનો સમાવેશ થાય છે. "વંદે માતરમ્ – CISF કોસ્ટલ સાયક્લોથોન ૨૦૨૬" માત્ર તટીય સુરક્ષાના મહત્વને ઉજાગર કરતી પહેલ નથી, પરંતુ દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા અને સુરક્ષિત ભારતના સંકલ્પને પણ પ્રતિબિંબિત કરે છે. CISF મહત્વપૂર્ણ હવાઈમથકો, સમુદ્રી બંદરો, દિલ્હી મેટ્રો, પરમાણુ અને અંતરિક્ષ સંસ્થાઓ, વીજ પ્રોજેક્ટ્સ, તેલ રિફાઇનરીઓ, સરકારી ઈમારતો તથા તાજમહેલ જેવા રાષ્ટ્રીય સ્મારકોની સુરક્ષા નિભાવતી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.આ સાયક્લોથોન દ્વારા સામાન્ય નાગરિકોમાં તટીય સુરક્ષા, રાષ્ટ્રીય સંપત્તિની સુરક્ષા અને રાષ્ટ્ર નિર્માણમાં CISFના યોગદાન અંગે વિશાળ જનજાગૃતિ ફેલાવવાનો હેતુ ધરાવવામાં આવ્યો છે.

# જિલ્લા કક્ષાની વાર્તા નિર્માણ સ્પર્ધામાં વિદ્યાર્થી અમર તિવારી પ્રથમ ક્રમે વિજેતા

સુરત, તા.૨૨

શિક્ષણ વિભાગ અને જીસીઈઆરટી, ગાંધીનગર પ્રેરિત 'નિપુણ ભારત' અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની ગિજુભાઈ બધેકા બાળ વાર્તા સ્પર્ધામાં ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કઠોદરા પ્રાથમિક શાળાનાં તેજસ્વી વિદ્યાર્થી અમર કૃષ્ણકુમાર તિવારીએ મિડલ સ્ટેજ (ધો. ૬ થી ૮) વિભાગની વાર્તા નિર્માણ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વિજેતા અમર તિવારીને તેની ભવ્ય સિદ્ધિ બદલ બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, કીમનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર અશોક પટેલ, શાળા પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિ સહિત કીમ કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળાઓનાં શિક્ષકગણે અભિનંદન પાઠવ્યા હતાં. ઉપરાંત સૌએ આગામી દિવસોમાં અમર ઝોન અને રાજ્ય કક્ષાએ પણ પોતાની શાળા, તાલુકા તથા સુરત જિલ્લાનું નામ રોશન કરે એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# રૂા.૨૭ લાખના ચેક રિટર્ન કેસમાં માતા-પુત્રીને એક વર્ષ કેદની સજા

સુરત, તા.૨૨

આ કેસની વિગત મુજબ મુકેશ દશરથભાઈ પટેલ તથા તેમના પત્ની વસંતીબેન મુકેશભાઈ પટેલ (રહે. વાત્સલ્ય બંગ્લોઝ યુનિવર્સિટી રોડ વેસુ) પાસેથી સંગીતાબેન શ્રીપદ ચૌધરી તથા તેમના સુપુત્રી માધુરી શ્રીપદ ચૌધરી (ઉર્ફે ટીના)એ વર્ષ ૨૦૧૭-૧૮માં મુકેશભાઈ તથા તેમના પત્ની વસંતીબેન પાસેથી રૂા.૨૭ લાખમાં મકાન ખરીદવા માટે પારિવારીક સંબંધોના હાથ ઉછીના લીધા હતા અને તે રકમ પરત કરવા માટે ચેકો લખી આપેલા હતા. આ ચેક બેંકમાં જતા કરાવતા સંગીતાબેન તથા તેમના સુપુત્રી માધુરીબેને બેંકમાં ચેકનું સ્ટોલ પેમેન્ટ કરાવી રીટર્ન કરાવતા ફરીયાદી મુકેશભાઈ તથા તેમના પત્ની વસંતીબેનએ ૧૩મા એડીચીફ જુડી મેજી. જીતેન્દ્રસિંઘ સાહેબની કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ વી.કે. પટેલની દલીલોને સમર્પમ આપી કોર્ટે રેકર્ડ ધ્યાને રાખી આરોપી સંગીતાબેન તથા તેમના સુપુત્રી માધુરીબેનને એક વર્ષની સાદી કેદ સજા તથા ચેકની પુરી રકમ ચૂકવવી દેવા હુકમ કર્યો હતો.



# અંકલેશ્વર યુપીએલ કંપની દ્વારા સ્પર્ધાત્મક મોકડ્રિલનું આયોજન

## કાર્યક્રમમાં દેશભરમાંથી ૨૧ ટીમોએ લીધો ભાગ

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર ખાતે દેશભરમાં આવેલી મૂળ યુપીએલ લિમિટેડ તેમજ હાલ સુપર ફોર્મ લિમિટેડ કંપનીના વિવિધ એકમો વચ્ચે ફાયર સેફ્ટી કર્મચારીઓની વિશેષ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સ્પર્ધામાં દેશના વિવિધ એકમોમાંથી કુલ ૨૧ જેટલી ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.અંકલેશ્વર, ઝગડીયા, વાપી,દહેજ, હાલોલ કાલોલ, જમ્મુ કાશ્મીર સહિતની ટીમોએ સ્પર્ધા દરમિયાન ફાયર ફાઈટિંગ, રેસ્ક્યુ ઓપરેશન, ગેસ રિસાવ જેવી આકસ્મિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી વાસ્તવિક અભ્યાસ આધારિત પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. જેમાં ફાયર કર્મચારીઓની ચુસ્તતા, કાર્યક્ષમતા, ટીમવર્ક, ઓપરેશનલ તૈયારી તેમજ જોખમ સંચાલન ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર એસ.બી .પાઠક,દિનેશ ગામીત, યુ.પી.એલ. કંપનીના મુકેશ રાણા,એમ.ડી. રાવલ અને અંકલેશ્વર ડીપીએમસીના પ્રિતેશ પટેલ સહિત કંપનીના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાંગલીમાં તા. ૨૪ જાન્યુઆરીથી નિરંકારી સંત સમાગમનું આયોજન

## ગુજરાત અને મહારાષ્ટ્રના હજારો સ્વયંસેવકો તૈયારીઓમાં સામેલ

સુરત, તા.૨૨

સાંગલી, ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ પ્રેમ, સેવા અને એકત્વના પવિત્ર ભાવોથી ભરપૂર મહારાષ્ટ્રનો ૫૯મો નિરંકારી સંત સમાગમ આગામી તા. ૨૪ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી પરમ પૂજ્ય સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ તથા નિરંકારી રાજપિતા રમિત જીના દિવ્ય સાન્નિધ્યમાં શ્રદ્ધા અને ભવ્યતા સાથે આયોજિત કરવામાં આવશે. આ ત્રણ દિવસીય મહા આયોજનની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે, જ્યાં સુરત ઝોન સહિત ગુજરાતના હજારો સેવાદાર ભક્તો અને મહારાષ્ટ્રના સમર્પિત ભક્તોની સાથે, નિરંકારી સેવાદારો સંપૂર્ણ નિષ્ઠા, શિસ્ત અને નિઃસ્વાર્થ સેવા-ભાવ સાથે સમાગમ સ્થળને સુવ્યવસ્થિત, સુસજ્જ અને અત્યંત આકર્ષક સ્વરૂપ આપી રહ્યા છે.

દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓન્કાર સિંહ જીએ જણાવ્યું કે આ સંત સમાગમ મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના સાંગલવાડી ખાતે આશરે ૪૦૦ એકરના વિશાળ અને ભવ્ય પરિસરમાં યોજાશે. આ દિવ્ય આયોજન અંતર્ગત દરરોજ બપોરે ૨:૩૦ વાગ્યાથી મુખ્ય સત્સંગ કાર્યક્રમની શરૂઆત થશે, જેમાં દેશ-વિદેશથી આવેલા સંતો, વક્તાઓ, ગીતકારો અને કવિઓ પરમાત્મા તથા સત્ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, વિચારો અને રચનાઓ દ્વારા ભાવપૂર્ણ અભિવ્યક્તિ રજૂ કરશે. દરેક દિવસનો સમાપન રાત્રે ૯:૦૦ વાગ્યે સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજના પવિત્ર અને પ્રેરણાદાયી આશીર્વચનોથી થશે, જે સમસ્ત શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક માર્ગદર્શનનો સ્ત્રોત બનશે. જેમાં ગુજરાતમાંથી હજારો શ્રદ્ધાળુઓ ભાગ લેશે.

આ વર્ષે મહારાષ્ટ્ર પ્રાંતીય સંત સમાગમનો વિષય 'આત્મ-મંથન' નક્કી કરવામાં આવ્યો છે, જે આત્મબોધ, આત્મશુદ્ધિ અને માનવીય મૂલ્યોના જાગરણની દિશામાં સમગ્ર સમાગમને ગહન અને સાર્થક આધ્યાત્મિક પ્રવાહ પૂરો પાડે છે. ગત એક મહિનાથી મહારાષ્ટ્ર સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા શ્રદ્ધાળુ ભક્તોની નિષ્કામ અને નિઃસ્વાર્થ સેવાઓથી સમાગમ સ્થળ એક સુવ્યવસ્થિત, ભવ્ય અને મનોહર શામિયાના નગરીનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. સત્ગુરુની અમૂલ્ય શિક્ષાઓને જીવનમાં આત્મસાત કરીને દરેક વયના ભક્તો પૂર્ણ શ્રદ્ધા, અનુશાસન અને આત્મિક ઉલ્લાસ સાથે સેવાઓમાં સતત જોડાયેલા છે. આ સેવાઓનું આ સુંદર અને પ્રેરણાદાયી સ્વરૂપ સામાન્ય જનતા માટે ઉદાહરણરૂપ બની ગયું છે. ભક્તિ, પ્રેમ અને સમર્પણથી ભરેલા મનથી કરવામાં આવતી આ સેવાઓ એવું અનુપમ દૃશ્ય રજૂ કરે છે કે જેનો અનુભવ શબ્દો થી વર્ણવી શકાય તેમ નથી.

# શાર્ક ટેન્ક ઈન્ડિયામાં ચમકેલા સુરતના યુવા સાહસિકોની સફળતાની ગાથા

## ચેમ્બર દ્વારા આયોજિત સત્રમાં યુવા ઉદ્યોગ સાહસિકોનું પ્રેરણાદાયી માર્ગદર્શન

સુરત, તા.૨૨

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે એક વિશેષ સત્ર 'શાર્ક ટેન્કઃ સુરત કે સિતારે'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરતના એવા સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સે ભાગ લીધો હતો કે જેમણે રાષ્ટ્રીય સ્તરે શાર્ક ટેન્ક ઈન્ડિયા જેવા પ્લેટફોર્મ પર સુરતનું નામ રોશન કર્યું છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, આ યુવા સિતારાઓએ સપનાંને સાકાર કરી સ્થાનિક વિચારને રાષ્ટ્રીય ઓળખ આપી છે. ફાસ્ટ ફૂડ-વેજમાં દેશના ૨૪ રાજ્યોના ૧૭૫ શહેરોમાં ઝડપથી ૪૦૦થી વધુ આઉટલેટ્સ ઊભા કરનાર ઝોર્કોના સહસ્થાપક શ્રી આનંદ નાહર (ZORKO)એ કહ્યું કે, કોવિડ દરમ્યાન અમારી શરૂઆત વેસુથી થઈ અને ફ્રેન્ચાઈઝી આપવા માંડી. સારા લોકોને હાયર કરવા હોય તો સારું પેકેજ આપવું પડે. મશીનરીની સાથે મેન પાવર પણ ખર્ચ કરવો પડે. સ્કેલેબલ કન્ઝ્યુમર બ્રાન્ડ કેવી રીતે ઉભી કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

મૂળ કેમિકલ એન્જિનિયર અને ક્લાઈમેટ ચેંજ જેવા મુદ્દે સંવેદનશીલ હોવાથી સોલાર સ્ટાર્ટઅપ સોલાન્સ એનર્જી શરૂ કરનાર યશ તરવાડીએ કહ્યું કે, સ્કેલેબિલિટી એ સ્ટાર્ટ અપનું સૌથી મહત્વનું વર્ટિકલ છે. રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ મહત્વનું છે, અમે એપ શરૂ કરી બ્રાન્ડ્સ સાથે ટાઈ અપ કર્યું. સિટિલાઈટ એરિયામાં ઝેબ્રા લર્ન એજ્યુ ટેક સ્ટાર્ટ અપ શરૂ કરનારા શ્રી અનુરાગ સુંદરકાએ પહેલાં પુસ્તકની પહેલી નિષ્ફળતાને સફળતામાં કેવી રીતે ફેરવી તેની વાત કરી. ભલે અમે પુસ્તકો આપીએ, વિઝ્યુઅલ ફર્સ્ટ અમારી અગ્રતા છે. શિક્ષણમાં ગુણવત્તા પર અમે ભાર આપીએ છીએ. અમે આગામી વર્ષોમાં વાંચેલા પુસ્તકાનું વિઝ્યુઅલ ફર્સ્ટ વર્ઝન આપવા માગીએ છીએ. ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ રાષ્ટ્રીય પ્લેટફોર્મ પર સુરતના સાહસિકોના ઉદય વિશે ભૂમિકા બાંધી હતી. કાર્યક્રમના બીજા ચરણમાં એક ઈન્ટરેક્ટિવ પેનલ ડિસ્કશન અને પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેનું સંચાલન એન્ટરપ્રેન્યોર ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી રાકેશ દોશીએ કર્યું હતું. ત્રણેય વક્તાઓએ વિવિધ પડકારો વિશે વાત કરીને સફળતા તરફ જવા માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કમિટીના સભ્ય શ્રી અશફાક કલકત્તાવાલા દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેમ્બરના સભ્યો અને સુરતના યુવા સ્ટાર્ટઅપ ઉત્સાહીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મહારાષ્ટ્રમાં ૨૯

પહેલા પાનાનું ચાલુ

શિવસેના અને MNS વચ્ચે છે. અન્ય કોઈ પક્ષની કોઈ ભાગીદારી નથી.૧૨૨ સભ્યોવાળા કલ્યાણ-ડોંબિવલી નગર નિગમમાં શિવસેનાના ૫૩ કોર્પોરેટરોએ જીત મેળવી છે. જ્યારે તેની સહયોગી ભાજપને ૫૦ બેઠકો મળી છે. MNSના પાંચ કોર્પોરેટરોના સમર્થન પછી શિવસેના ૫૮ના આંકડા પર પહોંચી ગઈ છે. જ્યારે શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ને ૧૧ બેઠકો, કોંગ્રેસને બે અનu NCP (SP)ને એક બેઠક મળી છે.

અહેવાલો અનુસાર, આ વખતે મહિલાઓ માટે ૫૦ ટકા અનામતનો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. પરિણામે, રાજ્યની ૨૯ મ્યુનિસિપાલિટીમાંથી ૧૫માં મહિલા મેયર હશે.

મહિલાઓ માટે અનામત ૧૫ બેઠકોમાંથી ૪ બેઠકો OBC મહિલાઓ માટે અનામત હોવાની શક્યતા છે, જ્યારે ૯ બેઠકો ઓપન કેટેગરીની મહિલાઓ માટે અનામત હોવાની શક્યતા છે. બાકીની બેઠકો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે વારાફરતી અનામત રાખવામાં આવશે.

### જગતગુરુ અવિમુક્તેશ્વરાનંદને

પહેલા પાનાનું ચાલુ

શંકરાચાર્યના શિબિરે પહોંચ્યા હતા. જોકે, શિષ્યોએ રાત્રે નોટિસ લેવાની ના પાડી દીધી હતી. આ પછી મંગળવારે સવારે ૮ વાગ્યે કાનૂનગો અનિલ કુમાર ફરીથી પહોંચ્યા અને શિબિરના ગેટ પર પહેલી નોટિસ ચોંટાડી હતી.

આમાં સુપ્રીમ કોર્ટના ૧૪ ઓક્ટોબર ૨૦૨૨ના એક આદેશનો હવાલો આપતા પૂછવામાં આવ્યું હતું કે તેમણે પોતાને શંકરાચાર્ય કેવી રીતે જાહેર કરી દીધા. ૧૨ કલાક પછી, એટલે કે મંગળવારે રાત્રે ૧૦ વાગ્યે અવિમુક્તેશ્વરાનંદે ૮ પાનાનો જવાબ મેળા પ્રશાસનને મોકલ્યો. અવિમુક્તેશ્વરાનંદે પ્રશાસનને ચેતવણી આપી હતી કે જો નોટિસ પાછી ખેંચવામાં નહીં આવે, તો તેઓ માનહાનિનો કેસ કરશે.

### ટ્રમ્પે ૭૧ વખત

પહેલા પાનાનું ચાલુ

ટ્રમ્પે પ્રેસ કોન્ફરન્સમાં એમ પણ કહ્યું કે ભારત-પાક સંઘર્ષમાં ૧૦ થી ૨૦ મિલિયન લોકોનો જીવ જઈ શકતો હતો અને તેમણે તેને રોકીને 'લાખો લોકોનો જીવ બચાવ્યો'.

આ દાવા પછી પણ જયરામ રમેશે એક પોસ્ટ કરી હતી, જેમાં ટ્રમ્પનો વીડિયો શેર કરતા લખ્યું હતું કે પરમ દિવસ સુધી ગણતરી ૬૮ હતી, પરંતુ ગઈકાલે જ આ સંખ્યા ૬૯ નહીં પણ ૭૦ સુધી પહોંચી ગઈ. એકવાર તેમના વ્હાઈટ હાઉસ પ્રેસ કોન્ફરન્સના ઉદ્ઘાટન ભાષણમાં અને પછી પ્રશ્ન-જવાબ દરમિયાન.

તેમણે લખ્યું કે વડાપ્રધાનના 'બેસ્ટ મિત્ર' અને તેમને ઘણી વાર જબરદસ્તી ભેટનારા, કેટલીયે વાર આ જાહેર કરી ચૂક્યા છે કે ૧૦ મે, ૨૦૨૫ના રોજ ઓપરેશન સિંદૂરના અચાનક અને અણધાર્યા અટકવા માટે તેઓ જવાબદાર હતા.

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ

પહેલા પાનાનું ચાલુ

ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હવામાનમાં બદલાવ રહેશે. મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના રહેશે. કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે ભારે પવનો (૩૦-૫૦ કિમી/કલાક) ફૂંકાઈ શકે છે. વરસાદ અને વાદળોને કારણે દિવસના તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાઈ શકે છે, જ્યારે સવાર-સાંજ ઠંડી રહેશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ધીમે ધીમે નબળી પડશે, પરંતુ ઉત્તર ભારતમાં હવામાન હજુ સંપૂર્ણપણે ચોખ્ખું નહીં થાય. રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં વાદળો છવાયેલા રહેશે અને ક્યાંક ક્યાંક વરસાદ પડી શકે છે. કેટલાક વિસ્તારોમાં હળવા ગાજવીજ અને તેજ પવનો ફૂંકાવાની શક્યતા રહેશે. વરસાદની ગતિવિધિઓમાં ઘટાડો આવ્યા બાદ ઠંડા પવનોને કારણે ઠંડીની અસર વધી શકે છે.

### ગ્રીનલેન્ડ મુદ્દે

પહેલા પાનાનું ચાલુ

નિયંત્રણમાં લેવાની વાત કરી ચૂક્યા છે. યુરોપના ઘણા નેતાઓ અને નિષ્ણાતોનું કહેવું છે કે જો અમેરિકાએ ખરેખર તાકાતના જોરે ગ્રીનલેન્ડ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો, તો આ નાટો માટે અંતની શરૂઆત હોઈ શકે છે.યુરોપિયન દેશોએ ડેનમાર્કના સમર્થનમાં પ્રતીકાત્મક રીતે સૈનિકો મોકલ્યા છે. બ્રિટને માત્ર એક સૈનિક અને નોર્વેએ બે સૈનિકો મોકલ્યા. આ પગલું લશ્કરી નહીં, પરંતુ રાજકીય સંદેશ હતો. જોકે, આનાથી ટ્રમ્પ નારાજ થયા અને તેમણે ડેનમાર્કના સમર્થનમાં ઉભેલા યુરોપિયન દેશો પર ૧૦ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી.

### યુરોપના

પહેલા પાનાનું ચાલુ

ડેઇલી મેલના અહેવાલ મુજબ, અમેરિકાને ગ્રીનલેન્ડમાં કેટલાક મર્યાદિત વિસ્તારોમાં પોતાના સૈન્ય ઠેકાણાં બનાવવાની મંજૂરી મળશે.

આ ઠેકાણાંનો ઉપયોગ જમીન, સમુદ્ર અને હવા ત્રણેય મોરચે દેખરેખ અને રક્ષા માટે થશે. આ સાથે જ નાટો, અમેરિકાના પ્રસ્તાવિત 'ગોલ્ડન ડોમ' મિસાઈલ ડિફેન્સ સિસ્ટમમાં પણ સહયોગ કરશે.

ફ્રેમવર્કમાં એ પણ સામેલ છે કે ગ્રીનલેન્ડના ખનિજ સંસાધનો પર અમેરિકા સાથે ભાગીદારી થશે. રશિયા અને ચીનને આ વિસ્તારમાં આર્થિક કે સૈન્ય પકડ બનાવતા રોકવામાં આવશે.

### બંધારણે આપેલી

પહેલા પાનાનું ચાલુ

ચીફ જસ્ટીસ અત્યંત આકરા વલણમાં નજરે ચડતા હતા અને જણાવ્યું કે ચુંટણીપંચનું કોઈ પગલુ નાગરિકના અધિકાર છીનવી લે તેવુ હોવું જોઈએ નહી. શું પંચ એવું માને છે કે તેની સતા ન્યાયતંત્રની સમીક્ષાની જાણ પર છે?!?

કઈ સતા અનિયંત્રીત હોવી જોઈએ નહી. પ.બંગાળમાં ૧.૩૬ કરોડ અને યુપીમાં ૩.૧૨ કરોડથી વધુ મતદાતાને જ્યારે ચુંટણીપંચે નોટીસ ફટકારી છે તેથી પંચની કામગીરી સામે સતત પ્રશ્નો ઉઠી રહ્યા છે.

### બેંકોના રૂપિયાથી

પહેલા પાનાનું ચાલુ

રહી છે. સોનામાં પ્રિમીયમ પણ વધી રહ્યું છે અને પ્રથમ વખત એક ઔંસ પર ૧૦૦-૧૧૨ ડોલર એટલે કે રૂા.૮૦૦૦થી રૂા.૧૦૦૦૦ થયુ છે. તેમાં હવે સરકારને દખલ કરવા ઓલ ઈન્ડીયા જવેલર્સ એન્ડ ગોલ્ડ સ્મીથ ફેડરેશને નાણામંત્રીને વિનંતી કરી છે.

તેના નેશનલ જનરલ સેક્રેટરી નિતીન કેડીયાના જણાવ્યા મુજબ ઈમ્પોર્ટ ડયુટી વધારવાની અફવાથી એમસીએકસ પર ચાંદી ૨૮૦૦૦ રૂા. જેવા કોઈ અર્થવગરના પ્રતિબંધથી ટ્રેડ થઈ રહી છે તેની તપાસ થવી જોઈએ. સરકાર બજેટમાં સોના-ચાંદી પરની આયાત જકાત વધારશે તેવી ચર્ચાએ પણ પ્રિમીયમ વધ્યુ છે.

### કચરામાંથી

પેજ-૨ પાનાનું ચાલુ

આજે આ મોડલ માત્ર ગુજરાત કે ભારત માટે જ નહી, પરંતુ સમગ્ર વિશ્વ માટે માર્ગદર્શક બનવાની ક્ષમતા ધરાવે છે. શાકભાજીના કચરામાંથી બાયોગેસ બનાવી તેને બાયો-CNG અને તેમજ બાયો ફર્ટીલાઈઝરમાં રૂપાંતરિત કરી તેનું વેચાણ કરી આવક મેળવવામાં આવે છે.

ફ્રુટ અને વેજિટેબલનો કચરો 'વેસ્ટ નહીં પણ વેલ્થ' છે એમ જણાવતા શ્રી દેસાઈએ કહ્યું કે, સુરત APMC પ્રતિ દિન ૫૦ ટન વેજિટેબલ વેસ્ટમાંથી બાયોગેસ બનાવે છે, જેના કારણે દર વર્ષે ૭૫૦૦ ટન મિથેન ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

કોન્ફરન્સમાં વિવિધ તજજ્ઞોએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતાં, જેના નિષ્કર્ષ મુજબ ફૂડ વેસ્ટમાંથી ફ્યુચર ફ્યુઅલ (બળતણ) બનાવવા માટે સુરત APMCનું આ મોડેલ આગામી સમયમાં ગ્લોબલ વૉર્મિંગ ઘટાડવા અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં મહત્વની ભૂમિકા ભજવશે. ઉપસ્થિત નિષ્ણાતોએ સુરતનું 'ફૂડ વેસ્ટ ટુ ફ્યુચર ફ્યુઅલ' મોડેલને વૈશ્વિક સ્તરે અમલમાં મૂકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભારતભરના વિવિધ માર્કેટિંગ બોર્ડના ચેરમેન અને એમ.ડી.ઓએ આ પ્લેટફોર્મ પરથી ખેડૂતો અને બજાર વચ્ચે ફૂડ લોસ ઘટાડવાની નવી ટેકનોલોજી વિષે ચર્ચાવિચારણા કરી હતી.

વિવિધ સત્રમાં 'ક્લાઈમેટ-રેઝિલિયન્ટ' સિસ્ટમ વિકસાવવી જરૂરી છે એવો સામૂહિક મત વ્યક્ત કરી તજજ્ઞોએ કચરામાંથી ઊર્જા (વેસ્ટ ટુ એનર્જી) ઉત્પન્ન કરવી, ખાદ્ય પદાર્થોના ટ્રેકિંગ માટે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરવો, કૃષિ બગાડ અટકાવવો અને હેલ્થ, હાઈજીન, ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા જાળવવા સામૂહિક જાગૃતિ લાવવી એ સમયની માંગ હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

### બચપન પ્લે

પેજ-૨ પાનાનું ચાલુ

હતા.આ તમામ મહેમાનશ્રીઓએ શાળાના નાના ભૂલકાઓને અને શિક્ષક મિત્રોને તથા શાળા પરિવારના તમામ સભ્યોને ઉમદા કાર્ય માટે આશિર્વચન, શુભેચ્છાઓ અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા. આ પ્રોગ્રામમા નાના ભૂલકાઓ દ્વારા આખા વર્ષ દરમિયાન શાળામાં થયેલી કોમ્પિટિશનમાં વિજેતા થનાર બાળકોને તથા શિક્ષક મિત્રોને શાળામાં ઉમદા કાર્ય બદલ ઈનામ વિતરણના કાર્યક્રમ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા આ ઉપરાંત આ કાર્યક્રમમાં નરસિંહમા, છાવા, દસા અવતાર, માં કી મમતા, ખલીબલી, ઓપરેશન સિંદૂર જીવી અનેક સુંદર કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત મહેમાનશ્રી તથા વાલીશ્રીઓનું મનોરંજન કરી આ પ્રોગ્રામ ને સફળ બનાવ્યો.

### રસીદવાળી

પેજ-૨ પાનાનું ચાલુ

કેપિટલ અથવા વિસ્તરણ માટેની નાણાકીય સહાય મેળવવામાં મુશ્કેલી ઉભી થાય છે. ઉપરાંત, મિલ્કતના દસ્તાવેજો પૂર્ણ ન હોવાના કારણે ટ્રાન્સફર, વારસાઈ, રી-ડેવલપમેન્ટ તથા સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવવામાં પણ તેઓને મુશ્કેલીઓ ઊભી થાય છે.

સુરત જેવા ઔદ્યોગિક શહેરોમાં ટેક્ષટાઈલ, ડાયમંડ, એન્જિનિયરિંગ, કેમિકલ, ફૂડ પ્રોસેસિંગ સહિતના ક્ષેત્રોમાં આવા અનેક ઉદ્યોગો કાર્યરત છે, જે રાજ્યની અર્થવ્યવસ્થા, રોજગાર સર્જન અને નિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને નિયમિત કરવાની નીતિ અમલમાં આવશે તો ઉદ્યોગકારોને કાયદેસર સુરક્ષા મળશે, નવા રોકાણોને પ્રોત્સાહન મળશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે.

આથી, ચેમ્બર દ્વારા નાણાં અને શહેરી વિકાસ મંત્રીને વિનંતી કરવામાં આવી હતી કે, સુરત સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોની કબજા રસીદ આધારિત જમીન અને મિલ્કતોને નક્કી કરેલ નિયમો, ફી અને શરતોના આધારે એક વખતની નીતિ (One-Time Regularisation Policy) હેઠળ રેગ્યુલરાઇઝ કરવાની વ્યવસ્થા અમલમાં મૂકવા માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે.

ગુજરાતના નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી અને રાજ્ય સરકાર દ્વારા આ મામલે ગંભીરતાથી વિચારીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમ જણાવ્યું હતું. આખા રાજયમાં ઉદ્યોગકારોની આ મુશ્કેલીને દુર કરવા માટે રાજ્ય સરકાર નવી યોજના લાવવાની દિશામાં આગળ વધી રહી છે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

### લૂન્સીકુઇ

પેજ-૨ પાનાનું ચાલુ

આ મહત્વપૂર્ણ વિકાસ કાર્યને ધ્યાનમાં લઈ, લુંસીકુઇ ગ્રાઉન્ડ અમુક માસ માટે તાત્કાલિક બંધ રાખવાની ફરજ પડશે. આ દરમિયાન શહેરના અમુક રમતવીરો તેમજ વિવિધ ભરતી પ્રક્રિયામાં ભાગ લેનાર અને દૈનિક દોડ તથા શારીરિક અભ્યાસ માટે ગ્રાઉન્ડનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ દ્વારા મહાનગરપાલિકા સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે તેમની નિયમિત તૈયારીમાં અવરોધ ન આવે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે. નાગરિકોની આ રજૂઆતને સંવેદનશીલતાથી ધ્યાનમાં લઈ નવસારી મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે બે વૈકલ્પિક ગ્રાઉન્ડ ફાળવવામાં આવ્યા છે. જેમાં (૧) જલાલપુર ક્રિકેટ ગ્રાઉન્ડ (મોહનિયા ખાતે સ્થિત) અને (૨) છાપરા ક્રિકેટ ગ્રાઉન્ડનો સમાવેશ થાય છે.

આ બંને સ્થળોએ રમતવીરો તથા ભરતીની તૈયારી કરતા વિદ્યાર્થીઓને દોડ, વ્યાયામ અને અભ્યાસ માટે જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે, જેથી તેમની તૈયારીમાં કોઈ અડચણ ન આવે. નવસારી મહાનગરપાલિકા શહેરના વિકાસ સાથે નાગરિકોની જરૂરિયાતો વચ્ચે સંતુલન જાળવવા સતત પ્રયત્નશીલ છે. શહેરના તમામ નાગરિકોને વિનંતી છે કે આવા વિકાસકાર્યો દરમિયાન મહાનગરપાલિકાને સહકાર આપે અને શહેરના ઉજ્જવળ ભવિષ્ય માટે સાથે મળીને આગળ વધે.

### છેલ્લા પાનાનું ચાલુ

### શક્તિસિંહ

મળ્યો હતો. જેથી તાત્કાલિક ૫ મિનિટમાં એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતક પતિએ ભૂલથી ગોળી વાગી છે એવો કોલ ૧૦૮માં કર્યો હતો. જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે મહિલાને તપાસતા તેઓ મૃત હતા. જેથી પેરામેડિકલ સ્ટાફ બહાર ડોક્ટર સાથે ફોન પર વાત કરતા હતા, ત્યારે પતિએ પોતાને પણ ગોળી મારી દીધી હતી. જેથી ૧૦૮ સ્ટાફ દ્વારા પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ગોળી વાગવાની ઘટના બનતા તરત જ તેમણે ૧૦૮ને કોલ કર્યો હતો. ૧૦૮ની ટીમ આવી ત્યારે ફ્લેટ મળતો ન હોવાથી નીચે લેવા માટે પણ ગયા હતા. ઘટના બની ત્યારે તેમના માતા પણ ફ્લેટમાં હાજર હતા. ૧૦૮ની ટીમ આવી તો તેમને ચેક કરીને પત્નીના મોતના સમાચાર આપ્યા હતા. જેથી આઘાતમાં આવીને પોતે પણ ગોળી મારીને આત્મહત્યા કરી છે.

### બેલારૂસમાં

બાબતની જાણ તેમણે અમને અગાઉ કરી હોત કે તેમને ભારત પરત આવવુંછે, તો આ રીતે વીડિયો વાઈરલ કરવાની જરૂર ન પડત અને તેઓ સુરક્ષિત રીતે વહેલા પરત આવી શક્યા હોત. હાલમાં તેઓ ત્યાં સેફ હાઉસમાં છે, તેમને કોઈ સમસ્યા નથી. કંપનીએ પણ પૂરેપૂરો સહયોગ આપ્યો છે અને તેમની ટિકિટ પણ બુક થઈ ગઈ છે. અમારો એક માણસ ત્યાં હાજર છે જે તેમને સુરક્ષિત રીતે એરપોર્ટ સુધી પહોંચાડી દેશે.

### માઘમેળામાં

ભંડેરી, સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણી, નવસારી લોકસભા ઈન્ચાર્જ પંકજ તાયડે, સુરત શહેર મહામંત્રી તુલસી લાલૈયા, પરિમલ કાનાણી, યુવા મોરચા પ્રમુખ પંકજ ધામેલિયા, કોર્પોરેટરો મહેશ અણઘણ, વિપુલ સુહાગીયા, શોભનાબેન કેવડિયા, દિપ્તીબેન સાકરિયા, મનીષાબેન કુકડીયા, શહેર ઉપપ્રમુખ શોભનાબેન વાઘાણી સહિત શહેર અને પ્રદેશ સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યાં હતાં. પોલીસે તમામની અટકાયત કરી.

### ઉત્રાણ પોલીસ સમયસર

ઓફિસમાં જવાનુ કહી પ્રતિક અને તેના સાળા મિતુલને બહારની ઓફિસમાં બેસાડી દર્શક રોકડા લઈ બારીમાંથી કુદકો મારી ભાગી છૂટ્યો હતો. જેથી પ્રતિકે દર્શક અને તેના મળતીયા વિકાસ રાજપુત સામે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન પોલીસે ૨૧.૧૦.૨૦૨૫ના રોજ બપોરે આરોપી દર્શકની અટક કરી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપી દર્શકને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી અપાયો હતો. ઉત્રાણ પોલીસ દ્વારા ૯૦ દિવસમાં આરોપી સામે ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરવાની હોય ૧૯ જાન્યુઆરીએ ૯૦ દિવસ પૂર્ણ થયા હતા. છતા પોલીસે આરોપી દર્શક વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી ન હતી. જેથી આરોપી દર્શકે તેમના વકીલ રિધ્ધીશ મોદી અને મુકુંદ રામાણી મારફતે ડિફોલ્ટ બેલ મેળવવા અરજી કરી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# શક્તિસિંહ ગોહિલના ભત્રીજાએ અકસ્માતે પત્નીને ગોળીમારી, આઘાતમાં યશરાજસિંહનો આપઘાત

## યશરાજસિંહ ગોહિલ રિવોલ્વર ફેરવતી વખતે થયેલા ગોળીબારમાં પત્નીનું મોત થતા ૧૦૮ને બોલાવી હતી



**અમદાવાદ,તા.૨૨**
અમદાવાદના જજીસ બંગલો રોડ પર આવેલા NRI ટાવરમાં ગઈકાલે (૨૧ જાન્યુઆરી) મોડીરાત્રે કોંગ્રેસનેતા શક્તિસિંહ ગોહિલના સગા ભત્રીજા અને ક્લાસ-૧ અધિકારી યશરાજસિંહ દુર્ગેશસિંહ ગોહિલ રિવોલ્વર ફેરવતા હતા એ સમયે અકસ્માતે પત્ની રાજેશ્વરી ગોહિલના ગળામાં ગોળી વાગી ગઈ હતી. ગોળી વાગવાની ઘટના બનતાં તરત જ તેમણે ૧૦૮ને કોલ કર્યો હતો. ૧૦૮ની ટીમ આવી તો તેમને ચેક કરીને પત્નીના મોતના સમાચાર આપ્યા હતા, જેથી આઘાતમાં આવીને પોતે પણ ગોળી મારીને તેમણે આત્મહત્યા કરી લીધી હતી.

અમદાવાદ સિવિલમાં પોસ્ટમોર્ટમ પૂર્ણ થતાં બંનેના મૃતદેહને ભાવનગરના લીમડા ગામે લઈ જવામાં આવ્યા છે, જ્યાં દંપતીના મૃતદેહની અંતિમ વિધિ કરવામાં આવશે.

દંપતી કાલે જમવા માટે એક સબંધીના ઘરે ગયા હતા, જમીને ઘરે પરત આવ્યા ત્યારબાદ આ બનાવ બન્યો હતો. બનાવ સમયે ઘરમાં યશરાજના ૬૦ વર્ષીય માતા બીજા રૂમમાં હાજર હતા.

ઉલ્લેખનીય છે કે, મૃતક ગુજરાત મેરિટાઇમ બોર્ડમાં અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. થોડા સમય અગાઉ જ પ્રમોશન મળતા વર્ગ ૨માંથી વર્ગ ૧ થયા હતા.

બનાવની જાણ થતાં જ અમિત ચાવડા, મનીષ દોષી સહિતના કોંગ્રેસના નેતાઓ અમદાવાદ સિવિલ પહોંચી ગયા હતા. સાથે જ ભાજપ નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ પહોંચ્યા હતા. જ્યાં તેમણે શક્તિસિંહને મળી સાંત્વના આપી હતી.

૧૦૮ ઈમરજન્સી સેવાના જણાવ્યા મુજબ રાતે ૧૧:૪૫ વાગ્યા આસપાસ ૧૦૮માં કોલ

અનુસંધાન પાના ૭ પર

# રત્નમાલા ઓવર બ્રિજનો એક રેમ્પ ખુલ્લો મુકાયો





કતારગામના રત્નમાલા સર્કલથી ગજેરા સંકશન સુધીના ફ્લાય ઓવર બ્રીજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. અંદાજે ૬૨.૮૪ કરોડના ખર્ચે સાકાર થનાર બ્રિજનો અમરોલી તરફનો રેમ્પ સંપૂર્ણ તૈયાર થઈ જતા આજે સવારે કાંસાનગર ખાતે આયોજિત સમારંભમાં મેયર દક્ષેશ માવાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રેમ્પનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવા ફ્લાય ઓવર બ્રિજના અમરોલી તરફનો રેમ્પ ખુલ્લો મુકી દેવાતા ગજેરા સર્કલ પાસેનું ટ્રાફિક હળવું થઈ ગયું છે.

# વિઝા પ્રોસેસ સહિતનું કામ આપવાના બહાને મહિલા સાથે લાખોની છેતરપિંડી

## દિલ્હીના બે ઠગોએ કામ આપવા માટે સુરતની મહિલા સાથે એમઓયુ પણ કર્યો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**
ન્યુસીટીલાઈટ રોડ રૂંગટા સીગ્નેચરમાં ઓફીસ ધરાવતી મહિલાને દિલ્હીથી એપોસ્ટોલ અને ડોક્યુમેન્ટ લીગલ વેરીફીકેશનને લગતુ કામકાજ કરવાનું જણાવી ક્લાઈન્ટોના વિઝાની પ્રોસેસ બાબતે એમઓયુ કરી એક મહિલા સહિત બે જણાએ રૂ.૩૦.૮૦ લાખ ટ્રાન્સફર કરાવી વીઝા અને વર્ક પરમીટના બહાને છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરીયાદ અલથાણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

અલથાણ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અલથાણ રાજહંસ હાઈટ પાસે મંગલ હાઈટમાં રહેતા ભૂમીકા રાજેન્દ્ર દીલખુશ ન્યુ સીટીલાઈટ રોડ ખાતે શ્યામ મંદીરની સામે રૂંગટા સીગ્નેચરના નામે ઓફીસ ધરાવે છે. ભૂમીકા દીલખુશે દીલ્હી મુકામે એપોસ્ટલ અને ડોક્યુમેન્ટ લીગલ વેરીફેકશનને લગતું કામકારતા સોનાલી ગુરૂમુખ ખાનચંદાની, દીશાંત મનીઆર સામે અલથાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ભૂમીકાએ આરોપ લગાવ્યો હતો કે આરોપીઓ સાથે ભૂમીકાના ક્લાઈન્ટોના વિઝા પ્રોસેસ અંગે લીગલ વેરીફીકેશનનું કામકાજ કરવા એમઓયુ કરવામાં આવ્યું હતું. એમઓયુ પ્રમાણે ક્લાઈન્ટોના વિઝા પ્રોસેસ અંગે લીગલ વેરીફેકશન કરવા બદલ રોકડ તથા બેંક ટ્રાન્ઝેક્શનથી રૂ.૩૦.૮૦ લાખ આરોપીઓને આપ્યા હતા. જોકે, આરોપીઓએ કામ નહી કરી આપી તેમજ નાણાં પણ પરત નહી આપી ઠગાઈ આચરી હતી. આ અંગે અલથાણ પોલીસે ભૂમીકાની ફરિયાદ લઈ સોનાલી અને દીશાંત સામે ઠગાઈનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

# બાળકના કબજા માટે પતિએ પત્નીને મોતની ધમકી આપી

## કોર્ટના હુકમ મુજબ બાળકને રમાડવા આવેલા પતિએ ધમકી આપતા બબાલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**
વેડરોડ વિસ્તારની પરિણીતા અને પતિ વચ્ચે કંકાશને કારણે ફેમીલી કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોય કોર્ટના હુકમ મુજબ પતિ બાળકને મળવા માટે ગયો હતો અને બાળકને મળ્યા બાદ તેને પોતાની સાથે લઇ જવાની વાત કરતા પતિ પત્ની વચ્ચે બોલાચાલી થઇ હતી જેમાં પતિએ પત્નીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે ગઇકાલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

વેડરોડ વિસ્તારમાં પરણેલી એક પરિણીતાને પતિ સાથે ડખા ઉભા થતા છેલ્લા એક વર્ષથી કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. છુટાછેડા બાબતે અરજી પણ આપવામાં આવી છે. દરમિયાન કોર્ટના આદેશ મુજબ પતિ પ્રવિણ દામજીભાઇ ઘાસકટા ઉ.વ.૪૨ ગઇકાલે વેડરોડની શિવછાયા સોસાયટીમાં તેના પુત્ર સ્નેહલને મળવા માટે ગયો હતો અને પતિએ પુત્રને સાથે લઇ જવાની જીદ કરતા પતિ પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી જેમાં પતિએ જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ મામલે ચોકબજાર પોલીસે પત્નીની ફરીયાદ લીધી હતી. ફરીયાદમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે, સને ૨૦૧૬થી પતિ પત્ની વચ્ચે તકરાર ચાલી રહી છે. મારઝુડ કરવાને કારણે પત્ની પતિથી અલગ રહેવા લાગી હતી.

# ઉત્રાણ પોલીસે સમયસર ચાર્જશીટ નહીં રજુ કરતા આરોપીએ જામીન માંગ્યા

## રૂા.૩૨ લાખના છેતરપિંડી કેસમાં મુખ્ય આરોપી દર્શક ગોધાણીએ ડિફોલ્ટ બેલનો લાભ લેવા જામીન અરજી રજુ કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**
યુએસડીટીના નામે ૩૨ લાખ પડાવીને વિશ્વાસઘાત કરવાના કેસમાં ઉત્રાણ પોલીસે નિયત સમયે ચાર્જશીટ નહી કરતા મુખ્ય આરોપી દર્શક ગોધાણીએ ડિફોલ્ટ બેલનો લાભ મેળવવા કોર્ટમાં અરજી કરી હોવાનું જાણવા મળ્યું હતું.

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઘ્રુફિણીયાગામનો વતની અને હાલ કતારગામ ગજેરા સર્કલ પાસે અખંડ આનંદ બેંકની બાજુમાં મહાવીરનગર સોસા.માં રહેતો પ્રતિક બાબુ અણધણ(ઉ.વ.૨૫) ડબોલી ચાર રસ્તા ખાતે કેદાર બિઝનેશ સેન્ટરમાં શેરબજારની ઓફિસ ધરાવે છે. તેમજ ફોરેક્ષ ટ્રેડિંગનું પણ કામ કરે છે. પ્રતિક અણધણને ફોરેક્ષ ટ્રેડિંગમાં સોદો કરવા માટે યુએસડીટીની જરૂર હતી. જેથી પ્રતિક અણધણનો તેના મિત્ર થકી દર્શક સુરેશ ગોધાણી(રહે. ધર્મનંદન રો-હાઉસ મહાદેવ ચોક,મોટા વરાછા) સાથે સંપર્ક થયો હતો. દર્શકે પોતે કમિશન એજન્ટ તરીકે યુએસડીટીનું લે-વેચનુ કામ કરું છુ તેવું પ્રતિકને જણાવ્યું હતું. ત્યારબાદ પ્રતિકની ૧૨-૬-૨૦૨૪ના રોજ દર્શક સાથે ટેલિફોનીક વાતચીત થઈ હતી. દર્શકે કહ્યું હતુ કે, જેટલા રૂપિયાના યુએસડીટી લેવા હોય એટલા રૂપિયા લઈને તેની ઓફિસે ઉત્રાણ સિલ્વર બિઝનેશ પોઈન્ટની સામે એન્જલ સ્ક્વેર ખાતે આવી જાવ. પહેલા પ્રતિકને ૧૮ લાખની મુલ્યના યુએસડીટી ટ્રાન્સફર કરી આપ્યા હોય દર્શક પર ભરોસો આવી જતા યુએસડીટી લેવા પ્રતિક ૧૭-૬-૨૦૨૪ના રોજ રૂ.૩૨.૫૦ લાખ રોકડા લઈને એન્જલ સ્ક્વેર ઓફિસે ગયો હતો. ત્યારબાદ દર્શકે પ્રતિક પાસેથી રૂ.૩૨.૫૦ લાખ રોકડા લઈ ગણવા માટે અંદરની

અનુસંધાન પાના ૭ પર

# બેલારુસમાં ફસાયેલી નવસારીની મહિલા હેમખેમ ભારત પરત ફરશે

## મહિલાને બેલારુસ મોકલનાર વડોદરાના એજન્ટે જ ટિકિટની વ્યવસ્થા કરી દીધી

**અમદાવાદ, તા.૨૨**
નોકરી માટે બેલારુસ ગયા પછી ફસાયેલી મહિલા મીના જોષી હવે તેમના વતન નવસારીમાં પરત ફરશે. વડોદરાના એજન્ટ પીયૂષ ચૌહાણે જ મહિલાની ટિકિટની વ્યવસ્થા કરી આપી હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલમાં મીનાબેનને સેફ હાઉસમાં રાખવાની વ્યવસ્થા પણ કરાઈ છે. આવતીકાલે (૨૩ જાન્યુઆરી) રાતે ૯.૨૦ વાગ્યે બેલાવીઆ એરલાઈન્સ મારફતે મિન્સ્ક ઈન્ટરનેશનલ એરપોર્ટથી ભારત આવવા રવાના થશે અને ૨૪ જાન્યુઆરી સવારે ૬.૪૦ વાગ્યે દિલ્હી ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચશે.

બાદમાં દિલ્હી એરપોર્ટથી તેઓ નવસારી ખાતે પહોંચશે. આ સમાચારથી મહિલાના પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે. મહિલાએ વાઈરલ વીડિયોમાં એજન્ટ સામે આક્ષેપો કર્યા હતાં.

મહિલાના વીઝાની પ્રોસેસ કરનાર ગજાનંદ ઓવરસિસના માલિક પિયુષ ચૌહાણે જણાવ્યું હતુ કે, મીનાબેનનો વીડિયો વાઈરલ થયા બાદ તેમને ભારત પરત લાવવા માટેની તમામ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. અમને આ વાતની જાણ થઈ છે. અમે તાત્કાલિક અમારી કંપનીનો સંપર્ક કર્યો હતો. કંપનીએ એક દિવસનો સમય માંગ્યો હતો અને ત્યારબાદ બેન જ્યાં હતા, ત્યાંથી તેમને શોધી કાઢ્યા અને હાલમાં સેફ હાઉસમાં તેમની રહેવાની વ્યવસ્થા કરી આપી છે.

આ બાબત અમારા સુધી આવી ત્યારે અમે કંપનીને જાણ કરી અને તેમને પરત લાવવાની વ્યવસ્થા ગોઠવી દીધી છે. તેમની ફ્લાઈટની ટિકિટની અમે વ્યવસ્થા કરી છે. આવતીકાલે ૨૩ જાન્યુઆરીએ તેઓ ત્યાંથી નીકળશે, તેઓ ૨૪ જાન્યુઆરીએ વહેલી સવારે દિલ્હી એરપોર્ટ પર આવી જશે. જો આ

અનુસંધાન પાના ૭ પર

# પ્રેસ મીડિયાના નામે ધમકી આપતા સોહેલ શેખ, મહેશ શર્મા સામે ફરિયાદ

## બિલ્ડરે બંનેને રૂા.૫૦ હજાર આપ્યા છતા વધુ રૂપિયાની માગ કરાતા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**
મહીધરપુરા વિસ્તારમાં એક બાંધકામ કરનારને પ્રેસ મીડીયાના નામે ધાક ધમકી આપી બાંધકામ ગેરકાયદેસર હોવાનું જણાવી તોડાવી પાડવાની ધમકી આપી ૩ લાખની માંગણી કરવામાં આવી હતી. દરમિયાન બાંધકામ કરનારે કંટાળી જઇ પ્રેસના નામે ધાક ધમકી આપતા સોહેલ સફી શેખ અને મહેશભાઇ શર્માને રૂ.૫૦ હજાર આપી દીધા હતા. તેમ છતાં બાકીના રૂપીયાની માંગણી કરી ધાક ધમકી આપવામાં આવતી હોય આ મામલે ગઇકાલે મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

મહીધરપુરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અડાજણ પાટીયા જૈનબ હોસ્પિટલની ગલીમાં આવેલા રેહાન હાઇટ્સમાં રહેતા અસફાક યુનુસભાઇ લાટીવાલા ઉ.વ.૪૬ મહીધરપુરા ખાંડાકુવા શેરી ખાતે ગત નવેમ્બર ૨૦૨૫માં બની રહેલા બાંધકામ બાબતે અસફાક લાટીવાલાના કોન્ટ્રાક્ટર ઈરફાનને આરોપી સોહેલ સફી શેખ અને મહેશભાઇ શર્મા નામના વ્યક્તિએ પ્રેસ મીડીયાના નામે બાંધકામ ગેરકાયદેસર છે તેને તોડાવી નાંખવાની ધમકી આપી આ બાંધકામ બચાવવુ હોય તો રૂ.૩ લાખ આપવા પડશે તેવી ધાક ધમકી આપવાનું શરૂ કર્યું હતું. ચપ્પુ બતાવી પણ ધમકાવવામાં આવ્યા હોય કોન્ટ્રાક્ટરે રૂ.૫૦ હજાર આપી દીધા હતા. તેમ છતાં વધુ રૂપીયાની માંગણી કરવામાં આવતી હોય આ મામલે ગઇકાલે મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

# પંડોળ રહેમત નગરમાં ગાંજો વેચતા યુવકને ઝડપી પડાયો

## રહેમતનગરની રૂમમાંથી રૂા.૯૫૦૦ની કિંમતનો ગાંજો જપ્ત કરતી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**
વેડરોડ પંડોળ શૌચાલયની પાછળથી ચોકબજાર પોલીસે બાતમીને આધારે ૨૧ વર્ષિય યુવકને ઝડપી પાડ્યો હતો. ફુલવાડી ભરીમાતા ખાતે રીવરવ્યુ એપાર્ટમેન્ટમાં રહેતા યુવક પાસેથી રૂ.૯૫૦૦નો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજો ઉપરાંત મોબાઈલ તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂ.૨૫,૨૨૦ રૂપીયાની મત્તા કબ્જે કરી હતી.

સુરત મહાનગર પાલિકાના શૌચાલયો ચરસ ગાંજાના અડ્ડા બની ગયા હોય તેમ થોડા સમય પહેલા સૈયદપુરા શાક માર્કેટ પાસે પે એન્ડ યુઝ ટોઈલેટના પહેલા માળેથી એક યુવકને એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. દરમિયાન ચોકબજાર પોલીસે પણ ગત મોડી રાત્રે ચોકબજાર વેડરોડ પંડોળ પાસે આવેલા જાહેર શૌચાલયની પાછળ રહેમતનગર પ્લોટ નં.૨૦૭-૧ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી રૂમમાંથી ફરમાન અહમદ ઈસરાર પઠાણ ઉ.વ.૨૧ને ગાંજા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પુછપરછ કરતા તેણે સુધીર સુભાષ રાજભર પણ આ ગાંજાના વેપલામાં સંડોવાયેલો હોવાનું જણાવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

## વર્ષ ૨૦૨૫માં ૧.૫૪ લાખથી વધુ ઇમરજન્સી કેસોમાં ત્વરિત પ્રતિસાદ

# સુરતમાં ૧૦૮ ઇમરજન્સી સેવા અણીના સમયે હજારો દર્દીઓ માટે 'જીવનરેખા' સાબિત થઈ

## માર્ગ અકસ્માત અને અન્ય ઈજાઓના ૩૯,૦૦૦થી વધુ કિસ્સામાં ૧૦૮ની ટીમે 'ગોલ્ડન અવર'માં સારવાર આપી જીવ બચાવ્યા

**સુરત, તા.૨૨**
સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવા આકસ્મિક સંજોગોમાં જરૂરિયાતમંદ નાગરિકો માટે સાચા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ છે. જિલ્લામાં કુલ ૧,૫૪,૦૨૯ ઇમરજન્સી કોલ્સ પર ત્વરિત પ્રતિસાદ આપી ૧૦૮ની ટીમે માનવસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અકસ્માત હોય કે ગંભીર બીમારી, ૧૦૮ની સમયબદ્ધ સેવાની મદદથી અનેક અમૂલ્ય જીવ બચાવવામાં સફળતા મળી છે.

૧૦૮ સેવાના પ્રોગ્રામ મેનેજરશ્રી અભિષેક ઠાકરે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫ દરમિયાન સૌથી વધુ ૨૬,૦૨૨ કેસ પેટના દુખાવાની ફરિયાદ સાથે નોંધાયા હતા તેમજ માર્ગ અકસ્માતના ૧૯,૩૭૩ અને નૉન-વ્હીક્યુલર ટ્રોમાના ૨૦,૧૭૮ એમ ૩૯,૦૦૦ થી વધુ કેસોમાં ૧૦૮ની ટીમે 'ગોલ્ડન અવર'માં સારવાર આપી જીવ બચાવ્યા છે.

ગર્ભાવસ્થા સંબંધિત ૨૧,૨૨૩, અજ્ઞાત સમસ્યાઓના ૨૧,૩૨૧ કેસોમાં સેવા પૂરી પાડવામાં આવી છે. ગંભીર બીમારીઓ જેવી કે શ્વાસની તકલીફના ૧૧,૯૪૧, હૃદયરોગના ૮,૦૭૧, ઉચ્ચ તાવના ૧૧,૧૯૫, ફિટ્સ-આંચકાના ૫,૧૬૨ અને ડાયાબિટીસના ૨,૮૫૭ કેસોમાં દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચાડી સારવાર અપાવવામાં ૧૦૮ સેવાની ઉત્તમ ભૂમિકા રહી હતી.

અન્ય ઈમરજન્સી જેવી કે, ઝેરી અસર/પોઈઝનિંગના ૨,૯૬૭ કેસ અને સ્ટ્રોક/પેરાલિસિસના ૧,૪૫૬ કેસોમાં ૧૦૮ની ટીમે કાર્યક્ષમ કામગીરી કરી છે.

૧૦૮ સેવા દ્વારા માત્ર સામાન્ય માંદગી જ નહીં, પરંતુ માનસિક સમસ્યાઓના ૫૩૭, એલર્જિક રિએક્શનના ૨૧૦, પર્યાવરણ સંબંધિત સમસ્યાઓના ૧૫૪ અને અતિ કુપોષણ (SAM સિવિયર એક્યુટ મલન્યુટ્રિશન)ના ૩૫ કેસોમાં પણ મદદ પહોંચાડવામાં આવી છે. અત્યંત દુર્ગમ સ્થળો (Inaccessible incidents) પર બનેલી ૪૧૮ ઘટનાઓમાં પણ એમ્બ્યુલન્સ સમયસર પહોંચી હતી.

### જીવન બચાવતી ૧૦૮ સેવા અને સમર્પિત સ્ટાફ

શ્રી અભિષેક ઠાકરે જણાવ્યું કે, ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન (EMT), પાયલટ અને કોલ સેન્ટરના કર્મચારીઓ ૨૪ કલાક અવિરત સેવા આપીને લાખો પરિવારોના વ્હારે આવ્યા છે. કોઈપણ દુર્ઘટનાના પ્રથમ કલાક એટલે કે 'ગોલ્ડન અવર' માં મળતી પ્રાથમિક સારવાર વ્યક્તિનો જીવ બચાવવા માટે સૌથી મહત્વની હોય છે, જેમાં ૧૦૮ ની સેવા નિર્ણાયક સાબિત થઈ છે.જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવાની આ કામગીરીને બિરદાવવામાં આવી છે. આગામી સમયમાં ટેકનોલોજી અને સંસાધનોના માધ્યમથી આ સેવાને વધુ સુદ્રઢ અને ઝડપી બનાવવા માટે અમે સુસજ્જ છીએ. નાગરિકોને 'આપત્તિના સમયે '૧૦૮' પર ડાયલ કરો: સમયસર મદદ એ જ જીવન બચાવવાની ખાતરી છે.' એવો સંદેશ આપીને ઈમરજન્સીમાં ૧૦૮ સેવાનો ઉપયોગ કરીએ એમ શ્રી ઠાકરે જણાવ્યું હતું.

### નંબર ૧૧૨ ઉપર તમામ પ્રકારની ઈમરજન્સી મદદ

આપાતકાલીન સેવાઓ માટે રાજ્ય સરકાર દ્વારા ગત સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન અલગ અલગ નંબર ડાયલ કરવામાંથી મુક્તિ આપી ૧૧૨ નંબર જારી કર્યો છે. રાજ્યના નાગરિકોએ પોલીસ માટે ૧૦૦, એમ્બ્યુલન્સ માટે ૧૦૮, ફાયર માટે ૧૦૧, મહિલા હેલ્પલાઇન અભયમ માટે ૧૮૧, ચાઇલ્ડ હેલ્પલાઇન માટે ૧૦૯૮ અને ડિઝાસ્ટર હેલ્પલાઇન માટે ૧૦૭૦/૧૦૭૭ એમ અલગ અલગ ઈમર્જન્સી હેલ્પલાઇન નંબર યાદ રાખવા નહી પડે. આ તમામ ઈમર્જન્સી સેવાના નંબરને બદલે હવે માત્ર એક જ નંબર ૧૧૨ ડાયલ કરવાથી નાગરિકોને તેમની ઈમર્જન્સી મુજબ ત્વરિત મદદ માટેની જરૂરી ટીમ મોકલવાનું કાર્ય ૧૧૨ હેલ્પલાઇનથી થશે. તમામ ઈમરજન્સી સેવાઓના સંકલિત નંબર તરીકે ૧૧૨નું લોન્ચિંગ થયું હતું.



# માઘ મેળામાં શંકરાચાર્ય સાથે દુર્વ્યવહાર સુરતમાં આમ આદમી પાર્ટીનો વિરોધ

## નિલગીરી સર્કલ પાસેથી આપના નેતાઓને પોલીસે બળજબરીપૂર્વક ઉઠાવી ગઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૨**
સુરત આમ આદમી પાર્ટી દ્વારા આજે સવારે નિલગીરી સર્કલ લીંબાયત ખાતે શંકરાચાર્યશ્રી અવિમુક્તેશ્વરાનંદ મહારાજના સમર્થનમાં જોરદાર વિરોધ પ્રદર્શન કર્યુ હતું. વિરોધ પ્રદર્શન પૂર્વે આમ આદમી પાર્ટી દ્વારા જણાવાયું હતું કે, પૂજનીય જગદ્ગુરુ શંકરાચાર્ય મહારાજ એ સનાતન ધર્મનું ગૌરવ છે.

જ્યોતિષપીઠના શંકરાચાર્ય શ્રી અવિમુક્તેશ્વરાનંદ મહારાજ છેલ્લા ઘણા વર્ષોથી ગૌરક્ષાના કાયદા બાબતે અને ગાયમાતાની રક્ષા માટે લડી રહ્યા છે જે ભાજપને આંખોમાં કણાની જેમ ખટકે છે.

પ્રયાગરાજમાં ભાજપે જગદ્ગુરુ શંકરાચાર્ય મહારાજ અને સંતો ઉપર હુમલો કરીને વિશ્વના તમામ હિંદુઓની આસ્થા ઉપર હુમલો કર્યો છે.

આમ આદમી પાર્ટી આ હુમલાનો સખત વિરોધ કરે છે. ભાજપના નેતાઓ જ્યાં સુધી જગદ્ગુરુ શંકરાચાર્ય મહારાજની અને સંતોની માફી નહી માંગે ત્યાં સુધી આ લડાઈ શરૂ રહેશે. વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં સહભાગી થયેલા સુરત શહેર પ્રમુખ ધર્મેશ

અનુસંધાન પાના ૭ પર